
બાળસભા કોર્સ તથા

બાળ સત્સંગ શિક્ષણ પરીક્ષા માટેની પુસ્તક શ્રેણી

# સત્સંગ વિહાર

## ભાગ - ૨



BAPS

# કરું વંદના




અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી    પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ


**શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ**



બ્રહ્મસ્વરૂપ
**શ્રી ભગતજી મહારાજ**



બ્રહ્મસ્વરૂપ
**શ્રી શાસ્ત્રીજી મહારાજ**



બ્રહ્મસ્વરૂપ
**શ્રી યોગીજી મહારાજ**



બ્રહ્મસ્વરૂપ
**શ્રી પ્રમુખસ્વામી મહારાજ**




પ્રગટ બ્રહ્મસ્વરૂપ
**શ્રી મહંતસ્વામી મહારાજ**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સંચાલિત બાળમંડળોના બાળકો માટે
સ્વામિનારાયણીય હિંદુ ધર્મનો પરિચય કરાવતી
બાળસભા કોર્સ (BSC) તથા બાળ સત્સંગ શિક્ષણ પરીક્ષા માટેની પુસ્તકશ્રેણી

# સત્સંગ વિહાર

## ભાગ-૨



**પ્રકાશક**
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

**Satsang Vihar 2 (Gujarati Edition)**
(An Introductory Study Programme of
BAPS Swaminarayan Hinduism for Children)

**Blessing** : His Holiness Pramukh Swami Maharaj

**Inspirer** : His Holiness Mahant Swami Maharaj


**Presented by** : Children's Activities Central Office
BAPS Swaminarayan Sanstha
Shahibaug, Ahmedabad - 380 004, Gujarat, India

**Publishers** : Swaminarayan Aksharpith
Shahibaug, Ahmedabad - 380 004, Gujarat, India

**5th Edition** : October, 2023



**Copyright** : © Swaminarayan Aksharpith
All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.



**ISBN** : 9781-81-7526-444-1

**રજૂકર્તા** : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ - ૪.


**આશીર્વાદ** : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

**પ્રેરક** : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ


**કોપીરાઈટ** : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકનો કોઈ પણ અંશ કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.


**મુખ્ય ચિત્રાંકન** : શ્રી રણજિતસિંહ 'મેધાવી'

**રંગપૂરણી** : શ્રી સંજીવ મિશ્રા


**પાચમી આવૃત્તિ** : ઓક્ટોબર, ૨૦૨૩

**મુદ્રક અને પ્રકાશક :**
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# ભરીએ અક્ષરધામની ઉડાન





અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી   પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ

સત્સંગ વિહાર પુસ્તક શ્રેણી

બી.એ.પી.એસ. સંપ્રદાયના બાળકોમાં સત્સંગના પાયાના સંસ્કાર દૃઢ કરાવતી પુસ્તક શ્રેણી

બાળમિત્રો, પંખીને ઊડતું જોયું છે ? જોઈને થાય કે આપણનેય બે પાંખો મળે તો કેવું સારું ? એય...ને ઊંચે આકાશમાં ઊડવાનું અને રંગબેરંગી દુનિયા જોવાની ! ભાતભાતનું જમવાનું ને કશાનીય ચિંતા નહીં કરવાની !

પણ તમે પૂછશો : ભગવાને આપણને માણસોને પાંખો આપી જ નથી, એનું શું ? જવાબ છે : ભગવાને આપણને સૌનેય બે પાંખો આપી જ છે. તે છે આજ્ઞા અને ઉપાસનારૂપી પાંખો. આ બે પાંખો મજબૂત હોય, તો આપણેય ખૂબ ઊંચી ઉડાન ભરી શકીએ. એક બે દુનિયા જેટલી નહીં, છેક અક્ષરધામ સુધીની.

આપણે એવી ઉડાન ભરીએ એ માટે જ ભગવાને આપણને મનુષ્યનું સુંદર શરીર અને અદ્‌ભુત મન આપ્યાં છે. તથા આટલી આશ્ચર્યકારી દુનિયા બનાવી છે.

બાળમિત્રો, સત્સંગવિહારની આ પુસ્તિકાઓ આજ્ઞા અને ઉપાસનાની પાંખો મજબૂત કરવા માટે જ છે. જો તમે આ પુસ્તિકાઓ મન દઈને વાંચશો, સમજશો અને જીવનમાં ઉતારશો, તો તમે મહારાજ-સ્વામીના પ્યારા આદર્શ ભક્ત બની જશો.

તો તૈયાર છોને, આજ્ઞા અને ઉપાસનાની પાંખો મજબૂત કરી, અક્ષરધામના સુખની ઉડાન ભરવા !

**(નોંધ : દરેક પાઠમાં કી-વર્ડ્ઝ અને કી-સેન્ટેન્સ તથા બોધ બોલ્ડ કરીને છાપવામાં આવ્યાં છે.)**



# અનુક્રમણિકા


મુદ્રક અને પ્રકાશક ................................ ૨

પ્રસ્તાવના ............................................ ૩


## ઉપાસના વિભાગ

### ■ આપણો હિંદુ ધર્મ


૧. અવતારવાદ અને મૂર્તિપૂજા ....................... ૫

૨. કર્મનું ફળ ભોગવવું જ પડે (કર્મસિદ્ધાંત) ....... ૮


### ■ આપણા ભગવાન


૩. કાલિદત્ત મરણને શરણ (કર્તા) .................. ૧૦

૪. કલ્યાણકારી વનવિચરણ ........................ ૧૨

૫. સર્વોપરી સ્વામિનારાયણ (સર્વોપરી-સાકાર) ... ૧૪

૬. ભગવાનનું કર્યું જ થાય (નિયંતા) ............. ૧૬

૭. ભવિષ્યવાણી સાચી પડી (ભવિષ્યવેત્તા) ........ ૧૮

૮. બાળવત્સલ શ્રીહરિ (ભક્તવત્સલ)............. ૨૦

૯. આજ આનંદ મારા ઉરમાં (દુર્લભ પ્રાપ્તિ) ..... ૨૨

૧૦. ભગવાન દિવ્ય છે (દિવ્યભાવ) ................ ૨૪

૧૧. ભગવાન જેવા સંત (પ્રગટ) .................... ૨૬


### ■ આપણી ગુરુપરંપરા


૧૨. અક્ષર ઓળખાવે પુરુષોત્તમ ................... ૨૮

૧૩. સાધનાથી સાક્ષાત્કાર (ભગતજી મહારાજ) ... ૩૦

૧૪. શાસ્ત્રીજી મહારાજ : જીવન અને કાર્ય ....... ૩૨

૧૫. યોગીજી મહારાજનું બાળપણ ................. ૩૪

૧૬. ગુરુમાં જોડાણ (ગુરુભક્તિ) .................. ૩૬

૧૭. ચૈતન્ય મંદિરોનું નિર્માણ (કાર્ય) ............... ૩૮


### ■ આપણા ગુરુહરિ


૧૮. ઠાકોરજીની સંભાળ (પરાભક્તિ) ............ ૪૦

૧૯. ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ (સ્વરૂપ) .................૪૨


### ■ આપણું તત્ત્વજ્ઞાન - આપણો સિદ્ધાંત


૨૦. આપણે કોણ ? ................................ ૪૪


## આજ્ઞા વિભાગ

### ■ આપણા નિયમ ધર્મ


૨૧. એક જ આશરો (કંઠી) ........................ ૪૬

૨૨. પૂજા વિના પાણી હરામ (પૂજા-તિલક) ........ ૪૮

૨૩. દર્શન કરવાની કળા (આરતી-થાળ-દર્શન) ..૫૦

૨૪. સબ દર્દો કી એક દવા (કથા-સભા) .......... ૫૩

૨૫. એકાદશીનું તપ (એકાદશી) ................... ૫૬

૨૬. જેવું અન્ન તેવું મન (આહારશુદ્ધિ) ........... ૫૮

૨૭. રાજીપાનો ભંડાર (પંચવ્રત) .................... ૬૦

૨૮. સાંજે સવાર પડી ! (નિત્યવાંચન) ...... ૬૨

૨૯. જે આપે છે તે પામે છે (દાન-ધર્માદો) ......... ૬૪


### ■ આપણા સંતો-ભક્તો


૩૦. આજ્ઞાપાલક પરમહંસો (ગુણ) ................ ૬૬

૩૧. ભક્તો હો તો આવા (સમર્પણ-દિવ્યભાવ) ... ૬૮

૩૨. સત્સંગ છોડવો જ નહિ (દૃઢતા) .............. ૭૦

૩૩. આખો સત્સંગ એક પરિવાર (સંપ-પક્ષ) ..... ૭૨

૩૪. પ્રહ્લાદની ભક્તિ (બાળભક્તો) ............... ૭૪


### ■ આપણા ધર્મગ્રંથો


૩૫. પૃથ્વી પરનું અમૃત : વચનામૃત ............... ૭૬


### ■ આપણી સેવા


૩૬. અક્ષરપુરુષોત્તમના સંદેશવાહક (સત્સંગ પ્રસાર) ........ ૭૮


### ■ અન્ય


૩૭-૩૮. મુખપાઠ ....................................... ૮૦

૩૯. જાણવા જેવું ....................................... ૮૨

૪૦. BAPS સંસ્થા : એક અજોડ સંસ્થા............ ૮૫


# ૧. અવતારવાદ અને મૂર્તિપૂજા

**હિંદુ** એટલે કોણ ? વેદોમાં વર્ણવાયેલું છે - આત્મા અને પરમાત્માનું જ્ઞાન. તેની સાથે જોડાયેલી છે **૪ માન્યતાઓ : (૧) કર્મસિદ્ધાંત (૨) પુનર્જન્મ (૩) અવતારવાદ અને (૪) મૂર્તિપૂજા**. આ ૪ માન્યતા સ્વીકારે તેને હિંદુ કહેવાય. આ પાઠમાં આપણે અવતારવાદ અને મૂર્તિપૂજા વિશે જાણીએ.

■ **અવતારવાદ**

એક હતો **રાજા**. તેને એક **પ્રધાન**. બંને વચ્ચે પાક્કી મિત્રતા. એકવાર તેઓમાં ચર્ચા થઈ. રાજા કહે, '**ભગવાન પૃથ્વી પર શા માટે આવે છે ?** ઉપર બેઠાં-બેઠાં જ બધું કેમ ન કરી શકે ? એમને નીચે આવવું પડે, તો તેઓ અસમર્થ કહેવાય. જોને, હું ક્યાં બધે જાઉં છું. સેવકો દ્વારા, **દૂતો** દ્વારા જ કામ પતાઉં છુંને!' પ્રધાન કહે, 'માફ કરશો મહારાજ, આ તો ભગવાનની **દયા** છે. **અસમર્થપણું નહીં**.'

બંને પોતપોતાની રીતે ખૂબ દલીલો કરતા રહ્યા. કોઈ કોઈને નમે નહિ. ચર્ચા ઉગ્ર બની ત્યારે પ્રધાન



કહે, 'સારું ત્યારે ! આ વાત અહીં અટકાવીએ. સમય આવ્યે હું તમને સમજાવીશ.'

થોડા દિવસો વીત્યા. એકવાર સૌ **નદીમાં વિહાર** કરવા નીકળ્યા. રાજા અને પ્રધાન હોડીમાં આગળ બેઠા. રાણી અને નાનો રાજકુમાર પડદા પાછળ બેઠાં. આહ્લાદક વાતાવરણ હતું. સૌ કુદરતને માણી રહ્યાં હતાં. પરંતુ અચાનક જ **પ્રધાન ઊભો થયો. અને રાજકુમારને** ઊંચકીને **નદીમાં ફેંકી દીધો !**

**રાજા** ખૂબ જ **ગુસ્સે** ભરાયો. પણ ગુસ્સો દબાવી તે પહેલાં ધુબામ્ કરતાંક નદીમાં કૂદી પડ્યો. ને પુત્રને બચાવી લીધો. પણ જોયું તો આ પોતાનો પુત્ર નહીં, **મીણનું પૂતળું** હતું ! બિલકુલ રાજકુમાર જેવું જ લાગે. આ જાણીને તો રાજાનો



ગુસ્સો આસમાને ચઢ્યો.

નાવમાં ચઢીને રાજા પ્રધાન પર તાડૂક્યો, 'મૂર્ખ ! મારી સાથે આવી મજાક !' પ્રધાન રાજાના પગ પકડી ઠંડા દિલે કહે, 'માફ કરો મહારાજ, આ મજાક નથી તમારા પ્રશ્નનો જવાબ છે. પહેલાં એ કહો કે રાજકુમાર નદીમાં પડ્યા, ત્યારે તમે પોતે કેમ નદીમાં ઝંપલાવ્યું ? મને કે સેવકોને કેમ ન કહ્યું ?'

'પુત્ર મારો છે. એ મુશ્કેલીમાં હોય અને હું બેસી રહું ?' રાજાએ તરત જ કહ્યું. ત્યારે પ્રધાન કહે, 'હુંય એ જ કહું છું. **ભગવાન ભક્તોને પોતાના માને છે. ભક્તો સંસાર સાગરમાં ડૂબતા હોય,** દુઃખી થતા હોય, તો શું તેઓ જોઈ શકે ? માટે **પોતે જ પૃથ્વી પર પધારે છે.** મનુષ્ય જેવા બની અનેક લીલા કરે છે. ભક્તોને સુખ આપે છે. ધર્મનું સ્થાપન કરે છે. અધર્મનો નાશ કરે છે. ને સૌનું કલ્યાણ કરે છે. માટે કહું છું. - ભગવાન અસમર્થ નહીં, દયાળુ છે. ભક્તવત્સલ છે.'

રાજાને બધું જ સમજાઈ ગયું. એ પછી તેમણે ક્યારેય એવો પ્રશ્ન પૂછ્યો નહીં.

કારિયાણીના પાંચમા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે : 'પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને **અવતાર** ધર્યાનું પ્રયોજન છે. અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે. ને ધર્મનું સ્થાપન પણ કરે છે.'

આ સિદ્ધાંતને અવતારવાદ કહેવામાં આવે છે. તેના જ દૃષ્ટાંતરૂપે **શ્રીરામ, શ્રીકૃષ્ણ, નૃસિંહ વગેરે અવતારો** પૃથ્વી પર પ્રગટ્યા હતા. સર્વાવતારી **શ્રીજી મહારાજ** પણ પૃથ્વી પર પધાર્યા હતા. આ રીતે હિંદુઓ અવતારોને માને છે અને પૂજે છે.

**આ વાત સ્વીકારે તેને હિંદુ કહેવાય.**

■ **મૂર્તિપૂજા**

એકવાર **યોગીજી મહારાજ ભાવનગર** પધાર્યા હતા. પ્રભુદાસ નામના હરિભક્તે જમવાનું આમંત્રણ આપ્યું હતું.

રસોઈ તૈયાર થઈ. **થાળ**નો સમય આવ્યો. **૧૦ લાડુ**, દાળ, ભાત, શાક, ભજિયાં વગેરેનો થાળ ભગવાનને ધરાવવામાં આવ્યો. સાથે પાણીના બે કટોરા પણ મુકાયા. કેટલાક ભક્તોએ યોગીજી મહારાજને કહ્યું, 'સ્વામી ! આજે મહારાજ અને સ્વામી સાક્ષાત્ આપના હાથનો થાળ જમે, તેમ પ્રાર્થના કરો.' યોગીજી મહારાજ હસીને કહે, 'સારું. મહારાજને પ્રાર્થના કરીએ.'

પડદા બંધ થયા. આવજો છોગલાંધારી... જમો થાળ જીવન... જમોને જમાડું... યોગીજી મહારાજ ગદ્ગદભાવે ૩ થાળ બોલ્યા. અડધો કલાક વીતી ગયો.

... પણ જ્યારે પડદો ખૂલ્યો, ત્યારે સૌની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. થાળમાં **પાંચ લાડુ જ વધ્યા હતા !** દાળ, ભાત, શાક અને ભજિયાં પણ ઓછાં થયાં હતાં ! ને પાણીના બે કટોરા તો સાવ જ ખાલી થઈ ગયા હતા !

**ભગવાન અને સંત મૂર્તિમાં રહે જ છે.** ભક્તોના દરેક ભાવ સ્વીકારે જ છે. પણ આજે સૌને એ વાતનો વિશ્વાસ બેઠો.

ગઢડા પ્રથમના ૬૮મા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે : 'ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'

**ખુશાલ ભટ્ટ** (ગોપાળાનંદ સ્વામી) સાથે **શામળાજીની મૂર્તિ રમવા આવતી**. ગઢડામાં **લાલજી જીવુબાનો દૂધનો કટોરો પી ગયા** હતા. આવાં તો અનેક દૃષ્ટાંતો **મૂર્તિપૂજા**ના સિદ્ધાંતની સાક્ષી પૂરે છે.

**આ વાત સ્વીકારે તેને હિંદુ કહેવાય.**

# ૨. કર્મનું ફળ ભોગવવું જ પડે


**મહાભારત**નો આ પ્રસંગ છે. **ધૃતરાષ્ટ્ર** રાજાને **૧૦૦ પુત્રો** હતા. દુર્યોધન અને દુ:શાસન તેમાં મુખ્ય હતા. સત્તાના લોભને લીધે તેમણે પાંડવો સાથે યુદ્ધ કર્યું. પાંડવો સાથે ભગવાન શ્રીકૃષ્ણ હતા. તેથી પાંડવોની જીત થઈ. અને **બધા જ** કૌરવો **મૃત્યુ** પામ્યા.

પોતાના બધા જ પુત્રોના મૃત્યુથી ધૃતરાષ્ટ્ર ખૂબ જ વિલાપ કરવા લાગ્યા. તેમનીય સ્થિતિ મરવા જેવી થઈ ગઈ. સૌ તેમને આશ્વાસન આપતા હતા. પણ તેમનું **દુ:ખ** ઘટતું જ ન હતું.

એવામાં એકવાર શ્રીકૃષ્ણ ભગવાન તેમને મળવા ગયા. ધૃતરાષ્ટ્રે પૂછ્યું, 'પ્રભુ ! આ શું થઈ ગયું ? મારા ૧૦૦ પુત્રો સામટા કેમ મરી ગયા ?' **શ્રીકૃષ્ણ ભગવાન કહે**, '**પચાસેક જન્મ પહેલાંનાં પાપોનું** આ **ફળ** છે.'

ધૃતરાષ્ટ્ર કહે, 'પણ ક્યું પાપ ને શેનું ફળ ?'

પછી શ્રીકૃષ્ણ ભગવાને તેમને ભૂતકાળ જોવાની **દિવ્ય દૃષ્ટિ** આપી. તેનાથી તેઓ પાછલાં જન્મોમાં જવા લાગ્યા. પચાસેક જન્મ પહેલાંનું ચિત્ર તેમની નજર સામે ખડું થયું. તેમણે જોયું કે તેઓ **પારધી** હતા. એકવાર શિકાર કરવા નીકળ્યા હતા. એક **ઝાડ** પર ઘણાં **પક્ષીઓ** બેઠાં હતાં. તેમણે ઝાડ **પર જાળ** નાંખી. પછી નીચે અગ્નિ પ્રગટાવ્યો. તેથી ઘણાં પક્ષીઓ ઊડી ગયાં અને **ઘણાં આંધળાં** થયાં, પણ **૧૦૦ નાનાં પક્ષીઓ બળીને ખાખ** થઈ ગયાં ! આવું ભયંકર દૃશ્ય જોતાં જ ધૃતરાષ્ટ્ર ધ્રૂજી ઊઠ્યા.





શ્રીકૃષ્ણ ભગવાને તેમને સમજાવ્યું, 'કર્મની ગતિ ન્યારી છે. પચાસેક જન્મ પહેલાં તમે પાપ કર્યું હતું. અમુક જન્મોનાં પુણ્યે તમે રાજા તો થયા, પરંતુ એ ૧૦૦ બચ્ચાં તમારા પુત્ર થયાં અને તમને દુ:ખ આપી **વેર** લીધું. વળી, જે પંખી અંધ થયાં હતાં, તેના ફળરૂપે તમે અંધ થયા.'

ધૃતરાષ્ટ્ર જ નહીં, સાંભળનાર બધા જ લોકોને **કર્મનો સિદ્ધાંત** સમજાઈ ગયો. કે **જેવું વાવીએ તેવું લણીએ અને જેવું કરીએ તેવું પામીએ.**

■ **કર્મોના પ્રકાર અને તેની સ્પષ્ટતા**

૩ પ્રકારનાં કર્મો છે : (૧) **સંચિત** કર્મ (૨) **ક્રિયમાણ** કર્મ અને (૩) **પ્રારબ્ધ** કર્મ. આ ૩ પ્રકારનાં કર્મો સમજવાં સાવ સરળ છે.

ઉપર આપેલ **અનાજ ભરવાની કોઠી** જુઓ. તેમાં કોઠીના દાણા = માનવોનાં કર્મો. **ઉપરથી નાખવામાં આવતા દાણા = ક્રિયમાણ કર્મ. અંદર રહેલા દાણા = સંચિત કર્મો અને નીચે સાણામાંથી નીકળતા દાણા = પ્રારબ્ધ કર્મ.**

કોઠીમાં ઉપરથી કેવા દાણા નાખવા એ જેમ માણસના હાથમાં છે, તેમ **ક્રિયમાણ કર્મ** - સારું કે ખરાબ કેવું કરવું ? એ **માણસના હાથમાં** છે. નીચેથી નીકળતા દાણા અનેક જન્મોનાં સંચિત થયેલાં માણસોનાં કર્મોનું જ ફળ (**પ્રારબ્ધ**) છે. તે જેવું નીકળે, તેવું **ભોગવવું જ પડે** છે.

સારું જીવન જીવનાર માણસોને પૂર્વ જન્મનાં ફળને લીધે જ તો દુ:ખ આવે છે. કર્મનું ફળ આપનાર ભગવાન છે. ભગવાન અને ગુણાતીત સંતને પ્રારબ્ધ હોતું નથી. પણ તેઓ ઈચ્છે તો બીજાનું પ્રારબ્ધ બદલી શકે છે.

**આ વાત સ્વીકારે તેને હિંદુ કહેવાય.**

# ૩. કાલિદત્ત મરણને શરણ

**ઘનશ્યામ પ્રભુ**નાં માતાનું નામ ભક્તિમાતા. પિતાનું નામ ધર્મદેવ. છપૈયા ગામમાં તેમનો જન્મ. એકવાર ધર્મદેવ અને ભક્તિમાતા કામમાં વ્યસ્ત હતાં. **બાળમિત્રો** દોડતાં-દોડતાં ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યા. ઘનશ્યામને નારાયણ સરોવર લઈ ગયા. પછી સૌ સરોવરથી પૂર્વ દિશામાં આવેલી **આંબાવાડીમાં રમવા** લાગ્યા.

**આંબલી-પીપળી**ની રમત જામી હતી. સૌ બાળકો જ્યારે દૂર ગયા, ત્યારે **કાલિદત્ત** નામનો **રાક્ષસ** ત્યાં આવ્યો. તેણે ઘનશ્યામને મારવા હાથ લાંબો કર્યો. પણ ઘનશ્યામ પ્રભુની દૃષ્ટિથી તે બળવા લાગ્યો. એથી તે ખૂબ જ ગુસ્સે ભરાયો. તેણે પોતાની **મેલી (જાદૂઈ) વિદ્યા** અજમાવી. ભયંકર **વાવાઝોડું** ફૂંકાયું ! વરસાદ વરસવા લાગ્યો ! ચારેબાજુ **અંધારું** છવાઈ ગયું ! **ઠંડી** અને **વરસાદ**થી સૌ બાળકો ધ્રૂજવા લાગ્યા ને



ચીસો પાડવા લાગ્યા.

વાતાવરણ ભયાનક હતું, પણ ઘનશ્યામ પ્રભુ તો ખૂબ જ શાંત હતા. બૂમો પાડતો કાલિદત્ત પ્રભુ પાસે આવ્યો. પણ આ શું ?! ક્યારેક ઘનશ્યામ ઝાડ નીચે બેઠેલા દેખાય, તો ક્યારેક ઝાડ પર ચઢેલા ! તે ગાંડા જેવો થઈ ગયો. તેણે પોતાનું **શરીર** બહુ જ **મોટું** કર્યું. ને **ઝાડ પર પડતું** મૂક્યું. કડડડ... ભૂસ કરતી કેટલીય **ડાળીઓ ભાંગી** પડી.

નક્કી ઘનશ્યામ કચડાઈ ગયા હશે, એમ માની કાલિદત્ત **અટ્ટહાસ્ય** કરવા લાગ્યો. પણ તેણે ડાળીઓ ઊંચી કરી જોયું, તો ઘનશ્યામ હસતાં-રમતાં બેઠા હતા. **ડાળી** તો **જાણે તેમનું છત્ર બની ગઈ** હતી !

આ જોઈ કાલિદત્તના ગુસ્સાનો પાર ન રહ્યો. પણ ભગવાનને કોઈ કાંઈ કરી શકે ?! બાળપ્રભુએ **કાલિદત્ત સામે કરડી દૃષ્ટિ** કરી. તે અચાનક જ ખેંચાવા લાગ્યો. **પોતે ઊભા કરેલા વાવાઝોડામાં જ ફસાવા લાગ્યો.** ને છેવટે વૃક્ષો સાથે અથડાઈ-અથડાઈને **મરી ગયો.**

બાળપ્રભુ ઘનશ્યામે વાવાઝોડું અને વરસાદ શાંત કર્યાં. થોડીવારમાં અજવાળું થયું. ધર્મદેવ, ભક્તિમાતા અને સૌ બાળકો ઘનશ્યામ પાસે દોડી આવ્યાં. ભક્તિમાતાએ પ્રભુને છાતીસરસા ચાંપી દીધા. સૌ આનંદ સાથે ઘરે પાછા ગયાં.

**આવા હતા બાળપ્રભુ ઘનશ્યામ !**
**મહા શક્તિમાન. સર્વ કર્તાહર્તા.**



# ૪. કલ્યાણકારી વનવિચરણ

સને ૧૭૯૨ (સંવત્ ૧૮૪૯). અષાઢ સુદ ૧૦ (દશમ). **અયોધ્યા નગરીમાં** મુશળધાર વરસાદ વરસતો હતો. **સવારે ૪** વાગ્યા હતા. આખું નગર સૂતું હતું. જાગતા હતા એક નાનકડા બાળક **ઘનશ્યામ પ્રભુ**.

આજે તેઓ કોઈક વિશિષ્ટ પગલું ભરવાના હતા. માતા-પિતાને તો તેમણે દિવ્યગતિ આપી જ હતી. હવે અન્ય પરિવારજનોને પણ તેમણે છેલ્લા પ્રણામ કર્યા. ને શરૂ થઈ એક **કલ્યાણ યાત્રા.**



**ગૃહત્યાગ**ની સાથે તેમણે વર્ણીવેશ ધાર્યો. હવે તેઓ **નીલકંઠવર્ણી** કહેવાયા. માથે જટા. કપાળમાં ચાંદલો. ગળામાં બાળમુકુંદનો બટવો. એક હાથમાં કમંડળ અને જલગરણું. બીજા હાથમાં તુલસીની માળા. બગલમાં પલાશ દંડ. હૈયામાં સૌનું કલ્યાણ કરવાની ભાવના. **ખુલ્લા પગે,** કોઈ પણ **નકશા વિના, એકલા** આ યોગી નીકળી પડ્યા.

**<u>૧. નીડરતા</u>**

એકાંત હોય, અંધારું હોય, ભયાનક પ્રાણીઓ હોય, પણ નીલકંઠ નિર્ભયતાથી ચાલ્યા જાય. તેઓ વચનામૃતમાં પોતાની જ વાત યાદ કરતાં કહે છે :

'જ્યારે અમે ઘર મૂકીને નીસર્યા ત્યારે અમને વનમાં જ રહેવું ગમતું. અને **બીક** તો લેશમાત્ર **લાગતી જ નહિ.** અને મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઈત્યાદિક **અનંત જનાવર** દીઠામાં આવ્યાં, પણ (અમે) મહાવનને વિષે **સદા નિર્ભય** રહેતા.' (વચનામૃત : ગઢડા મધ્ય - ૫૫)

**<u>૨. તપ</u>**

**પુલહાશ્રમમાં એક પગે** ઊભા રહી વર્ણીએ **૪ મહિના** કઠોર **તપ** કર્યું. ચારે તરફ બરફ. હાડ થિજાવે તેવી ભયંકર ઠંડી. છતાં વર્ણી અડગ રહે. તેમણે

BAPS

અનેક વ્રતો કર્યાં. **ઉપવાસ** તો સહજ સહજમાં કરી નાંખતા.

**૩. ત્યાગ**

અનેક સંતો-મહંતોએ કહ્યું, 'અમારા મંદિરમાં રહો. તમને **મહંત** બનાવીએ.' અનેક રાજા-મહારાજાઓએ કહ્યું, 'અમારા રાજ્યમાં રહો. તમને **રાજા** બનાવીએ. અમારી **પુત્રીઓ** સાથે પરણાવીએ.' પણ ના. નીલકંઠવર્ણીએ બધાંનો **ત્યાગ** કરી દીધો.

**૪. કલ્યાણ**

**સંતો** અને **મહંતો**, **તપસ્વીઓ** અને સંન્યાસીઓ, **રાજા** અને મહારાજાઓ, ભૂતો અને **પશુ-પંખીઓ**... પોતાના યોગમાં આવનાર **દરેકનું** નીલકંઠ વર્ણીએ **કલ્યાણ** કર્યું. અરે ! અનેકનું કલ્યાણ કરવા અને **આખા ભારતને તીર્થત્વ** આપવા જ તો તેઓ ઘરેથી નીકળ્યા હતા.

■ **સમાપન**

● **૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ** સુધી આ વનવિચરણ ચાલ્યું હતું.

● **૪ દેશો** (નેપાળ, ચીન, તિબેટ, ભારત), ભારતનાં **૧૨ રાજ્યો** અને સેંકડો ગામોને વર્ણીએ તીર્થત્વ આપ્યું.

● **૧૨,૦૦૦ કિલોમીટરની** આ **યાત્રા** સને ૧૭૯૯ (સંવત્ ૧૮૫૬) શ્રાવણ વદ ૬ (છઠ)ના દિવસે **લોજમાં પૂરી** થઈ.

કારણ ? વર્ણી બધે જ એક **પ્રશ્ન** પૂછતા હતા: જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ... આ **પાંચ અનાદિ તત્ત્વો** વિશે કહો. કોઈ આ પ્રશ્નનો યથાર્થ ઉત્તર આપી ન શક્યા. લોજ ગામે રામાનંદ સ્વામીના આશ્રમમાં **મુક્તાનંદ સ્વામીએ** કાંઈક સંતોષકારક **જવાબ** આપ્યો. વર્ણીને અહીં ધર્મ પણ દેખાયો. અને તેમનું વિચરણ પૂરું થયું.

**આવા હતા નીલકંઠવર્ણી ! નીડર, તપસ્વી, ત્યાગી અને સૌનું કલ્યાણ કરનાર.**



# ૫. સર્વોપરી સ્વામિનારાયણ

**શીતળદાસ** નામના એક મુમુક્ષુ. મધ્ય ભારતના ઝરણાપરણા ગામના નિવાસી. તેઓ **ભગવાનને શોધવા** નીકળ્યા હતા. રામાનંદ સ્વામીનું નામ સાંભળી તેઓ છેક ગુજરાત આવ્યા. **લોજ** ગામે પહોંચ્યા ત્યાં સમાચાર મળ્યા કે **રામાનંદ સ્વામી અંતર્ધાન** થયા છે. તેઓ નિરાશ થઈ ગયા અને દુ:ખી થઈ પોતાના ગામે જવા લાગ્યા.

કોઈએ એમને કહ્યું, 'રામાનંદ સ્વામીની જગ્યાએ **હાલ સહજાનંદ સ્વામી** છે. ખૂબ પ્રતાપી છે.' શીતળદાસને બહુ વિશ્વાસ તો ન આવ્યો, પરંતુ તેઓ **ફણેણી ગામે સભામાં** પહોંચ્યા. **શ્રીજી મહારાજનાં દર્શન** કર્યાં. **ચાર આંખ ભેગી** થઈ અને તેમને **સમાધિ** થઈ ગઈ.

તેમને **અક્ષરધામ** દેખાયું. **અહીં અનંત મુક્તો, રામાનંદ સ્વામી** વગેરે બધાનાં દર્શન



થયાં. સૌ **શ્રીજી મહારાજની સ્તુતિ** કરતા હતા. સમાધિમાં જ તેમણે શ્રીજી મહારાજની **પૂજા** કરી. પછી **અનંત મુક્તોની પૂજા કરવાની** પણ તેમને **ઇચ્છા** થઈ.

આ ઇચ્છા શ્રીજી મહારાજ જાણી ગયા. અને બોલ્યા, 'આ બધા **મુક્તો** અને રામાનંદ સ્વામી પુરુષોત્તમ (**સર્વોપરી** ભગવાન) હોય, તો મારાં અનંત સ્વરૂપ થાઓ... એમ **સંકલ્પ** કરો.'

શીતળદાસે સંકલ્પ કર્યો, પણ તેમનાં **અનંત રૂપો ન થયાં.** પછી શ્રીજી મહારાજે કહ્યું, 'હવે અમે **(શ્રીજી મહારાજ) સર્વોપરી** હોય, તો મારાં અનંત રૂપો થાઓ... એમ **સંકલ્પ** કરો.'

શીતળદાસે જેવો આ સંકલ્પ કર્યો, કે તેમનાં **અનંત સ્વરૂપો થઈ ગયાં**. પછી તેમણે બધા જ મુક્તોની ભાવથી પૂજા પણ કરી.

થોડીવાર પછી શીતળદાસ સમાધિમાંથી જાગ્રત થયા. તેમને શ્રીજી મહારાજનો **નિશ્ચય** થઈ ગયો હતો. પછી તો તેઓ સૌને પોતાના સમાધિના અનુભવની વાતો કરવા લાગ્યા. કહેવા લાગ્યા કે, 'શ્રીજી મહારાજ સર્વાવતારી સર્વોપરી ભગવાન છે.'

■ **સમાધિ પ્રકરણ**


સમાધિ એટલે તો **અષ્ટાંગ યોગનું છેલ્લું પગથિયું**. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન અને ધારણા સિદ્ધ થાય, તો સમાધિ થાય.

પરંતુ શ્રીજી મહારાજે એ સમયે **ઐશ્વર્ય છૂટું મૂક્યું** હતું. તેમની ચાખડીના ચટકે, હાથના લટકે, આંખના મટકે, અરે તેમનું નામ માત્ર બોલવાથી **સમાધિ** થઈ જતી. અહીં પૃથ્વી પર ભક્તનું શરીર લાકડા જેવું થઈ જાય. મારો તોય કાંઈ ન થાય. ને તેનો **જીવ અક્ષરધામમાં** ભગવાન પાસે પહોંચી ગયો હોય.

ત્યાં ભક્તોને અનંત મુક્તો **શ્રીજી મહારાજની ભક્તિ** કરતા હોય તેવા દર્શન થતાં. સમાધિનો આટલી સરળતાથી કોઈને અનુભવ હજુ સુધી થયો નહોતો.

તેથી જ તો આપણે કહીએ છીએ કે શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન છે.

**આવા હતા શ્રીજી મહારાજ ! સર્વાવતારી, સદા દિવ્ય, સાકાર સર્વોપરી ભગવાન.**



# ૬. ભગવાનનું કર્યું જ થાય

ચરોતરમાં **સીંજીવાડા** નામનું ગામ છે. ત્યાંના **જગરૂપ બારોટ** દૃઢ સત્સંગી હતા. તેમના ઘરે **પુત્રનો જન્મ** થયો હતો. તેથી શ્રીજી મહારાજને તેમણે પોતાના ઘરે તેડાવ્યા.



શ્રીજી મહારાજ આવ્યા ત્યારે પુત્ર ખાટલી પર સૂતો હતો. પણ તેના **હાથ અને પગ દેખાતા ન હતા !** અને શરીર પર માખો ઊડતી હતી. આવું જોઈ **શ્રીજી મહારાજને દયા** આવી. તેઓ કહે, 'અરે ! આ માખો કેમ ઊડે છે?' જગરૂપ બારોટનાં પત્ની કહે, 'તમે ખોડ-ખાંપણવાળો દીકરો સેવા કરવા આપ્યો છેને એટલે?'

શ્રીજી મહારાજ કહે, 'એમ?!' બાઈ કહે, 'હાસ્તો, તમે જ તો ભગવાન છો. તમારા વિના જગતમાં બીજું કોણ આપનાર છે !'

આવું સાંભળી શ્રીજી મહારાજ હસ્યા. તરત જ ખાટલી પાસે ગયા. પુત્રને પોતાના ખોળામાં લીધો. પહેલાં **બે હાથ** અને પછી **બે પગ ખેંચીને બહાર કાઢ્યા.** બાળક હસતો-રમતો-ખિલખિલાટ કરતો થઈ ગયો. સૌ ખૂબ રાજી થઈ ગયા. શ્રીજી મહારાજે બાળકને જગરૂપભાઈને સોંપ્યો ને કહે, 'લ્યો, આ અમારો આપેલો દીકરો. આનું **નામ પ્રભુદાસ** પાડજો.' પછી તો પ્રભુદાસ મોટા થઈ સારા સત્સંગી થયા.

■■■

**ગઢડા**માં સભા ભરાઈ હતી. સંતો-ભક્તો બેઠા હતા. ભક્તોમાં કાંઈક ચર્ચા ચાલતી હતી. શ્રીજી મહારાજ કહે, 'શું ગુસપુસ કરો છો ?' **સુરાખાચર** કહે, 'મહારાજ ! ચોમાસું વીતતું જાય છે, પણ **વરસાદ પડતો નથી.** હવે જો મોડું થયું તો મોલ નહીં પાકે ને...' શ્રીજી મહારાજ ભક્તોની મૂંઝવણ પારખી ગયા ને કહે, 'કેટલો વરસાદ થાય તો મોલ (અનાજ) પાકે ?' એક ભક્ત કહે, 'તળાવો ભરાય એટલો વરસાદ તો પડવો જ જોઈએ.'

આવું સાંભળી શ્રીજી મહારાજે સભામાં ચારેબાજુ દૃષ્ટિ ફેરવી. **મેથાણ ગામના પૂજાજી બાપુ** પણ સભામાં બેઠા હતા. **શ્રીજી મહારાજ બોલ્યા**, 'આ **પૂજાજી બાપુ કહે તો જરૂર વરસાદ થાય.** બસ... અમારા આશીર્વાદ છે.' આ વાત સાંભળીને તો બધા કાઠીઓને ઉમળકો આવ્યો.

સૌ પૂજાજીને કહેવા લાગ્યા, 'વરસાદ પડે - તેમ બોલો પૂજાજી... જલદી...' પણ **પૂજાજી** કાંઈ જ બોલી ન શકે ! **ઘણો પ્રયત્ન કરે.** જીભ હલે અને મોં ખૂલે, પણ **અવાજ ન નીકળે !**


હવે તો કાઠીઓ પૂજાજીને હલબલાવી કહેવા લાગ્યા, 'બોલો પૂજાજી... નહિતર તમારી ખેર નથી...' કોઈ કહે, 'તું મૂંગો છે કે શું ? તને કાળો નાગ કરડે... બોલ...' કોઈ કહે, 'એ પૂજાજી, વરસાદ નહીં પડે તો ફાંદામાં(પેટમાં) શું ભરીશું ? બધાય મરી જઈશું. માટે બોલ...'

આ બધું જોઈને શ્રીજી મહારાજ ખૂબ હસ્યા, પણ પૂજાજી બોલી જ ન શક્યા. આમ ને આમ **સભા પૂરી** થઈ ગઈ. શ્રીજી મહારાજે પણ વિદાય લીધી. કાઠી ભક્તો જ્યારે પૂજાજીને પૂછવા લાગ્યા, ત્યારે પૂજાજીએ કહ્યું, 'ભાઈ! મારે તો બોલવું જ હતું. **મેં તો ઘણુંયે બોલવાનું કર્યું, પણ બોલાયું જ નહીં.**'

પછી તો ભક્તોનું દુઃખ ટાળવા શ્રીજી મહારાજે વરસાદ વરસાવ્યો.

**આવા હતા શ્રીજી મહારાજ !**

**સર્વના નિયંતા (નિયમન કરનાર). તેઓ જે ધારે તે કરી શકે. સજીવ-નિર્જીવ સૌ પર તેમનો કાબૂ. તેમની ઇચ્છા વિના કોઈ પાંદડુંય ન હલાવી શકે.**




# ૭. ભવિષ્યવાણી સાચી પડી

**બોચાસણમાં** એક રામજી મંદિર છે. વનવિચરણ કરતાં-કરતાં **નીલકંઠ વર્ણી** ત્યાં પધાર્યા. એમના ચમત્કારિક સ્વરૂપની વાત કાનદાસે સાંભળી. તેમણે પુત્ર કાશીદાસને કહ્યું, 'વર્ણીને બોલાવી આવો.' આમંત્રણ સ્વીકારી વર્ણી કાશીદાસના ઘરે આવ્યા.

**કાશીદાસનાં માતા**નું નામ **નાનીબા** હતું. વર્ણીને જોતાં તેઓ ભાન જ ભૂલી ગયાં. એમનો ભાવ જોઈ વર્ણી કહે, 'માઁ, હમારે વાસ્તે લાડુ લાઓ.' નાનીબા **લાડુ લેવા** ગયાં, પરંતુ હજુ ઠાકોરજીને નૈવેદ્ય બાકી હતા. આથી નાનીબા મૂંઝાયાં. વર્ણી કહે, 'લાડુ નહિ, તો **દૂધ ઔર ભાત** લાઓ.'

હવે નાનીબા વધુ મૂંઝાયાં કારણ કે અત્યારે દૂધ ક્યાંથી કાઢવું ! પણ ત્યારે જ **ભેંસ સામેથી આવી.** નાનીબાએ દૂધ દોહ્યું ને વર્ણીને પ્રેમથી **દૂધ-ભાત જમાડ્યાં.** ને કહે, 'બ્રહ્મચારી ! કાલેય અહીં આવજો. લાડુ જમાડવાનું રહી ગયું છે.' વર્ણી હસીને કહે, 'માઁ, કાલે નહીં, **ભવિષ્યમાં અમે અહીં વારંવાર આવીશું.** તમારે ત્યાં જ ઘર કરીને રહીશું. આ ગામ અમને બહુ જ ગમે છે.' નાનીબા કહે, 'તો આ મારો કાશીદાસ તમને તેડવા આવશે.' વર્ણીએ કાશીદાસનું કાંડું પકડ્યું ને કહે, 'આ તો અમારા જ છે. ભવિષ્યમાં અમારી બહુ સેવા કરશે.'

આમ કહી, **વર્ણી** ત્યાંના **રામજી મંદિરે** પધાર્યા. ત્યાં આરતી ઉતારી. **મહંતજીને** કહે, **'આ મૂર્તિઓ ભવિષ્યમાં અહીં થનારા ભવ્ય મંદિરમાં બિરાજશે.'**



સૌ ગ્રામજનો વર્ણી પાછળ દીવાના થયા હતા. કોઈ કહે, ‘વર્ણી ! અહીં જ રહી જાવને !’ આવું સાંભળી મહંતજીને ચિંતા થઈ. તેઓ ભડક્યા, ‘યે લડકા અહીં રહીને શું કરશે ? જરૂર નથી.’ હસતાં-હસતાં વર્ણી કહે, ‘અરે ! અમે કાંઈ આવી નાની જગ્યામાં રહીએ એવા નથી. અમારે માટે તો **ભવિષ્યમાં અહીં મોટું ધામ થશે.’**

બીજા દિવસે સમાચાર મળ્યા કે વર્ણી ચાલી નીકળ્યા છે. નાનીબા પાછળ દોડ્યાં. એમની પાછળ કાશીદાસ પણ નીકળ્યા. નાનીબા ખૂબ દુઃખી થઈ ગયાં. પરંતુ ત્યાં જ ભવિષ્યવાણી થઈ, ‘માઁ, હું બોચાસણ આવીશ ને સ્થિર થઈને રહીશ.’

શ્રીજી મહારાજની આ **ભવિષ્યવાણી ૧૦૮ વર્ષ પછી સાચી** થઈ. કે જ્યારે શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં ભવ્ય મંદિર બાંધ્યું. (હાલ **રામજી મંદિરની મૂર્તિઓ રંગમંડપમાં** દર્શન આપે છે.)


▪▪▪

**શ્રીજી મહારાજ સારંગપુર** હતા. એક દિવસે **રોઝા ઘોડા પર સવાર** થઈ **ઉતાવળી** અને **ફલગુ નદીની વચ્ચેના પટમાં** આવ્યા. પેગડામાં રાખેલો પગ દબાવી શ્રીજી મહારાજે **ઘોડાને કૂંડાળે** નાખ્યો. પાંચવાર કૂંડાળે ફર્યા. એવી તો ઘોડસવારી થઈ કે ઘોડો અને શ્રીજી મહારાજ, બંને **પરસેવે રેબઝેબ** થઈ ગયાં.

**જીવાખાચરે પૂછ્યું**, ‘મહારાજ ! આ તમે **શું ચરિત્ર કર્યું ?’** શ્રીજી મહારાજ કહે, ‘અમે અહીં **મોટા મંદિરનું ખાત** કર્યું. જેટલી જમીનમાં અમે ઘોડો ફેરવ્યો છે, ત્યાં આજથી ૧૦૦ વર્ષ પછી મોટું મંદિર થશે. અમે **અમારા ધામ સહિત અહીં બિરાજીશું.**’

ત્યારે કોઈનેય સમજાયું ન હતું, પણ શ્રીજી મહારાજની એ ભવિષ્યવાણી સાચી ઠરી. શાસ્ત્રીજી મહારાજે એ જ સ્થાને ૩ માળનું અક્ષરપુરુષોત્તમનું ભવ્ય મંદિર બાંધ્યું.


**આવા હતા શ્રીજી મહારાજ ! તેઓ જે બોલે તે સત્ય જ થાય. એમની ભવિષ્યવાણી ક્યારેય ખોટી ન પડે.**



BAPS

# ૮. બાળવત્સલ શ્રીહરિ

**જૂનાગઢ**માં શ્રીજી મહારાજની **શોભાયાત્રા** નીકળી હતી. આખું શહેર હિલોળે ચઢ્યું હતું. ઝીણાભાઈ દરબારે વ્યવસ્થામાં કાંઈ કમી રાખી ન હતી. રથ, ગાડાં, હાથી, ઘોડા, સંગીત, નૃત્ય, સંતો, ભક્તો ... **સર્વત્ર**



**જય જયકાર** થતો હતો. **શ્રીજી મહારાજ હાથી ઉપર** શોભતા હતા. તેમનાં **દર્શન કરવા આખું શહેર** ઊમટ્યું હતું. સૌના મુખમાં એક જ ઉદ્‌ગાર હતો, 'અ હો હો ! શા શણગાર છે ! શું મૂર્તિ છે !'

હવે **સવારી દીવાન ચોકમાં** આવી. ત્યાં નવાબનો મહેલ હતો. નીચે ખૂણામાં એક **બાળક** ઊભો હતો. **ગામડાનો** ભોળો ભક્ત. હાથમાં કૂણી **કૂણી કાકડી**. જીવની જેમ જતન કરીને તેણે કાકડી ઉગાડી હતી. તેને થયું, 'અહો ! મારી કાકડી શ્રીજી મહારાજ જમે તો કેવું સારું ?' અંતર્યામીથી કાંઈ અજાણ્યું હોય! **શ્રીજી મહારાજે** આંખથી તેને **ઇશારો** કર્યો. તે નજીક આવ્યો. શ્રીજી મહારાજે હાથ હલાવી કાકડીનો ઘા કરવા સૂચવ્યું.

બાળકે **કાકડી ફેંકી**. એક... બે... અને ત્રણ... શ્રીજી મહારાજે અદ્‌ભુત અદાથી ત્રણેય કાકડીઓ ઝીલી લીધી. ચોકમાં ઊભેલા બધા જ આ દૃશ્ય માણી રહ્યા હતા. હવે બાળકે ઈશારો કર્યો કે જમી જાઓ. અને **શ્રીજી મહારાજ ચાલુ સવારીએ કાકડી જમવા લાગ્યા !**

બંને હાથમાં ૧-૧ કાકડી. નહિ કોઈ શંકા કે નહિ કોઈની શરમ. બસ **બાળકનો ભાવ** ભગવાન આરોગી રહ્યા હતા. કોઈ શું કહેશે ? તેની શ્રીજી મહારાજને ચિંતા ન હતી. આ જોઈ બાળકનો આનંદ તો સમાતો જ ન હતો. તે નાચવા-કૂદવા લાગ્યો.

બધાને આ દૃશ્ય ગમ્યું, પણ **મંગળજી દીવાન**ને નહિ. ઉપર ઝરૂખામાં તે **નવાબ હમીદખાન** સાથે ઊભો હતો. **દીવાન** શ્રીજી મહારાજનો વિરોધી હતો. તેથી નવાબને **કાન ભંભેરણી** કરતાં કહે, 'જુઓ આ છે સ્વામિનારાયણ ! ચાલુ સવારીએ કાકડી ખાય છે. છે કોઈની શરમ ? **છે થોડોય વિવેક** ? આમને તો **માણસ જેવા પણ ન કહેવાય**. બરાબરને !'

ત્યારે **નવાબ** કહે, 'સાચી વાત છે. આને માણસ ન કહેવાય. **આ તો ખુદા છે. ખુદા કો કિસકા અદબ (પરવા)** ! ખુદા વિના હાથીની સવારીએ કોઈ કાકડી ન ખાઈ શકે !'

મંગળજી દીવાન ભોંઠો પડી ગયો. શ્રીજી મહારાજે નવાબને આંખથી આશીર્વાદ આપ્યા. **શ્રીજી મહારાજની મૂર્તિ નવાબના અંતરમાં વસી** ગઈ. તેમનો **અંતકાળ** આવ્યો ત્યારે તેમને **શ્રીજી મહારાજ સાંભર્યા**. શ્રીજી મહારાજે તેમને દર્શન દીધાં અને **શાંતિ** પમાડી.

**આવા હતા શ્રીજી મહારાજ !**

**ભક્ત હોય, નાનો હોય, ગામડાનો હોય, કોઈ સામાન્ય ચીજ લાવ્યો હોય, વળી ચાલુ સવારીએ જમવાનું કહે, તોય તેનો ભાવ પૂરો કરે ! ખરેખર, ભગવાન તો ભાવના ભૂખ્યા છે. ભક્તવત્સલ છે.**




MEGHAVi

# ૯. આજ આનંદ મારા ઉરમાં...

'અરે! આટલા બધા કંતાન ક્યાંથી આવ્યા છે?!' દેવજીએ આશ્ચર્યથી પૂછ્યું. ત્યાં તો મોહનભાઈ કહે, 'આ બધા કંતાન શ્રીજી મહારાજે મંગાવ્યા છે. પણ શા માટે મંગાવ્યા છે, એ તો કોઈ જાણતું નથી.'

એક પછી એક **કંતાનના ઢગલા** થવા લાગ્યા. દરેક હરિભક્તો અને સંતોના મનમાં આશ્ચર્ય વધતું ગયું.

'આટલા બધા કંતાન મંડપ બાંધવા મંગાવ્યા હશે?' રાવજીએ કહ્યું.

'પણ હમણાં તો કોઈ ઉત્સવ પણ આવતો નથી. કદાચ અનાજ ભરવા માટે મંગાવ્યા હશે?!' શામજીએ ટાપશી પૂરી.

આ સાંભળી જોરાવર બાપુ કહે, 'એ તો હવે શ્રીજી મહારાજ આવે ત્યારે જ ખબર પડે.'

હજુ તો બધા આવી ચર્ચાઓ કરતા હતા, ત્યાં જ શ્રીજી મહારાજ આવી પહોંચ્યા. મહારાજે તમામ પરમહંસોને પાસે બોલાવ્યા અને કહ્યું, 'આજે તો તમને સૌને **એક નિયમ** આપવો છે.' પરમહંસો તો મહારાજની આજ્ઞા પાળવા તત્પર હતા.

શ્રીજી મહારાજે પરમહંસોને આજ્ઞા કરી કે, **'દરેક પરમહંસોએ આજથી આ ટાટ (કંતાન) પહેરવું. સૌને માત્ર ત્રણ હાથ લંબાઈનું જ કંતાન મળશે.'**

પરમહંસોએ તરત જ આજ્ઞા માથે ચડાવી દીધી. એક પછી એક દરેક પરમહંસ શ્રીજી મહારાજ પાસે આવવા લાગ્યા અને ત્રણ હાથ કંતાન લેવા માંડ્યા.

આ જ ક્રમમાં **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીનો વારો** આવ્યો. તેઓ મહારાજ પાસે આવ્યા. નિયમ મુજબ મહારાજે તેમને ત્રણ હાથ કંતાન આપ્યું. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ **વિનંતી** કરી, 'મહારાજ! મારું શરીર સ્થૂળ (જાડું) છે. આટલું કંતાન નહીં ચાલે. **થોડું વધારે આપો.**'

'**નિયમમાં ફેરફાર નહીં** થાય.' મહારાજે તો દૃઢ સ્વરમાં કહી દીધું. આ સાંભળી બ્રહ્માનંદ સ્વામી કહે, 'પરંતુ આટલા કંતાનથી જો એક બાજુ શરીર ઢાંકવા જાઉં તો બીજી બાજુ શરીર ઉઘાડું રહેશે.'

ત્યારે મહારાજ કહે, 'તો **તમારું શરીર ઘટાડો.** ઉપવાસ કરો.'

બ્રહ્માનંદ સ્વામી કહે, 'મહારાજ! એમ એકદમ શરીર કેમ ઘટે?' એમ કહેતાં બ્રહ્માનંદ સ્વામી ઉપર, નીચે એમ **ચારેય બાજુ જોવા લાગ્યા.**

મહારાજે પૂછ્યું, 'શું જુઓ છો?'

ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, **'એક નખ જેટલી પૃથ્વીમાં પણ તમારા વિના બીજો ભગવાન મને દેખાતો નથી. આવી પ્રાપ્તિ બીજે ક્યાંય નથી. માટે અહીં રહ્યા વગર છૂટકો નથી.'**

બ્રહ્માનંદ સ્વામીની આવી નિષ્ઠા જોઈ શ્રીજી મહારાજ અત્યંત રાજી થયા. તરત જ તેમને મોટા માપનું કંતાન પહેરવા માટે આપ્યું.

બાળમિત્રો, શ્રીજી મહારાજના પરમહંસોની નિષ્ઠા આવી દૃઢ હતી. **સર્વોપરી, સર્વાવતારી ભગવાન મળ્યા હોવાથી તેઓ સૌ સદાય આનંદમાં જ રહેતા.** સૌ પોતાને મહાભાગ્યશાળી માનતા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ આથી જ લખ્યું કે,


'આજ આનંદ મારા ઉરમાં, મળી મને મહામોંઘી વાત રે,

કોટી કષ્ટ કરે હરિ નવ મળે, તે તો મને મળિયા સાક્ષાત રે...'

# ૧૦. ભગવાન દિવ્ય છે

**લોયા** ગામનો **શાકોત્સવ** સંપ્રદાયમાં ખૂબ જ પ્રચલિત છે. **સુરાખાચરના દરબારમાં** ૪૦ ચૂલાઓ ગળાયા હતા. માથે મોટાં-મોટાં તપેલાં મુકાયાં હતાં. ઘી, મસાલા ભરેલાં રીંગણાં, દહીંમાં મસળેલો લોટ, હળદર, મીઠું, મરચું બધું જ તૈયાર હતું.

ટૂંકી પોતડી પહેરી **શ્રીજી મહારાજ** પધાર્યા. શાકનો **વઘાર** કર્યો. ચૂલાના તાપને લીધે **પરસેવો** નીતરતો હતો. **હળદર અને મરચાંવાળા હાથ** શ્રીજી મહારાજ **પોતડી પર** જ **લૂછતા** હતા. અને તવેથો લઈ **શાક હલાવતા** હતા.



બરાબર એ જ સમયે ૧૫૦ હરિભક્તોનો **સંઘ આવ્યો.** તેમાં **બુવાના કાનદાસ** અને **બોચાસણના કાશીદાસ** પણ હતા. કાશીદાસ તો શ્રીજી મહારાજની દિવ્ય મૂર્તિનાં **દર્શન** કરતાં દંડવત્ કરવા લાગ્યા, પણ કાનદાસને કાંઈક અજુગતું લાગ્યું. તેમણે કાશીદાસને પૂછ્યું, 'મોટા ! કોને દંડવત્ કરો છો ? 'કાશીદાસ કહે,' શ્રીજી મહારાજને વળી.' પણ **કાનદાસ** કહે, **'આ દેખાય છે એ ભગવાન છે ?** આ પરસેવો... આ હળદર-મરચાંવાળી પોતડી... આ તો **રસોઈ બનાવતો રસોઈયો છે.'** આટલું કહી કાનદાસ તરત જ ત્યાંથી બહાર નીકળી ગયા.

પણ આ દૃશ્ય **શ્રીજી મહારાજની નજરમાં** આવી ગયું. તેઓ **મુક્તાનંદ સ્વામીને** જોરથી કહે, 'સ્વામી ! કોઈ મનુષ્ય **ગંગાજીને કાંઠે આવે** ને **તરસ્યો જાય** તે કેવો કહેવાય ?' સ્વામી કહે, 'મહારાજ ! એ તો **મૂર્ખ** જ **કહેવાય** !' કાનદાસે આ શબ્દો સાંભળ્યા. કોણ આવું બોલ્યું હશે ? એ જાણવા તેમણે પાછળ જોયું. અને તેમને શ્રીજી મહારાજનું **દિવ્ય સ્વરૂપ** દેખાયું. દિવ્યતા અને પ્રકાશ તેઓ જીરવી ન શક્યા, ને **સમાધિ**માં સરી પડ્યા.

BAPS

થોડી વારે તેઓ જાગ્યા. મુક્તાનંદ સ્વામી અને કાશીદાસ પાસે બેઠા હતા. સમાધિમાં અક્ષરધામમાં જે દિવ્ય મૂર્તિનાં દર્શન કર્યાં હતાં, તે જ તેમની સામે બિરાજમાન હતી. કાનદાસના **આનંદ**નો પાર ન રહ્યો. મુક્તાનંદ સ્વામી કહે, 'કાનદાસ ! **ભગવાન** જ્યારે **પૃથ્વી પર** પ્રગટે, ત્યારે **મનુષ્ય જેવા જ દેખાય**. પોતાની **દિવ્યતા છુપાવી જ રાખે**, પણ જે ભક્ત હોય તે ભગવાનને ઓળખી લે. માટે **ભગવાનના સ્વરૂપમાં ક્યારેય મનુષ્ય ભાવ ન લાવવો.'**

પછી તો શ્રીજી મહારાજે **કાનદાસને** પોતાની પાસે બેસાડ્યા અને પ્રસાદી આપી. ભગવાને બનાવેલાં ભરેલાં રીંગણાંના સ્વાદ સાથે મૂર્તિ પણ તેમના હૃદયમાં ઊતરી ગઈ. હવે તેમને **પાક્કો નિશ્ચય** થઈ ગયો.

**આવા હતા શ્રીજી મહારાજ !**

**મનુષ્ય જેવા જ જણાય, પણ દિવ્ય. ભગવાન અને ગુણાતીત સંતની દરેક મનુષ્ય લીલામાં પણ દિવ્યભાવ રહે, તે મોટામાં મોટી સાધના.**

શ્રીજી મહારાજ પંચાળાના ચોથા વચનામૃતમાં સમજાવે છે કે 'જેમ મનુષ્યમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, સ્નેહ, સુખ, દુઃખ, ભય, નિર્ભય, ભૂખ, તરસ, નિદ્રા, પક્ષપાત... ઈત્યાદિક સ્વભાવ (હોય) છે; તેમ તેવા જ એ સર્વે સ્વભાવ મનુષ્ય દેહને ભગવાન ધારે ત્યારે તેમાં જણાય છે. પણ જે બુદ્ધિવાન હોય તેને દિવ્યતા દેખાય છે.'



# ૧૧. ભગવાન જેવા સંત

**ગઢડામાં સભા** ભરાઈ હતી. તેમાં શ્રીજી મહારાજે **ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરના મહંત બનાવ્યા**. પોતાનાં વસ્ત્રો આપ્યાં, માથે પાઘ મૂકી અને ખૂબ આશીર્વાદ આપ્યા.

આ સભામાં **પિપલાણાના કુરજી દવે** પણ બેઠા હતા. શ્રીજી મહારાજ કહે, 'કુરજી દવે ! તમને યાદ છે ? **રામાનંદ સ્વામી** એકવાર **પિપલાણા** પધાર્યા હતા. એ **સંદેશો** લઈ તમે લોજ આવ્યા હતા. **મુક્તાનંદ સ્વામીએ** રાજી થઈ તમને **રૂમાલ ભેટમાં** આપ્યો હતો. તે વખતે **અમે કહેલું** : 'અમારી પાસે હમણાં તો કાંઈ નથી. પણ જાઓ, અમે તમને અમારું **અક્ષરધામ બક્ષિસ (ભેટમાં) આપીશું.'** એ વાત યાદ આવે છે ?'

કુરજી દવે કહે, 'હા મહારાજ !'

તેઓ તો રાજી રાજી થઈ ગયા કે શ્રીજી મહારાજ હમણાં મને કાંઈક આપશે. ત્યારે શ્રીજી મહારાજ હસવા લાગ્યા ને બોલ્યા, 'લ્યો, આ **ગુણાતીતાનંદ સ્વામી**. એ **અમારું અક્ષરધામ** છે. તે તમને બક્ષિસ આપીએ છીએ. સોરઠ પ્રદેશના ભક્તોને અમે અમારું સુખ જોઈએ તેવું આપી શક્યા નથી. તેથી આ સાધુ કે જે



અમારું સર્વસ્વ છે, અમારું અક્ષરધામ છે, તે અમે **કૃષ્ણાર્પણ** કરીએ છીએ.'

આવાં દિવ્યભાવનાં વચનો સાંભળી સૌને ખૂબ જ આશ્ચર્ય થયું. અંતે શ્રીજી મહારાજે વર આપ્યો કે, 'જે **જૂનાગઢ** આવી, ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિ સાચવી **સેવા-સત્સંગ** કરશે, તેની **કરોડ જન્મની કસર** હશે, તે અમે **આ જન્મે જ ટાળી નાખીશું.**'


■ ■ ■

જોતજોતાંમાં **જૂનાગઢનું મંદિર** ચણાઈ ગયું. અને ધામધૂમથી **પ્રતિષ્ઠા** થઈ. આ પ્રસંગે **નવાબ ગજેફર ખાન** પણ દર્શને આવ્યા. શ્રીજી મહારાજને વંદન કરીને કહે, 'મહારાજ ! મંદિરની **જમીનનો લેખ** કરતી વખતે આપે મને **વચન આપેલું** કે તમે **અખંડ** અહીં **રહેશો.** તે હવે આપ બીજે જશો નહિ.'

ત્યારે શ્રીજી મહારાજ કહે, **'અમે રહીએ કે અમ જેવા રાખીએ ?'**

'ખુદા જૈસા તો એક ખુદા હી હૈ.' નવાબે બે હાથ જોડી કહ્યું.

ત્યારે શ્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામી સામું જોયું. અને નવાબને કહે, **'આ સાધુ (ગુણાતીતાનંદ સ્વામી) અમારા જેવા જ છે.** અમારા જેવું જ કામ કરે તેવા સમર્થ છે. અમારા સ્થાને તેમને અહીં મહંત તરીકે રાખીએ છીએ !' નવાબ રાજી થયા ને બોલ્યા, 'તબ તો બહુત અચ્છા.'



કાંઈ સમજ્યા બાળમિત્રો !

**શ્રીજી મહારાજ સૂચવે છે કે જેટલું સામર્થ્ય શ્રીજી મહારાજનું છે, તેટલું જ સામર્થ્ય ગુણાતીત સંતનું છે. જે કાર્ય ભગવાનથી થઈ શકે, તે જ કાર્ય ગુણાતીત ગુરુ પરંપરા દ્વારા પણ થઈ શકે. હાલ તેવા ગુણાતીત સંત મહંતસ્વામી મહારાજ છે.**


BAPS

# ૧૨. અક્ષર ઓળખાવે પુરુષોત્તમ

'શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન છે.' એ વાત આપણને કોણ સમજાવી શકે ? જેઓ તેમને યથાર્થ ઓળખતા હોય તે. બરાબર ?!

એવા કોણ છે ? એવા છે ગુણાતીતાનંદ સ્વામી. તેમનું મુખ્ય કાર્ય એ જ હતું કે સૌને શ્રીજી મહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવવો.

ચાલો, એક પ્રસંગથી આ વાત સમજીએ.




## ■ પરમહંસોને નિશ્ચય કરાવ્યો

**આત્માનંદ સ્વામી** નામના એક મહાન સદ્‌ગુરુ પરમહંસ હતા. તેઓ રામાનંદ સ્વામીને મળેલા હતા. ખૂબ જ જ્ઞાની અને આજ્ઞાપાલક. લોકો તેમને 'ભાઈ આત્માનંદ સ્વામી' કહેતા. છેલ્લી અવસ્થામાં તેઓ વાગડ નજીક **અણિયાળી** ગામે રહેતા હતા. તમને આશ્ચર્ય થશે, પણ તેમની **ઉંમર ૧૧૬ વર્ષની** થઈ હતી. તેમને બીજીવાર દાંત ફૂટ્યા હતા ! છતાં તેમનું શરીર પડતું ન હતું. તેમના મનમાં પ્રશ્ન રહેતો કે, 'મારામાં **શું ખામી હશે કે શ્રીજી મહારાજ** મને **અક્ષરધામમાં લઈ જતા નથી !'**

એવામાં ગુણાતીતાનંદ સ્વામી તેમને મળવા આવ્યા. ભાઈ આત્માનંદ સ્વામી બહુ રાજી થયા. પોતાની **મૂંઝવણ** તેમણે **ગુણાતીતાનંદ સ્વામીને રજૂ** કરી. **સ્વામી કહે**, 'જુઓ, તમારા **વર્તનમાં** તો કોઈ જ **કસર નથી,** પણ **સમજણમાં કસર** રહી જતી હશે.'

એમ કહી ગુણાતીતાનંદ સ્વામીએ **શ્રીજી મહારાજ**ના **સર્વોપરી**પણાની અદ્‌ભુત વાતો કરી. તથા બ્રહ્મરૂપ થયા વિના પરબ્રહ્મની ભક્તિનો અધિકાર મળતો નથી - એવી **ઉપાસના** સંબંધિત વાતો પણ કરી. **વચનામૃતના આધારે** થતી **વાતો** સાંભળી ભાઈ આત્માનંદ સ્વામીને લાગ્યું કે 'આ ઉપાસના દૃઢ કરાવવા માટે જ શ્રીજી મહારાજે મારું શરીર રાખ્યું છે. આ ગુણાતીતાનંદ સ્વામી ન મળ્યા હોત, તો બીજો જન્મ લેવો પડત.'



ગુણાતીતાનંદ સ્વામીના સત્સંગથી ભાઈ આત્માનંદ સ્વામીને શ્રીજી મહારાજના સ્વરૂપનો **દૃઢ નિશ્ચય** થઈ ગયો. વળી તેમને સ્વામીનો મહિમા પણ સમજાયો. ને થોડા જ દિવસમાં તેમનો **અક્ષરધામમાં નિવાસ** થયો.

**આવા હતા ગુણાતીતાનંદ સ્વામી !**

**અનેક પરમહંસો અને હરિભક્તોને તેમણે શ્રીજી મહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો હતો. એમણે અનેક જીવોને બ્રહ્મરૂપ કરી અક્ષરધામના અધિકારી કર્યા હતા.**

## ■ ઉપાસનાનો સાર

અક્ષરપુરુષોત્તમ ઉપાસના એટલે શું ? બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવી તે.

પણ બ્રહ્મરૂપ ક્યારે થવાય ? જ્યારે બ્રહ્મનો સંગ થાય ત્યારે. (વચનામૃત : ગઢડા મધ્ય - ૩૧) અને બ્રહ્મરૂપ થવાય ત્યારે જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર મળે છે. (વચનામૃત : લોયા - ૭)

**ટૂંકમાં ગુણાતીત ગુરુપરંપરાનો સત્સંગ થાય, ત્યારે જ બ્રહ્મરૂપ થવાય અને પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવાય.**

આજે એવા પ્રગટ અક્ષરબ્રહ્મ ગુણાતીત સંત મહંતસ્વામી મહારાજ આપણને મળ્યા છે, એ આપણાં ભાગ્ય છે. એમનો મન, કર્મ અને વચને સત્સંગ કરીશું, તો આપણું અક્ષરધામ પાક્કું.

# ૧૩. સાધનાથી સાક્ષાત્કાર

**સાધના** કરવામાં **ભગતજી મહારાજ**નું નામ પહેલું આવે. **સાડા ત્રણ વર્ષમાં** જ તેમણે ગુણાતીતાનંદ **સ્વામીને રાજી** કરી લીધા. તેઓ આપણા માટે **આદર્શરૂપ** છે.

■ **સ્વામી માટે દેહ કુરબાન**

**જૂનાગઢ મંદિર**માં **નવી હવેલી** બંધાતી હતી. **હવેલીના પાયા** ખોદાઈ ગયા હતા. હવે **ચૂનો** બનાવવાનું કામ આવ્યું. પરંતુ એ માટે કોણ તૈયાર થાય ? સૌને **આંખે આંધળા થઈ જવાની** અને **હાથ-પગ ફાટવાની બીક** હતી.

**ગુણાતીતાનંદ સ્વામી**ની **આજ્ઞા** અને મરજી જોઈને **પ્રાગજી ભક્ત** (ભગતજી મહારાજ) **તૈયાર** થયા. તેઓ ચૂનાના કોથળા ઊંચકીને લાવે. હવાડામાં ચૂનો ને પાણી ભેગાં કરે. પગથી ચૂનાને કચરે. આમ, હોંશે હોંશે સેવા કરતા જાય.

**કોઈ કહે**, ‘પ્રાગજી ! ચૂનો તો ગરમ પદાર્થ કહેવાય. તું આમ સેવા કરીશ, તો **ચૂનાની ગરમીથી આંધળો થઈશ**.’ ત્યારે પ્રાગજી ભક્ત જવાબ આપતા, ‘ગુણાતીતાનંદ **સ્વામી માટે મારો દેહ કુરબાન** છે. મારે તો એમને **રાજી કરવા છે.**’

■ **સેવા એ જ જીવન**

**સંતોનું મૂંડન** કરવાનું હોય કે **એંઠવાડ** ઉપાડવાનો હોય, **૩૦૦ આંબાને** એક દિવસમાં ૪-૪ દેગડા **પાણી** પાવાનું હોય કે **ચંદની** સીવવાની હોય... ભગતજી મહારાજે **કોઈ સેવામાં ના ન પાડી**.



કોઈ ફરિયાદ નહીં. કોઈ તર્ક નહીં, કોઈ છટકબારી નહીં. **ભજન કરતાં-કરતાં** બસ સેવા જ કર્યા કરવાની. **૨૩ કલાક સેવા**. ફક્ત ૧ કલાક જ ઊંઘવાનું. ૨ દિવસ **નિર્જળા ઉપવાસ** અને ત્રીજે દિવસે ૧ વાર જ જમવાનું. એમનું જીવન એટલે કેવળ સાધના.

આખી દુનિયામાં આવી સાધના કરનાર શોધ્યા ન મળે. આવી સાધનાથી ગુણાતીતાનંદ **સ્વામી અંતરથી રાજી** થઈ ગયા. અને ભગતજી મહારાજને શ્રીજી મહારાજનો **સાક્ષાત્કાર** કરાવ્યો.

■ **ગુણાતીત ઊઠો**

એક વખત **ગુણાતીતાનંદ સ્વામી**એ **બાલમુકુંદદાસ સ્વામી**ને


કહ્યું, 'ભગતજીને બોલાવી લાવો.'

ભગતજી મહારાજ સૂતા હતા. બાલમુકુંદદાસ સ્વામીએ ૨-૩ વાર સાદ કર્યો, '**ભગતજી ! ઊઠો** ! સ્વામી બોલાવે છે.' પણ તેઓ **ઊઠ્યા નહિ**. તેથી બાલમુકુંદદાસ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી ! મેં નામ દઈ બહુ જગાડ્યા, પણ પ્રાગજી ભક્ત ઊઠ્યા નહિ.'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી હસીને કહે, 'પાછા જાઓ અને કહેજો - **ગુણાતીત ઊઠો**.' બાલમુકુંદદાસ સ્વામી ફરી પ્રાગજી ભક્ત પાસે ગયા અને સાદ કર્યો, 'ગુણાતીત ઊઠો.' ને ભગતજી મહારાજ તરત જ **ઊઠી ગયા**. આ વાત જાણી ગુણાતીતાનંદ સ્વામી કહે, '**પ્રાગજી** તો મરી ગયો. એ તો **ગુણાતીત થઈ ગયો છે**.'

**આવા હતા ભગતજી મહારાજ !**

**તેમણે સેવાનો, તપનો, આજ્ઞાપાલનનો, દિવ્યભાવનો, અખંડ ભજનનો આપણી સામે આદર્શ મૂક્યો છે. આપણે પણ આ બધી સાધના કરીએ, તો બ્રહ્મરૂપ થઈ જઈએ. ગુણાતીત થઈ જઈએ.**




# ૧૪. શાસ્ત્રીજી મહારાજ : જીવન અને કાર્ય

**મહુવા** ગામમાં એક **શેઠ** રહેતા હતા. નામ તેમનું **નરસિંહદાસ**. તેમણે સુંદર મંદિર બાંધ્યું હતું. તેઓ મંદિરમાં મૂર્તિ પધરાવી **પ્રાણ પ્રતિષ્ઠા** કરી શકે, તેવા મહાન **સંતની શોધમાં** હતા.


કોઈએ તેમને શાસ્ત્રીજી મહારાજનું નામ સૂચવ્યું. શેઠને પ્રતીતિ આવતાં તેઓ **સારંગપુર** પહોંચ્યા. પરંતુ અહીં પરિસ્થિતિ કાંઈક જુદી જ હતી. **શાસ્ત્રીજી મહારાજ**ને ભયંકર **માંદગી** હતી. ૨-૩ દિવસ થઈ ગયા, પરંતુ શેઠ કાંઈ કહી શક્યા નહિ.

એવામાં એક હરિભક્ત દ્વારા શાસ્ત્રીજી મહારાજને **જાણ** થઈ કે નરસિંહદાસ શેઠ મંદિરના કામ માટે આવ્યા છે. તરત જ સ્વામીએ શેઠને બોલાવ્યા ને કહ્યું, 'મંદિર કરવા માટે તેડવા આવ્યા છો ? ચાલો આવું.' શેઠ તો રાજી-રાજી થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ પણ **પથારીમાંથી**



**એકદમ બેઠા** થઈ, **કેફ**માં આવી બોલવા લાગ્યા, **'મારો જન્મ તો મંદિર કરવા માટે જ થયો છે.'**

ચાલો, મંદિર બનાવી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ફેલાવવા જન્મેલા શાસ્ત્રીજી મહારાજનાં જીવન અને કાર્ય વિશે માહિતી મેળવીએ.



- **બાળપણનું નામ :** ડુંગર ભગત
- **જન્મ :** સંવત્ ૧૯૨૧, મહા સુદ ૫ (વસંત પંચમી), તા. ૩૧-૧-૧૮૬૫.
- **જન્મસ્થળ :** મહેળાવ (આણંદ, ગુજરાત)
- **માતાનું નામ :** હેતબા
- **પિતાનું નામ :** ધોરીભાઈ

■ **જીવનક્રમ**

સને ૧૮૬૫ : જન્મ

સને ૧૮૮૧ : ગૃહત્યાગ (ઉંમર : ૧૭ વર્ષ)

સને ૧૮૮૨ : વરતાલમાં ભાગવતી દીક્ષા, નામ : **સાધુ યજ્ઞપુરુષદાસ** (દીક્ષા આપનાર : આચાર્ય વિહારીલાલજી મહારાજ)

સને ૧૮૮૨ : ભગતજી મહારાજના યોગમાં

સને ૧૯૦૫ : વરતાલથી મહાપ્રસ્થાન

**સને ૧૯૦૭** : બોચાસણમાં પ્રથમ મંદિર બાંધ્યું. **(BAPS સંસ્થાની સ્થાપના)**

સને ૧૯૧૧ : યોગીજી મહારાજ સાથે મિલન

સને ૧૯૫૦ : પ્રમુખસ્વામી મહારાજને સંસ્થાના પ્રમુખ બનાવ્યા.

સને ૧૯૫૧ : ૮૬ વર્ષે ધામગમન (સારંગપુર)

■ **કાર્ય**

૧. સનાતન વૈદિક અક્ષરપુરુષોત્તમ **ઉપાસના મૂર્તિમાન** કરી.

૨. BAPS **સંસ્થાની સ્થાપના**.

૩. **૫** શિખરબદ્ધ **મંદિરો** બાંધ્યાં :(૧) બોચાસણ, (૨) સારંગપુર, (૩) ગોંડલ, (૪) અટલાદરા અને (૫) ગઢડા.

૪. **૫૦** થી વધુ **સંતો**.

૫. ઉપાસના ફેલાવવા અનેક દૈહિક, આર્થિક **કષ્ટો** વેઠ્યાં.

૬. **યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની ભેટ.**

■ **જીવનભાવના અને ઉપદેશ**

૧. આપણે તો અક્ષરપુરુષોત્તમના **બળદિયા** છીએ.

૨. અક્ષરપુરુષોત્તમ માટે જ **મૂંડાવ્યું** છે. તેમના માટે વેચાવું પડે, તોપણ ઓછું છે.

૩. **ઉપાસના પ્રવર્તનમાં** અને મંદિરો કરવામાં જે **સેવા** કરશે, **એક દોકડો** પણ આપશે, તે સર્વેને બ્રહ્મરૂપ કરી શ્રીજી મહારાજ **અક્ષરધામમાં** લઈ જશે.

■ **અભિપ્રાયો**

૧. **'અસ્મિન્ સંપ્રદાયે એકમેવ'** (આ આખા સંપ્રદાયમાં શાસ્ત્રીજી મહારાજ જેવા બીજા કોઈ નથી.)

- રંગાચાર્યજી (મહાન સંસ્કૃત વિદ્વાન્)

૨. 'શાસ્ત્રીજી મહારાજનો **મુઠ્ઠીભર હાડકાંનો દેહ** હતો, પણ તેમાં **ભગવાનની શક્તિ** હતી.'

- પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

BAPS

# ૧૫. યોગીજી મહારાજનું બાળપણ

**યોગીજી મહારાજ**નું **બાળપણ**નું નામ હતું : **ઝીણાભાઈ**. તેઓ ભણવામાં બહુ હોશિયાર હતા. દરેક ધોરણમાં **પહેલો નંબર** જ લાવે. ઈનામ પણ બહુ મેળવે. શિક્ષક જ્યારે **દાખલા** ગણાવે, ત્યારે ઝીણાભાઈ તો ફટાફટ દાખલો ગણી લે. ગણીને તરત જ **પાટી ઊંધી** વાળી દે.

બાજુમાં બેઠેલા **ઠોઠ વિદ્યાર્થીઓ** ઝીણાભાઈને પૂછે, 'જવાબમાં શું આવ્યું ?' પણ તેઓ કાંઈ બોલે જ નહીં. કોઈ વિદ્યાર્થી તો **ધમકી** આપે, 'ઝીણા ! **બતાવ, નહીં તો મારીશ**.'

ત્યારે ઝીણાભાઈ નીડરપણે કહી દે, 'તમે ગણોને ! મારું ખોટું હશે, તો તમારું પણ ખોટું પડશે. ચોરી કરીને બીજાની પાટીમાંથી ન લખાય. **ચોરી કરીએ તો ભગવાનને છેતર્યા કહેવાય**.'

આમ, ઝીણાભાઈ દરેકને ચોરી કર્યા વગર ભણી-ગણીને હોશિયાર થવાનું શીખવતા.

■ ■ ■

નિશાળમાં **રિસેસ** પડે ત્યારે સૌ બાળકો ભાતભાતની રમત રમે, પણ ઝીણા ભગત ઝાડ નીચે બેસી ભજન કરે. **ભગવાનને યાદ** કરે.

કોઈ પૂછે કે, 'ઝીણા ! તને કોઈ છોકરી ગમે છે ?' તો ઝીણાભગત ખૂબ જ દુઃખી થઈ જાય. **શિક્ષકો** કહે, 'ઝીણા ! તું આખો દિવસ ભગવાનને સંભારે છે. વૈરાગ્ય પાળે છે, તો પછી **સાધુ જ થઈ જાને** !'

ત્યારે ઝીણા ભગત કહે, 'મારે તો મોટા થઈ **સાધુ જ થવું છે**.'

■ ■ ■

**ધારી** ગામને **પાદર નદી** કિનારે ઝીણાભગત રોજ જાય. પલાંઠી વાળી **ધ્યાન**માં બેસી જાય. મિત્રો પૂછે, 'ઝીણા, શું કરે છે?' તો ઝીણા ભગત કહે, '**ભગવાનને સંભારું છું**. તમેય મારી સાથે બેસો. હું તમનેય ધ્યાન શિખવાડીશ.'

■ ■ ■



**ધારી મંદિરની સેવા મોહનભાઈ** કરતા હતા. તેઓ ઝીણાભગતના **કાકા** થાય. વૃદ્ધ થવાને લીધે તેઓ **વારંવાર માંદા** પડી જતા. તેમનાથી સેવા બરાબર થતી ન હતી, તેથી તેમણે ઝીણા ભગતને સેવા માટે પૂછ્યું. ઝીણા ભગત તો રાજી રાજી થઈ ગયા. ખૂબ આનંદમાં આવી કહે, 'મોહનકાકા, ચિંતા ન કરશો. **ઠાકોરજીની સેવા હું કરીશ**.'


પછી તો ઝીણા ભગતે મંદિરના ફળિયામાં **ફૂલઝાડ** રોપ્યાં. વંડી પર વેલ ઉગાડી. થોડા દિવસમાં તો મંદિર ફૂલોની સુગંધથી મહેકવા લાગ્યું. રોજ સવારે ઝીણાભાઈ રંગબેરંગી **ફૂલોની માળા** ગૂંથે. ઠાકોરજીને પહેરાવે. નવી-નવી વાનગી બનાવી ઠાકોરજીને **થાળ** ધરાવે. અને પ્રેમથી થાળ ગાય. જાણે બોલતાં-ચાલતાં પ્રત્યક્ષ ઠાકોરજી હોય, તેમ કાળજીથી સેવા કરે. અને મૂર્તિ સાથે રોજ વાતો કરે !


બાળમિત્રોને પણ તેઓ સવાર-સાંજ મંદિરે લાવે. બધા પાસે **ધૂન** કરાવે. પોતે પણ ભજન ગાય. બધાને ઝિલાવે. સૌને **આરતી, દંડવત્, પ્રદક્ષિણા કરતા શીખવે**. વળી **પ્રસાદ** પણ આપે.

**આવા હતા ઝીણાભગત !**

**ભણવું અને ભક્તિ કરવી બે જ એમના કામ. ભક્તિમાં ક્યારેય પાછા ન પડે અને ભણવામાં હંમેશાં પ્રથમ રહે. ક્યારેય ઝઘડો, તોફાન, મસ્તી કે જિદ્દ નહીં. નિયમિત જીવન. નમ્રતાવાળું જીવન.**

**આનું નામ બાળપણ કહેવાય. બાળપણમાં આવા સદ્‌ગુણો હોય, તો મોટા થઈ મહાન બની શકાય.**





# ૧૬. ગુરુમાં જોડાણ

**શાસ્ત્રીજી મહારાજ સારંગપુર** હતા. મોટી માંદગી આવી હતી. ગામોગામથી ભક્તો ખબર કાઢવા આવતા હતા. **અટલાદરાથી તુલસીભાઈ** પણ આવ્યા. વાતવાતમાં શાસ્ત્રીજી મહારાજે કહ્યું, '**નારણ'દા (પ્રમુખસ્વામી મહારાજ) આવે** ને ભક્તચિંતામણિ સંભળાવે **તો મને સારું થઈ જાય**.'

એ **સમાચાર મળતાં** જ **પ્રમુખસ્વામી મહારાજ** જોડના સંતને લઈને **નીકળ્યા**. **રાત્રે ૩** વાગ્યા હતા. ધોધમાર વરસાદ વરસતો હતો. **વડોદરા રેલવે સ્ટેશને 'સૌરાષ્ટ્ર મેલ'** આવ્યો. પણ બધા જ **દરવાજા બંધ** હતા. સ્વામીએ રાહ ન જોઈ. તેઓ **ફૂટબોર્ડ પર લટકી ગયા** !

મુસાફરી શરૂ થઈ. **વરસાદ**ની ઝડીઓ વરસતી હતી. **ઠંડો પવન** સતત ફૂંકાતો હતો. એન્જિનમાંથી નીકળતી **કોલસાની ભૂકી આંખોમાં** જતી હતી. એક હાથથી હેન્ડલ અને બીજા હાથથી પોટલું પકડેલું, તેથી આંખો પણ સાફ ન થાય. સ્વામીનું આખું **શરીર ધ્રૂજતું** હતું. હાથ કાંપતા હતા. છતાં હૈયામાં ગુરુને મળવાનો તલસાટ હતો.


૨-૩ કલાકે **અમદાવાદ** આવ્યું. ખબર મળ્યા કે વરસાદને લીધે **ધંધુકા મેઈલ રદ** થયો છે. તેથી સ્વામી **વિરમગામ થઈને જતી ટ્રેનમાં** બેઠા. **બોટાદ** ઊતર્યા, પરંતુ હવે તો ખરેખરી કસોટી શરૂ થઈ! ભારે વરસાદને લીધે **સ્ટેશન પર કોઈ જ વાહન હતું નહીં**. રસ્તા પણ દેખાતા ન હતા. ચારે તરફ પાણી પથરાયેલું હતું. ક્યાંક ક્યાંક તો **છાતી સુધીનું પાણી** ચઢ્યું હતું. સ્વામીએ તો એ અજાણ્યા પાણીમાં **ઝંપલાવ્યું**. કેડ સુધીના પાણીમાં, કાદવ અને વોંકળા પસાર કરતાં-કરતાં સ્વામી માંડમાંડ **સારંગપુર** પહોંચ્યા.

ભીનાં કપડે સીધા **શાસ્ત્રીજી મહારાજના ઓરડે** આવ્યા. નારણ'દાને જોતાં જ શાસ્ત્રીજી મહારાજને પ્રેમનો ઊભરો આવી ગયો. તેઓ સ્વામીને **ભેટી પડ્યા**. ને કહે, 'નારણ'દા! આવી ગયો ? બહુ સારું થયું.' આટલા શબ્દો સાંભળ્યા ને સતત **૧૫ કલાક** વેઠેલી **હાડમારી**નો થાક ઊતરી ગયો. એક-બે નહિ સ્વામીની ગુરુભક્તિના આવા તો અનેક પ્રસંગો છે.

**આવા હતા પ્રમુખસ્વામી મહારાજ !**

**ગુરુની ઈચ્છા એમને શિર સાટે. આને કહેવાય ગુરુમાં જોડાણ. ગુરુમાં અખંડ દિવ્યભાવ - ભગવાન જેવો ભાવ એ ગુરુમાં જોડાણ. ગુરુમાં આવું જોડાણ થાય, તો ગુરુનો રાજીપો થાય ને અક્ષરધામ મળે.**

(પ્રમુખસ્વામી મહારાજનું દીક્ષાનું નામ સાધુ નારાયણસ્વરૂપદાસ હતુ. તેથી શાસ્ત્રીજી મહારાજ તેમને પ્રેમથી નારણ'દા કહેતા.)



# ૧૭. ચૈતન્ય મંદિરોનું નિર્માણ

દુનિયામાં **સૌથી વધુ મંદિરો પ્રમુખસ્વામી મહારાજે બાંધ્યાં છે**. દુનિયાનું સૌથી મોટું હિંદુ મંદિર - અક્ષરધામ પણ તેમણે બાંધ્યું છે. પણ સ્વામીએ ફક્ત પથ્થર - ઈંટ - માટીનાં મંદિરો જ નહોતાં બનાવ્યાં. તેમણે **ચૈતન્ય મંદિરો પણ બનાવ્યાં છે.**

ચૈતન્ય મંદિરો એટલે સાચા ભક્તો. પ્રમુખસ્વામી મહારાજના યોગમાં અતિ પાપી માણસો પણ ભક્ત બની જતા. એવા એક ભક્ત એટલે **ભાવનગર** જિલ્લાના **ઓદરકા** ગામના **રામસંગ બાપુ**. ચાલો, એમના મુખે જ એમની કહાની સાંભળીએ...

'મારું **જીવન રાવણ અને કંસ જેવું** હતું. પેટ માટે અને પૈસા માટે મેં કાંઈ કરવાનું બાકી રાખ્યું ન હતું.'

'મને યાદ છે... લગભગ **૧૧ વર્ષની ઉંમરે** હું રાત્રે એકલો ફરવા નીકળતો. **સ્મશાનમાં**, નદી કિનારે અને ગુફાઓમાં. હું એટલો જડ અને ક્રૂર બની ગયો હતો કે લોકો પાસે **જબરદસ્તી પૈસા ઉઘરાવતો**. કોઈ ના પાડે તો લાકડીથી **મારતો**. આ જ મારો ધંધો બની ગયો હતો.'

'ખાવા પીવામાં કે ધમકાવવા, મારવામાં બધી વાતે શૂરો અને પૂરો ! હું કોઈથીય ડરતો નહીં. એમાંય મને મારા જેવા બીજા બે સાથી મળી ગયા.

આખાય પંથકમાં અમારી ત્રિપુટીની ધાક પડતી. અમારું નામ સાંભળતા જ લોકો કાંપવા લાગતા, જેટલા રૂપિયા માંગીએ લોકો તરત હાજર કરતા.'

'એવામાં મારો યોગ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે થયો. મારા બનેવી નિર્મલસિંહ જાડેજા નિમિત્ત બન્યા. **સ્વામી મારા ઘરે પધાર્યા. મારાં પાપ ધોવાઈ ગયાં**. એમના પ્રેમને લીધે મારું સંપૂર્ણ **પરિવર્તન** થઈ ગયું.'




પ૬ વર્ષની ઉંમરે રામસંગ બાપુ સ્વામીના યોગમાં આવ્યા. પછીના **૨૦ વર્ષ** તેમણે **સત્સંગમાં** વિતાવ્યાં. અંત સમયે **સ્વામીએ તેમને કહ્યું**, 'હવે બધેથી મન કાઢી કેવળ ભગવાનમાં જોડી દો. **શ્રીજી મહારાજ ધામમાં તેડી જશે**.' તેઓએ **અખંડ માળા** ફેરવવાની શરૂ કરી. પોતાના રૂમમાં ચારે તરફ ભગવાન અને સંતના ફોટા મઢાવી દીધા. અને ભગવાનમાં વૃત્તિ રાખતાં-રાખતાં **૭૬ વર્ષની ઉંમરે અક્ષરધામમાં** પહોંચી ગયા.

આ પરિવર્તન જોનાર રામસંગ બાપુના મિત્રો કહેતા : **પ્રમુખસ્વામીમાં ચોક્કસ ભગવાન છે**. નહિતર રામસંગ બાપુને કોઈ સુધારી ન શકે.

**આવા હતા પ્રમુખસ્વામી મહારાજ !**

**એમના યોગમાં પાપી પણ પુણ્યશાળી બની જતા. ગુણાતીત સંતનું મુખ્ય કાર્ય તો આવાં ચૈતન્ય મંદિરો બાંધવાનું જ છે.**



# ૧૮. ઠાકોરજીની સંભાળ

૧૦-૯-૨૦૧૬. મહંતસ્વામી મહારાજ આજે **દિલ્હીથી મુંબઈ** જઈ રહ્યા હતા. ૩-૫૫ વાગ્યે મંદિરમાં ઠાકોરજીનાં ભાવથી દર્શન કર્યાં. ૫-૨૦ વાગ્યે એરપોર્ટ પહોંચ્યા. સ્વામીશ્રી જ્યાં જાય આગળ-આગળ ઠાકોરજી (હરિકૃષ્ણ મહારાજ) હોય જ. સ્વામીશ્રીએ **વિમાનમાં પહેલાં ઠાકોરજીને પ્રવેશ કરાવ્યો**. બાદ પોતે પધાર્યા.

વિમાન નાનું હતું. તેથી **શરૂઆતમાં** ઠંડક થોડી ઓછી હતી. સૌને **ગરમી** અનુભવાઈ તેથી સંતોએ એ.સી.ની ઠંડી હવાના આઉટલેટ સ્વામીશ્રી તરફ ફેરવ્યાં. સૌને સ્વામીશ્રીની ચિંતા હતી, પરંતુ સ્વામીશ્રીને ઠાકોરજીની ચિંતા હતી. તરત જ **સ્વામીશ્રીએ એ.સી.ના આઉટલેટ** સામેની સીટ પર બિરાજમાન **ઠાકોરજી તરફ ફેરવી દીધા**. ઠંડા પવનને લીધે ઠાકોરજીનાં વસ્ત્રો લહેરાવા લાગ્યાં ત્યારે સ્વામીશ્રીને શાંતિ વળી.

હવે પ્લેન એવી દિશામાં વળ્યું કે **બારીમાંથી તડકો** આવવા લાગ્યો. તડકો સ્વામીશ્રી અને ઠાકોરજી ઉપર જ પડતો હતો. સ્વામીશ્રીને મુખ પર તડકો ન લાગે તે માટે સંતો ગાતરિયાથી વ્યવસ્થા કરવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રી થોડા ઉતાવળા થઈ કહેવા લાગ્યા, **'અરે ! પહેલાં ઠાકોરજી ઉપર તડકો ન આવે તેવું કરો.'** સંતોએ ઠાકોરજી પર છાયો આવે તેવી વ્યવસ્થા કરી ત્યારે સ્વામીશ્રીને હાશ થઈ.

થોડીવાર બાદ **એક સંત મુખપાઠ** બોલવા લાગ્યા. વિમાનના અવાજને લીધે સ્વામીશ્રીને બરાબર સંભળાતું ન હતું, તેથી પેલા સંત સ્વામીશ્રીના કાન તરફ ઝૂકવા લાગ્યા. આ વખતે તો સ્વામીશ્રીએ તેમને તુરંત જ રોક્યા કે **'ઠાકોરજી બાજુમાં આપી દો.'** કારણ કે તે **સંતના ઝૂકવાથી ઠાકોરજીના મુખ પર તેમનું ગાતરિયું ઘસાતું હતું**.

આમ, આખી મુસાફરી દરમ્યાન સ્વામીશ્રીનું મન ઠાકોરજીમાં જ પરોવાયેલું રહ્યું. **સંધ્યા આરતી** દરમ્યાન સ્વામીશ્રી ઠાકોરજીને **અતિ એકાગ્રતા**થી નિહાળતા રહ્યા. જાણે **ઠાકોરજીમાં ખોવાઈ** ન **ગયા** હોય! જેવા અષ્ટક પૂરા થયા કે આકાશમાંથી **મુંબઈનો ઝગમગાટ** નજરે ચઢ્યો. એકબીજાને 'જય સ્વામિનારાયણ' કરી સૌ ઝગમગાટ જોવા માટે બારીમાં જોવા લાગ્યા. પરંતુ સ્વામીશ્રીની વાત જ જુદી. તેઓએ **ઠાકોરજી હાથમાં લઈ તેમની દૃષ્ટિ મુંબઈ મહાનગરી પર કરાવી**.

૭-૩૭ વાગ્યે પ્લેન ઊતર્યું. મુંબઈના સંતોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. તેમાંય સ્વામીશ્રીએ ઠાકોરજીને જ આગળ રાખ્યા. **મંદિરમાં સંતો-ભક્તો બુલંદ જયનાદો** દ્વારા સ્વામીશ્રીનું સ્વાગત કરી રહ્યા હતા, પરંતુ **સ્વામીશ્રીનું મન તો ઠાકોરજીમાં જ** હતું. મનમાં ભાવના છલકતી

હતી, '**સ્વાગત ઠાકોરજીનું થાય છે.** મારું નહીં.'

**આવા છે આપણા સ્વામીશ્રી ! તેમને મન ઠાકોરજી જ સર્વસ્વ. તેઓ ઠાકોરજીને ધાતુની મૂર્તિ માનતા નથી, સાક્ષાત્ ભગવાન જ માને છે.** ગમે તેવાં સુખનાં પ્રસંગો આવે તેઓ હંમેશાં ઠાકોરજીને આગળ રાખે છે. ઠાકોરજીને ધરાવીને જ દરેક વસ્તુ ગ્રહણ કરે છે. ગમે તેવાં દુઃખનાં પ્રસંગો આવે તેઓ ઠાકોરજીને પ્રાર્થના કરે છે. **આપણે પણ સ્વામીશ્રીમાંથી ભક્તિની પ્રેરણા લેવી જોઈએ.**




# ૧૯. ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ

બાળમિત્રો! હિંદુ ધર્મમાં ગુરુનો મહિમા અપાર ગવાયો છે. આપણે સૌ એક શ્લોક વારંવાર ગાઈએ છીએ ને...

‘ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ
ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ
તસ્મૈ શ્રી ગુરવે નમઃ.’

હિંદુ ધર્મમાં ગુરુને સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ કહેવાયા છે. ભગવાન સ્વામિનારાયણ આજે આપણા ગુરુ મહંતસ્વામી મહારાજ દ્વારા આ પૃથ્વી પર પ્રગટ જ રહ્યા છે.



૧૭-૩-૨૦૧૭. **અમદાવાદથી નૈરોબી જતાં** મહંતસ્વામી મહારાજ '**પુરુષોત્તમ બોલ્યા પ્રીતે**' ગ્રંથ વંચાવતા હતા. તેમાં વાત આવી કે : ગલોલના માવાભક્તે શ્રીજીમહારાજની પૂજા કરી પછી પૂછ્યું : 'તમો સાક્ષાત્ ભગવાન પ્રગટ્યા છો, પણ તે વાત બીજાને મનાતી નથી.'

તક જોઈને **એક હરિભક્તે** મહંતસ્વામી મહારાજ સામે આંગળી ચીંધી કહ્યું : '**આ સાક્ષાત્ ભગવાન છે.**' સ્વામીશ્રી તરત જ બોલ્યા, '**પણ સંત સ્વરૂપે.**'

**આવા છે આપણા સ્વામીશ્રી ! તેઓ શ્રીજીમહારાજનું સ્વરૂપ છે.**

■ ■ ■

૨૪-૯-૨૦૧૬. **બોચાસણ**. આજે સ્વામીશ્રીનો **૮૩મો જન્મદિવસ** હતો. સૌ ભક્તો સ્વામીશ્રી માટે અનેક ભેટ-સોગાદો લાવ્યા હતા. સૌનો ભક્તિભાવ સ્વીકારતાં-સ્વીકારતાં સ્વામીશ્રી ભગતજી મહારાજના ખંડ પાસે પધાર્યા. ત્યાં એક સંતે પૂછ્યું, 'આજે આપનો **જન્મદિવસ** છે. એ **નિમિત્તે** આપ પણ અમને એક **ભેટ આપો**.'

સ્વામીશ્રીએ કહ્યું, 'શું ભેટ જોઈએ છે?' પેલા સંત કહે, 'અમને આપનું સ્વરૂપ ઓળખાવો.' આ સાંભળી સ્વામીશ્રી મૌન થઈ ગયા અને દર્શન કરવા લાગ્યા. પેલા સંત કહે, '**અનાદિ બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી હતા.** તે જ આ ભગતજી મહારાજ અને તે જ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ હતા. **તો હાલ એ અનાદિ બ્રહ્મ આપ છોને ?**'

સ્વામીશ્રી તુરંત જ બોલ્યા, '**હા.**' સંતો-ભક્તો કેફથી નાચી ઊઠ્યા. જન્મદિન નિમિત્તે મળેલી આવી અનોખી ભેટ સૌને જીવનભર યાદ રહેશે.

**આવા છે આપણા સ્વામીશ્રી ! અક્ષર બ્રહ્મ ગુણાતીત સત્પુરુષ છે.** આપણને બ્રહ્મ અને પરબ્રહ્મ બંને સંતસ્વરૂપે મળ્યા. આપણાં ભાગ્યનો પાર નથી !!

■ ■ ■

૨૧-૨-૨૦૧૭. **દિલ્હી**. સવારે સ્વામીશ્રી અક્ષરધામનાં દર્શને પધાર્યા. પગથિયાં ચઢતાં સમયે બે સંતોએ સ્વામીશ્રીને ટેકો આપ્યો. ૫-૬ પગથિયાં પૂરાં થયાં ને આશ્ચર્ય સર્જાયું!

સ્વામીશ્રીએ એકદમ જ બંને સંતોના **હાથ છોડી દીધા** અને ફટ-ફટ એક પછી એક **પગથિયાં ચઢવા લાગ્યાં.** એક સંત કહે, 'સ્વામીને ટેકાની જરૂર જ નથી, આ તો કૃપા કરી આપણને સેવા આપે છે.' બીજા સંત કહે, 'પ્રમુખસ્વામી મહારાજને મોટી ઉંમરે સંતો અમુકવાર હાથ પર બેસાડી પગથિયાં ચઢાવતા. આપને જરૂર હોય તો અમે પણ આપને હાથ પર બેસાડીને લઈ જઈએ !'

સ્વામીશ્રી તરત જ કહે, 'હું તમને ઉંચકીને લઈ જઉં ?' બધા સંતોના મુખેથી 'વાહ !' શબ્દ સરી પડ્યો. એક સંત કહે, '**આમ ને આમ હાથ પકડીને અમને આ અને પેલા અક્ષરધામમાં લઈ જજો.**' આ સાંભળી સ્વામીશ્રી ખુમારીથી કહે, '**સૌને માથે ઊંચકીને અક્ષરધામમાં લઈ જઈશું.**' આ શબ્દો સાંભળી સૌ આનંદથી ડોલી ઊઠ્યા, તાળી પાડી ઊઠ્યા.

**આવા છે આપણા સ્વામીશ્રી ! તેઓ આપણને સૌને અક્ષરધામમાં લઈ જવા પૃથ્વી પર પધાર્યા છે** અને આપણને કૃપા કરીને સેવા આપે છે.

# ૨૦. આપણે કોણ ?

કોઈ તમને પૂછે : તમારો **ધર્મ** કયો ? તમે તરત જ કહેશો: **હિંદુ** વળી. બીજો પ્રશ્ન પૂછે : તમારો સંપ્રદાય કયો ? હવે તમે શું કહેશો ? આ પાઠમાં એનો જવાબ મળશે.

બાળમિત્રો, હિંદુધર્મમાં ઘણા સંપ્રદાયો છે. સૌમાં ભગવાનને પામવાના માર્ગો દર્શાવાયા છે, પરંતુ એ બધામાં આપણો '**સ્વામિનારાયણ સંપ્રદાય**' વિશિષ્ટ છે. વેદ-ઉપનિષદમાં બ્રહ્મ અને પરબ્રહ્મનો એટલે કે અક્ષર અને પુરુષોત્તમનો સિદ્ધાંત પડ્યો જ છે. શ્રીજી મહારાજે પ્રગટ થઈ તેનો પ્રસાર કર્યો. અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં **બી.એ.પી.એસ. સંસ્થા**ની સ્થાપના કરી, એ જ્ઞાન મૂર્તિમાન કર્યું.

હવે ત્રીજો પ્રશ્ન : આપણે સ્વામિનારાયણ સંપ્રદાયના - **બી.એ.પી.એસ.ના સત્સંગી ક્યારે કહેવાઈએ ? ઉપાસના અને આજ્ઞા દૃઢ હોય ત્યારે.** આજ્ઞા અને ઉપાસના જ અક્ષરધામમાં જવાની બે પાંખો છે.

- **<u>ઉપાસનામાં આપણે ૪ વસ્તુ માનવાની છે</u>**

વેદાદિક શાસ્ત્રોના સાર એવા વચનામૃત અને સ્વામીની વાતો અનુસાર આપણે ઘણી બાબતો માનવાની છે, પરંતુ તેમાં મુખ્ય નીચેની ૪ છે :


૧. **સહજાનંદ મમ પરમેશ્વર :** શ્રીજી મહારાજ કર્તાહર્તા, દિવ્ય-સાકાર, સર્વોપરી અને પ્રગટ છે.
૨. **ગુણાતીતાનંદ મૂળ અક્ષર :** ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે.
૩. **પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર :** પ્રગટ અક્ષરબ્રહ્મ મહંતસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર છે.
૪. **બી.એ.પી.એસ. અસ્મિતા :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો, ગ્રંથો, પરંપરા વગેરે પરમ સત્ય છે.

- **<u>આજ્ઞામાં આપણે ૮ વસ્તુ કરવાની છે</u>**

શિક્ષાપત્રી મુજબ આપણે ઘણી બાબતો કરવાની છે, પરંતુ બાળકો માટે હાલ વધુ જરૂરી ૮ બાબતો નીચે મુજબ છે :

૧. **કંઠી :** કંઠી પહેરી શ્રીજી મહારાજનો આશરો કરવો.
૨. **પૂજા-પંચાંગ :** તિલક-ચાંદલા સહિત પૂજા કરવી. માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવા.
૩. **બાળસભા-ઘરસભા :** નિયમિત અને સમયસર બાળસભામાં જવું. ઘરસભામાં બેસવું.
૪. **આરતી-અષ્ટક :** ઘરમંદિરમાં કે વ્યક્તિગત બે સમયે આરતી-અષ્ટક કરવાં.





**૫. આહારશુદ્ધિ :** ડુંગળી-લસણનો ત્યાગ કરવો. બજારુ ખાણી-પીણી અને વ્યસનનો ત્યાગ કરવો. એકાદશી (ફરાળી કે સજળા કે નિર્જળા) કરવી.

**૬. વાંચન-પરીક્ષા :** 'સત્સંગ વિહાર' પુસ્તિકાઓનું રોજ વાંચન કરવું. 'સત્સંગ વિહાર' પુસ્તિકાઓની પરીક્ષા અવશ્ય આપવી.

**૭. કુસંગ ત્યાગ :** ખરાબ મિત્રો, સિનેમા-સિરિયલનો ત્યાગ કરવો.

**૮. સારો અભ્યાસ :** રોજ ૨ કલાક વિશેષ અભ્યાસ કરવો.

■ **<u>આપણું તત્ત્વજ્ઞાન</u>**

બાળમિત્રો, આપણું તત્ત્વજ્ઞાન સાવ સરળ છે. એ નીચેનાં બે નાનાં ગીતરૂપે રજૂ કરીએ છીએ.

**● પંચતત્ત્વ ગીત**

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ;
આપ્યું શ્રીજી મહારાજે, પંચતત્ત્વ-જ્ઞાનમ્...
જીવ, ઈશ્વર માયામાં, અનાદિથી અટવાય;
અક્ષરબ્રહ્મનો સંગ થાતાં, પરબ્રહ્મ પમાય...


**● ઉપાસના ગીત**

સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ...
આત્મા ને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ...
સ્વામી તે ગુણાતીત સ્વામી,
નારાયણ સહજાનંદ સ્વામી...
અક્ષર તે ગુણાતીત સ્વામી,
પુરુષોત્તમ સહજાનંદ સ્વામી...
અક્ષરપુરુષોત્તમ ઉપાસના... (૨)...
અક્ષરરૂપ થઈને, પુરુષોત્તમની,
ભક્તિ કરવાની આ સાધના...
અક્ષરરૂપ થવું એટલે અક્ષર જેવા થાવું,
પ્રગટ અક્ષર મહંતસ્વામી મહારાજ જેવા થાવું...
પુરુષોત્તમની ભક્તિ એટલે પ્રેમ શ્રીજીમાં કરવો,
સર્વોપરી સાકાર પ્રગટ કર્તાનો નિશ્ચય કરવો...
આદર્શ બાળક થઈને, એકમના રહી,
અક્ષરધામે જાવાની આરાધના...
અક્ષરપુરુષોત્તમ ઉપાસના... (૨)...

**અંતે આટલું યાદ રાખીએ : હું ધર્મથી હિંદુ છું. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુયાયી છું. શ્રીજી મહારાજનો આશ્રિત છું. મહંતસ્વામી મહારાજનો શિષ્ય છું.**


# ૨૧. એક જ આશરો

**ગઢડા**માં સભા ભરાઈ હતી. શ્રીજી મહારાજ લીંમડા નીચે બેઠા હતા. **ખીમા સુથાર** નામના હરિભક્ત આવ્યા. તેમણે નારિયેળની કાચલીની પોતે બનાવેલી **કંઠી** શ્રીજી મહારાજને આપી. શ્રીજી મહારાજ ખૂબ જ રાજી થયા. પછી કહે, 'હવેથી આવી જ પરંતુ સુખડની કંઠી



પહેરવાનો રિવાજ પણ આપણે શરૂ કરવો છે.'

આજ્ઞા મળતાં ખીમા સુથાર **સુખડ લેવા સુરત** જવા નીકળ્યા. તેમની સાથે વહાણમાં **જંત્રમંત્રનો જાણકાર** એક માણસ બેઠો હતો. તેને થયું, 'જરૂર આ ભગત કાંઈક લેવા નીકળ્યો છે. પાસે પૈસા હશે. ચાલ મંત્ર મારીને તેને લૂંટી લઉં.' એમ વિચારી તે લગભગ **અડધો શેર અડદના દાણા, મંત્ર બોલીને** ખીમા સુથાર પર છાંટ્યા. તેણે આખી રાત ખૂબ પ્રયત્ન કર્યો, પણ ખીમા સુથારને કાંઈ જ અસર થઈ નહિ. ખીમા સુથાર પણ જાણતા હતા કે આ ભાઈ **નિષ્ફળ** ગયા છે.



સવાર પડી. ખીમા સુથારે આજુબાજુ વેરાયેલા અડદના દાણા વીણ્યા. રૂમાલને છેડે બાંધ્યા ને સુરત ઊતર્યા. એક ધર્મશાળામાં જઈ સ્નાન-પૂજા કરી. પછી **મંત્રવાળા અડદના દાણા બાફીને ખાઈ ગયા** ! પેલો માણસ પણ ખીમા સુથારની પાછળ-પાછળ જ આવી આ બધું જોતો હતો. તેને બીક લાગી કે આ તો મારા કરતાંય મોટો મંત્ર વિદ્યાનો જાણકાર લાગે છે. તેથી તે ખીમા સુથારના પગે પડી ગયો.

ખીમો સુથાર કહે, 'જો ભાઈ, હું કાંઈ મંત્રતંત્ર જાણતો નથી. મારે તો એક સ્વામિનારાયણ ભગવાનનો આશરો છે. તેઓ સર્વોપરી ભગવાન છે. તેમના શરણે આવે તેને કાળ, કર્મ, માયા પણ કાંઈ ન કરી શકે.'

ખીમા સુથારની વાત સાંભળી તે માણસનું **પરિવર્તન** થયું. તેઓ દીક્ષા લઈ શ્રીજી મહારાજના સંત '**શૂન્યાતીતાનંદ સ્વામી**' બન્યા.

■ ■ ■

શ્રીજી મહારાજના સમયમાં લોકો ખૂબ વહેમીલા હતા. કોઈ બીમાર પડે તો કહે, 'કોઈએ મંત્ર-જંત્ર કર્યા હશે. મૂઠ મારી હશે.' કોઈ મુશ્કેલી આવે તો કહે, 'એને ભૂત વળગ્યું હશે.' પછી લોકો મંત્ર-તંત્ર કરે, અને દોરા-ધાગા બાંધે.

એકવાર **ગઢડા**માં **ભાવસાર કરસન** નામનો માણસ **બીમાર** પડ્યો. એનાં સગાં-વહાલાં શ્રીજી મહારાજને એને ઘરે તેડી ગયાં. મનમાં એમ કે શ્રીજી મહારાજના આશીર્વાદથી એ સાજો થઈ જશે.

**શ્રીજી મહારાજ** તો દયાળુ હતા. તેથી એને ઘરે **પધાર્યા**. માંદાના ખાટલા પાસે ઊભા રહ્યા. પરંતુ ત્યાં એમની **નજર ખાટલાના પાયા પર** પડી. જોયું તો **મંત્રેલો દોરો** ! શ્રીજી મહારાજ સમજી ગયા કે નક્કી કોઈ દોરા-ધાગા કરી ગયું છે.

એટલે એક પણ અક્ષર બોલ્યા વિના શ્રીજી મહારાજ ત્યાંથી **પાછા ફરી ગયા**. ને જતાં-જતાં કહે, '**જ્યાં વહેમ ત્યાં હરિ નહિ**. ને જ્યાં હરિ ત્યાં વહેમ નહિ.' પછી કરસન ભાવસારે અંધશ્રદ્ધા મૂકી, ત્યારે શ્રીજી મહારાજ ફરી તેના ઘરે પધાર્યા ને રોગ મટાડ્યો.

**આવા હતા શ્રીજી મહારાજ !**

**તેમને વહેમ ગમે જ નહિ. એક જ આશરો રાખે તે ગમે. આપણે ગળામાં કંઠી બાંધી, સર્વોપરી ભગવાનનો આશરો થયો, હવે કોઈથી ડરવાની શી જરૂર ? ભગવાનની ઈચ્છા મુજબ સુખ કે દુઃખ જે કાંઈ આવે, ત્યારે એમને યાદ કરવા. એમને જ પ્રાર્થના કરવી. આને કહેવાય એક જ આશરો. પતિવ્રતાની ભક્તિ.**

BAPS


# ૨૨. પૂજા વિના પાણી હરામ

**જોબનપગી**નું નામ કોણ નથી જાણતું ? વડતાલના તેઓ ખૂબ મોટા **લૂંટારા**. છેક કોલકાતા સુધી લોકો તેમનાથી ડરતા.

પણ હવે વાત પલટાઈ હતી. ડભાણના યજ્ઞમાં શ્રીજી મહારાજે ચમત્કાર બતાવ્યો. અને જોબનપગી પાક્કા **સત્સંગી** થઈ ગયા. હાથમાં તલવારને સ્થાને માળા આવી. પછીય જોબનપગીની **શૂરવીરતા** તો ટકી, પણ સત્સંગના તમામ **નિયમો પાળવામાં**.

એકવાર તેઓ કોઈ **કામ પ્રસંગે પેટલાદ** ગયા હતા. તેમને એમ કે રાત્રે પાછા આવી જવાશે. તેથી પૂજા સાથે ન લીધી. પણ કામ થોડું લંબાયું અને પેટલાદમાં જ રાત રોકાવું પડ્યું. કામમાં ને કામમાં **લગભગ આખો દિવસ ખાધા-પીધા વિના પસાર થયો**.


**બીજે દિવસે** જોબનપગી ત્યાંથી **બોચાસણ** પહોંચ્યા. કાશીદાસ મોટાને ત્યાં રોકાણ થયું.



ઘણા **લોકોએ જમી લેવા આગ્રહ** કર્યો, પણ જોબનપગીએ કહ્યું, '**પૂજા વિના** ભોજન તો શું, **પાણીનું ટીપુંય મોંમાં ન મુકાય**. ભલે ગમે તે થાય.'

**બપોરે** તેઓ બોચાસણથી **આણંદ** આવ્યા. પોતાના **જ્ઞાતિજનો**ને ત્યાં ઉતારો કર્યો. કોઈએ અન્ન-જળ માટે **આગ્રહ** કર્યો તો કહે, 'સ્વામિનારાયણના સત્સંગી થયા તે પૂજા તો શ્રીજી મહારાજની પહેલી આજ્ઞા છે. **શ્રીજી મહારાજની જીભ પર પગ કેમ મુકાય** ? આજ્ઞામાં ઢીલું-પોચું ન ચાલે.'

**સાંજે** તેઓ **વડતાલ પહોંચ્યા**. નાહી-ધોઈ પરવારી પૂજા કરી, ત્યાં તો સમાચાર આવ્યા કે **શ્રીજી મહારાજ વડતાલ** પધાર્યા છે. જોબનપગી તરત જ શ્રીજી મહારાજ પાસે આવ્યા. કહેવા લાગ્યા, 'મહારાજ ! કાંઈ સમાચાર ન આપ્યા?! અચાનક આવવાનું થયું?' શ્રીજી મહારાજ **પ્રસન્ન** થઈને કહે, 'તમે અમારો **નિયમ પાળ્યો, તેથી** અમે ખૂબ રાજી છીએ. તમને **દર્શન દેવા જ** અમે ખાસ **ડભાણથી અહીં** આવ્યા છીએ.' એટલું કહેતાં તો શ્રીજી મહારાજ જોબનપગીને **ભેટી પડ્યા**. અને **છાતીમાં ચરણારવિંદ** આપ્યાં.



જોબનપગીના આનંદનો પાર ન રહ્યો. હજુ તેઓને અન્ન કે જળ કાંઈ જ યાદ આવતું ન હતું. કારણ ? કારણ એટલું જ કે અનેક જન્મોના કઠોર તપથી પણ ન મળે, તેવી સર્વોપરી ભગવાનની પ્રસન્નતા તેમણે પૂજાના નિયમ દ્વારા આજે મેળવી હતી.

**આવા હતા**
**શ્રીજી મહારાજના ભક્તો !**
**પૂજા વિના પાણીનું ટીપુંય મોંમાં ન મૂકે. પૂજા તો શિક્ષાપત્રીની મહત્ત્વની આજ્ઞા છે. એ આજ્ઞાનો ક્યારેય લોપ થવા ન દે.**

■ **<u>પ્રમુખસ્વામી મહારાજ કહેતા...</u>**

'દરેક સત્સંગીએ રોજ પૂજા કરવી જોઈએ. પૂજા કાપીએ, તો આપણે કપાઈ જઈએ.'

# ૨૩. દર્શન કરવાની કળા

**વલસાડ** જિલ્લામાં **ધરમપુર** નામનું ગામ છે. પહેલાં તે **મોટું રાજ્ય** ગણાતું. **૫૦૦ ગામમાં** તે ફેલાયું હતું. **કુશળકુંવરબા** ત્યાંનાં **રાણી** હતાં. તેઓ ખૂબ જ કુશળતાપૂર્વક રાજ્યનો **કારભાર** ચલાવતાં હતાં.

કુશળકુંવરબાને **સત્સંગનો યોગ** થયો, ત્યારે તેમણે **શ્રીજી મહારાજને ધરમપુર તેડાવ્યા**. તેમના પ્રેમવશ શ્રીજી મહારાજ સંતો-ભક્તો સાથે ત્યાં પધાર્યા. **દોઢ માસ** ત્યાં રહ્યા. અનેક ઉત્સવો કર્યા. સૌને ખૂબ આનંદ આપ્યો.

જ્યારે શ્રીજી મહારાજ **વિદાય** લેવા તૈયાર થયા, ત્યારે કુશળકુંવરબા ખૂબ **ઉદાસ** થઈ ગયાં. તેમણે કહ્યું, 'મહારાજ ! આપ વિદાય લેશો પછી અમારું શું ?'

હવે શ્રીજી મહારાજે રાજમાતાને નિશ્ચય દૃઢાવવાનું વિચાર્યું. અને પોતાના સ્વરૂપની અદ્‌ભુત વાતો કરવા લાગ્યા. **રાજમાતા** પણ **મટકુંય માર્યા વિના શ્રીજી મહારાજને જોઈ રહ્યાં**. થોડીવાર મૂર્તિનું કોઈ **એક અંગ જુએ**. પછી આંખો મીંચે. અંતરમાં એ અંગ યાદ કરે. વળી પાછું એ જ અંગ નીરખી તેને **હૈયામાં બરાબર ધારે** ને આંખો મીંચે. એમ કરી શ્રીજી મહારાજની મૂર્તિને કુશળકુંવરબા અંતરમાં કોતરવા લાગ્યાં. વાત પૂરી થઈ ત્યાં સુધીમાં તો તેમણે શ્રીજી મહારાજની **મૂર્તિ હૈયામાં કેદ** કરી લીધી. ને શ્રીજી મહારાજનાં ચરણારવિંદમાં ઢળી પડ્યાં.






શ્રીજી મહારાજે વિદાય લેતા સમયે તેમને સ્મૃતિરૂપે ચરણારવિંદની છાપ કરી આપી. કુશળકુંવરબાએ રાજ્ય આપવાનું કહ્યું ત્યારે શ્રીજી મહારાજ કહે, 'અનંત કોટિ બ્રહ્માંડમાં તમારું ૫૦૦ ગામનું રાજ્ય શા હિસાબમાં ! માટે તમારું રાજ્ય તમે જ સંભાળો. પણ **રાજ્યમાં વાસના રાખશો નહીં. અમારા સ્વરૂપમાં જ વાસના રાખજો.** નહિતર બીજો જન્મ લેવો પડશે.'

આમ કુશળકુંવરબાને મહિમા સાથે શ્રીજી મહારાજનો નિશ્ચય અંતરમાં દૃઢ થઈ ગયો. તેમણે

શ્રીજી મહારાજ સમક્ષ 'આપના સુખની કાયમી સ્મૃતિ રહે અને અંતકાળે તેડવા આવજો.' એવી પ્રાર્થના કરી.

શ્રીજી મહારાજ **વિદાય** થયા. કુશળકુંવરબા કેવળ શ્રીજી મહારાજની **મૂર્તિ અખંડ યાદ** કરતાં-કરતાં જીવન જીવવા લાગ્યાં. **૧૫ દિવસ બાદ શ્રીજી મહારાજ તેમને ધામમાં તેડી ગયા.** ગઢડા સમાચાર આવ્યા, ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, 'તેમને પ્રેમનું અંગ હતું. અમારું સ્વરૂપ જ તેમને જીવન મનાઈ ગયું હતું. પૂર્વનાં મુમુક્ષુ હતાં. થોડું અધૂરું હતું, તે અમારા સંબંધે પૂરું થયું.'

કુશળકુંવરબાની આવી ભક્તિને યાદ કરતાં શ્રીજી મહારાજ સારંગપુરના બીજા વચનામૃતમાં સૌ સંતો-ભક્તોને કહે છે : 'જેમ ધર્મપુરમાં કુશળકુંવરબાઈ અમારાં દર્શન કરતાં જતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં જતાં હતાં, તેમ દર્શન તો મને યુક્ત, દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં.' શ્રીજી મહારાજે વચનામૃત લોયા-૩માં પણ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ઉત્તમ ભક્તોને યાદ કરતા સમયે કુશળકુંવરબાનું નામ લીધું છે.

ધન્ય છે શ્રીજી મહારાજની મૂર્તિમાં લીન રહેનાર આવાં પ્રેમી ભક્તને.

## ■ મૂર્તિનાં દર્શનની રીત

શ્રીજી મહારાજ સારંગપુરના બીજા વચનામૃતમાં કહે છે : 'પરમેશ્વરનાં જ્યારે દર્શન કરવાં ત્યારે મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં અને પરમેશ્વરનાં દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુ-પક્ષી આવ્યું, ત્યારે આડીઅવળી, ઊંચીનીચી દૃષ્ટિ કરીને તેનાં પણ ભેળાં દર્શન કરતો જાય, (તો) એવી ફાટેલ દૃષ્ટિવાળાને પરમેશ્વર કે મોટા સંત દેખીને રાજી થતા નથી.'

માટે ભગવાન અને સંતનાં દર્શન કરતા સમયે...

૧. **એકાગ્ર થઈ** દર્શન કરવાં.
૨. **મહિમા સાથે** દર્શન કરવાં.
૩. મૂર્તિનાં **દરેક અંગ નિહાળવાં**. **વાઘા** વગેરેનાં પણ ધ્યાનથી દર્શન કરવાં.
૪. **મૂર્તિ અંતરમાં** ઉતારવા પ્રયત્ન કરવો.
૫. હંમેશાં **નવો ને નવો ભાવ** રાખવો.

## ■ મૂર્તિનાં અંગો

મંદિરમાં મૂર્તિનાં દર્શન કરતી વખતે નીચે મુજબ ક્રમમાં દર્શન કરવાં.

૧. ભગવાને **મસ્તક** પર શું ધાર્યું છે ? (મુગટ, સાફો, પાઘ વગેરે)
૨. તિલક-ચાંદલો, **આંખો**, **નાસિકા**, **ગાલ**, તલ વગેરે નિહાળવાં.
૩. **કાનમાં** શું પહેર્યું છે ? તે જોવું.
૪. **ગળામાં** શેનો હાર છે ? (ફૂલ, મોતી, સોનું, ચાંદી વગેરે)
૫. **વાઘા** કેવા છે ? (સુરવાળ, જામો, કેડિયું, ઝભ્ભો, ધોતિયું, ખેસ વગેરે)
૬. **હાથમાં** શું છે ? (રૂમાલ, છડી, પદ્મ, પોંચી, વેઢ, વીંટી, કડા, બાજુબંધ વગેરે)
૭. **ચરણમાં** શું છે ? (મોજડી, ઝાંઝર, ચાખડી, કડા વગેરે)
૮. આ સિવાય **આંખો**ના ભાવ, **હોઠ**ના ભાવ, **હાથની મુદ્રા**ઓ વગેરે પણ દર્શન કરીને હૃદયમાં ઉતારવાં.

શ્રીજી મહારાજ ગઢડા પ્રથમના પહેલા વચનામૃતમાં કહે છે : 'ભગવાનની મૂર્તિ છે, તે તો ચિંતામણિ તુલ્ય છે.' **બાળમિત્રો, ચિંતામણિ એટલે શું ? ખબર છે ? તે જેની પાસે હોય, તે જે ચિંતવે (ઈચ્છે) તે તેને તરત જ મળી જાય. આપણેય એકાગ્રતાથી દર્શન કરી મૂર્તિ હૃદયમાં ઉતારી હોય, તો આપણી પાસે ચિંતામણિ આવી ગઈ. પછી આપણને સદાય સુખ રહે.**

BAPS

# ૨૪. સબ દર્દોં કી એક દવા

સને ૧૯૭૭. **પ્રમુખસ્વામી મહારાજ મુંબઈ** હતા. ઉતારામાં **પત્રલેખન** કરતા હતા. એક પછી એક પત્ર વાંચે અને જવાબ લખે. સામે **એક હરિભક્ત** બેઠા હતા. પત્રોની મોટી થપ્પી જોઈ તેમણે પૂછ્યું, 'સ્વામી! આ બધા **પત્રોમાં શું** આવે છે ?' સ્વામી કહે, '**દુઃખની વાતો**, નોકરી-ધંધાના પ્રશ્નો, પરિવારના પ્રશ્નો, કોર્ટ-કચેરીના પ્રશ્નો, રોગના પ્રશ્નો...'

હરિભક્તે વળી પૂછ્યું, 'સ્વામી ! કોઈ **એવો ઉપાય ખરો કે કોઈ પ્રશ્નો રહે જ નહીં ?**' સ્વામીએ ઊંડો શ્વાસ લીધો. પેન અને પેડ બાજુ પર મૂક્યાં. પછી ચશ્મા ઉતારી કહે, 'જુઓ, ઉપાય તો છે. ઘરનાં બધા સભ્યો ભેગા થઈ રોજ રાત્રે **ઘરસભા** કરે, તો કોઈ દુઃખ રહે જ નહિ.'

આમ, પ્રમુખસ્વામી મહારાજે **બધાં જ દર્દોની એક દવા** બતાવી : ઘરસભા.

■ **<u>આજ્ઞા એક લાભ અનેક</u>**

● અમેરિકાના એક હરિભક્ત શ્રી વિનોદભાઈ ધાનાણીએ ૧૯૯૪થી **નિયમિત ઘરસભાનો નિયમ** લીધો. જેના કારણે તેમના બંને દિકરાઓ અને દીકરીએ **ટી.વી. કે કોઈ વ્યસન દૂષણ કર્યું જ નથી.** તેમની દીકરી જ્યારે કોલેજમાં અભ્યાસ કરતી હતી ત્યારે **હોસ્ટેલમાં રહીને પણ નિયમિત પૂજા** કરે અને **સંપૂર્ણ શાકાહારી ભોજન** જ જમે. તેણે **હોસ્ટેલમાં પણ સભા** શરુ કરી સૌને સદાચારી જીવન જીવવાની પ્રેરણા આપી. વિનોદભાઈના બંને પુત્રોએ પણ **સત્સંગ શિક્ષણ પરીક્ષા સંપૂર્ણ આપેલ**



છે અને અમેરિકામાં રહીને પણ **સત્સંગના તમામ નિયમોનું પાલન** કરે છે. આ બધા સંસ્કારોનું મૂળ તેમના ઘરમાં નિયમિત થતી ઘરસભા જ છે.

**ઘરસભાથી સંસ્કારોનું સિંચન થાય છે.**

• સુરતના એક હરિભક્ત. નામ માધવજીભાઈ. તેઓનાં **પત્ની**ને સત્સંગ નહિ. ખૂબ જ **વિરોધ** કરે. ઘરમાં કાયમ **ઝઘડા** થાય. અઠવાડિયા સુધી અબોલા રહે.



પરંતુ તેમણે **ઘરસભા શરૂ** કરી. શરૂઆતમાં તેમનાં **પત્ની** બેસે જ નહીં. ધીરે-ધીરે તેઓ દૂર ઓસરીમાં બેસતાં થયાં. સમય વીતતો ગયો તેમ નજીક આવી બેઠાં. ને અમુક મહિનાઓ પછી તો તેઓ જ **ઘરસભા કરવા લાગ્યાં** !

**ઘરસભાથી ઘર મંદિર બને છે.**

● વડોદરાના મોહિતભાઈ. ઘરમાં બીજી રીતે સુખ, પણ એકવાતનું દુઃખ : **સાસુ-વહુ**ને બને જ નહિ. રોજનો **કંકાસ**. પત્નીનું રાખે તો માઁને ખોટું લાગે અને માઁનું રાખે તો પત્ની રિસાઈ જાય. રોજની કંકાસથી મોહિતભાઈ કંટાળ્યા.

પછી તેમણે **ઘરસભા શરૂ** કરી. ૪ મહિનામાં ચમત્કાર થયો. સાસુ-વહુ બંનેમાં ખૂબ પરિવર્તન આવ્યું. બંને **સંપીને રહેવા લાગ્યાં**.

**ઘરસભાથી કુટુંબમાં એકતા સ્થપાય છે.**

● કમિયાળાના અગરસંગભાઈ. **બાળકો**ને **ટી.વી.** જોવાનો ગાંડો શોખ. **ભણે જ નહીં**.

અગરસંગભાઈને પ્રમુખસ્વામી મહારાજના શબ્દો યાદ આવ્યા. તેમણે **ઘરસભા શરૂ** કરી. થોડા જ સમયમાં બંને બાળકો **3 કલાક અભ્યાસ** કરવા લાગ્યા. બંનેએ **ટી.વી. ન જોવાનો નિયમ** લઈ લીધો. બંને બાળકો પૂજાપાઠ, મુખપાઠ, પંચાંગ પ્રણામ વગેરે કરતા થઈ ગયા.

**ઘરસભાથી અભ્યાસમાં રુચિ વધે છે. કુસંગ ઘટે છે.**

● વડોદરાના હરિભક્ત. નામ હરિકૃષ્ણભાઈ ચૌહાણ. **દીકરી** બહુ જ **જિદ્દી**. માતા-પિતાનું **કહ્યું કરે જ નહિ**. કામ ચીંધે ને કચવાટ કરે ને રોજ માર ખાય.

એકવાર **ઘરસભા**માં યોગીગીતા વંચાતી હતી. તેમાં આવ્યું : 'કોઈ વાળે તો **કટ વળી જવું**.' દીકરીને અસર થઈ. તેણે 'કટ વળી જવાનો.' - નિયમ લીધો. પછી કોઈ જે કામ બતાવે તે આનંદથી કરી નાંખે.

**ઘરસભાથી સંતાનો ડાહ્યાં થાય છે.**

● અમદાવાદના દિનેશભાઈ. **સત્સંગ વર્ષોથી** કરે, **પણ જ્ઞાન નહીં**. મંદિર આવે. સેવા કરે. પણ કોઈ પ્રશ્ન પૂછે તો મોં સિવાઈ જાય. ધીરે-ધીરે તેમણે નિયમિત સત્સંગ સભા અને **ઘરસભા શરૂ** કરી.

તેમને યાદ તો ઓછું રહેતું હતું, પરંુત ધીરે-ધીરે બધું સમજાવા લાગ્યું. **અક્ષરપુરુષોત્તમ ઉપાસના**, શ્રીજી મહારાજ અને ગુરુપરંપરાનું જીવન, જીવનનું ધ્યેય વગેરે બધા વિષયો પર આજે તેઓ **કડકડાટ પ્રવચન** કરી શકે છે. બધાને સમજાવી પણ શકે છે.

**ઘરસભાથી સત્સંગનું જ્ઞાન દૃઢ થાય છે.**

(અહીં સત્ય પ્રસંગોનાં સ્થળ અને પાત્રોનાં નામ બદલ્યાં છે.)

## ■ પ્રમુખસ્વામી મહારાજ કહેતા

'પહેલાંના જમાનામાં **દાદા-દાદી** રામાયણ અને મહાભારતની વાતો કરતાં. **સંસ્કારો** આપતી વાર્તાઓ કહેતાં. **શાળા**માં પણ **ધર્મના સંસ્કારો** અપાતા. અને હવે ઘરે-ઘરે **ટી.વી.** પેઠું છે. જે સૌનાં જીવન બરબાદ કરે છે. એનાથી બચવા **રોજ રાત્રે** ઘરનાં સભ્યોએ ભેગાં થઈ **ઘરસભા** કરવી જ. **તો જ ઘરમાં શાંતિ રહેશે.** તો જ કુસંગના ઝેરથી બચી શકશે. ઘરસભાથી ઘર મંદિર બની જાય છે.'

હા, ઘરસભા અને બાળ-યુવા-સત્સંગસભા **પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા** છે. તેનાથી સ્વામીનો ખૂબ **રાજીપો** મળે છે. માટે દરેક સત્સંગીએ ઘરસભા અને બાળ-યુવા-સત્સંગસભા કરવી જ જોઈએ.

## ■ બાળકો દ્વારા ઘરસભા

ગુરુહરિની આજ્ઞા પાળે, તેને જ સારા હરિભક્ત કહેવાય. એ માટે...

(૧) આપણા ઘરમાં રોજ કે અઠવાડિયે ૨ વાર થતી ઘરસભામાં **ફરજિયાત બેસવું**.

(૨) જે ઘરમાં ઘરસભા ન થતી હોય, તે ઘરમાં બાળકોએ **ઘરસભા શરૂ કરવી**.


# ૨૫. એકાદશીનું તપ

**ઘનશ્યામ પ્રભુ** રોજ વહેલા ઊઠે. નાહીધોઈને પૂજાપાઠ કરે. પછી **અયોધ્યાનાં મંદિરોનાં દર્શન** કરવા જાય. આ એમનો નિત્યક્રમ. એકવાર ઘનશ્યામ પ્રભુ એક મંદિરે દર્શન કરવા ગયા. મંદિરમાં **એક કથાકાર કથા** કરતા હતા. કથામાં **એકાદશીનું વર્ણન** આવ્યું કે એક એકાદશી કરીએ, તો **૧,૦૦૦ અશ્વમેધ યજ્ઞ જેટલું પુણ્ય** મળે.

આ સાંભળી **બાળપ્રભુ** ઘનશ્યામે પૂછ્યું, 'એકાદશીનો આટલો મહિમા છે, તો ઘણા **લોકો એકાદશી કેમ નથી કરતા** ?' કથાકાર કહે, 'પ્રભુએ આ **મોંઘું શરીર** આપ્યું છે, તો એકાદશી કરીને તેને **શા માટે કષ્ટ** આપવું જોઈએ ? માટે **ખાઈ-પીને મજા** કરો. એકાદશી તો કોણ કરે ? જેને ખાવા ન મળે તે !'

ઘનશ્યામ પ્રભુએ કથાકારને ખૂબ સમજાવ્યા, પણ તેઓ ન જ માન્યા. તેથી પ્રભુને થયું, 'આ માણસ લોકોને **ખોટો ઉપદેશ** આપે છે. માટે થોડો પરચો દેખાડવો પડશે.' પ્રભુ ઘનશ્યામે તરત જ કથાકારને **સમાધિ**માં **યમપુરી** દેખાડી. ત્યાં **યમના દૂતો** કથાકારને મારવા ને પછાડવા લાગ્યા. **માર** ખાઈ-ખાઈને કથાકારનાં હાડકાં ખોખરાં થઈ ગયાં. થોડીવારે કથાકારની સમાધિ ઊતરી.

તરત જ તેમણે ઘનશ્યામના પગમાં પડી **માફી** માંગી ને નિયમ લીધો કે, 'હવેથી હું એકાદશી કરીશ અને લોકોને પણ **સાચો ઉપદેશ આપીશ**.'



કથાકારની વાત સાંભળી ત્યાં બેઠેલા સૌએ પણ એકાદશી વ્રત કરવાનો નિયમ લીધો.

**આવા હતા ઘનશ્યામ મહારાજ ! એકાદશી વ્રતના આગ્રહી. સૌને શાસ્ત્રોના સાચા અર્થો સમજાવે અને ધર્મના માર્ગે વાળે.**

■ **<u>આપણે કરવાનું તપ</u>**

શ્રીજી મહારાજ કારિયાણીના ૧૦મા વચનામૃતમાં કહે છે : 'તપે કરીને ભગવાનને રાજી કરવા.' માટે આપણે પણ મહારાજ-સ્વામીને રાજી કરવા તપનો ઈશક રાખવો જોઈએ. આપણા માટે તપ એટલે...

૧. **દરેક એકાદશી** નિર્જળા, સજળા કે ફરાળ સાથે કરવી.

૨. **શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાના ૫ ઉપવાસ** નિર્જળા કરવા :

(૧) દેવઊઠી એકાદશી (કાર્તિક સુદ-૧૧)

(૨) સ્વામિનારાયણ જયંતી (ચૈત્ર સુદ-૯: રામનવમી)


(૩) દેવ પોઢી એકાદશી (અષાઢ સુદ-૧૧)

(૪) જન્માષ્ટમી (શ્રાવણ વદ-૮)

(૫) જળઝીલણી એકાદશી (ભાદરવા સુદ-૧૧)

3. **શ્રાવણ માસમાં** ૭ કે ૧૫ દિવસ **એકટાણાં** કરવાં. અધિક માસમાં શ્રદ્ધા પ્રમાણે તપ-ઉપવાસ કરવાં.

૪. મિષ્ટાન્ન ન જમવું, ઠંડા પાણીએ નાહવું, જમવામાં કોઈ ફરિયાદ ન કરવી, પોતાને ગમતી વાનગી ન બનાવડાવવી, ગમતી વાનગીનો ત્યાગ કરવો... વગેરે **વિશેષ નિયમો** પણ લઈ શકાય.



# ૨૬. જેવું અન્ન તેવું મન



એક **જેલ**માં ઘણા **કેદીઓ** રહેતા હતા. કેટલાકને સારી રસોઈ બનાવતાંય આવડતું હતું. વ્યવસ્થાપકોએ નિર્ણય લીધો કે 'હવેથી કેદીઓ **રસોઈ** બનાવશે.' પછી કેદીઓ રસોઈ બનાવવા લાગ્યા.

પરંતુ બે મહિના બાદ એક ભયંકર પરિણામ આવ્યું. જેલના બધા જ કેદીઓ વધુ ખૂનખાર થઈ ગયા. જેલના **સ્ટાફના માણસોનો ગુસ્સો પણ વધી ગયો.** પછી તો અનુભવીઓએ તપાસ કરી. અને કેદીઓ દ્વારા રસોઈ બનાવવાનું બંધ કરાવ્યું.

ખરેખર, **મન પર અન્નની અસર** થાય છે. અને અન્ન પર તેને બનાવનારના વિચારોની અસર પણ થાય છે. માટે જ તો આપણા સંપ્રદાયમાં **આહારશુદ્ધિ**ની વાત થાય છે.

■ **બજારનું ખવાય નહીં**

સને ૨૦૦૨. **પ્રમુખસ્વામી મહારાજ અમદાવાદમાં** હતા. સંત આશ્રમ પાસે **એક કાર્યકર** ઊભા હતા. તેને દર્શાવીને એક સંત ધીમેથી કહે, 'આ કાર્યકર **બહારનું - હોટેલનું ખાય છે**.' સ્વામીને આ ન ગમ્યું. તેઓએ પૂછ્યું, 'તને **ઝેર ખાવાનું મન થાય છે ?**'

કાર્યકર ગમ્મતમાં કહે, 'અમુકવાર બહારનું ખાઈ લેવું પડે છે.' સ્વામી કહે, 'મૂરખનો રાજા છે. એક-બે દિવસ ન ખાઈએ, તો કાંઈ **મરી ઓછા જવાના છીએ.**'

પેલા સંત કહે, 'બાપા ! એને એમ છે કે **બહારનું ખાઈએ તેમાં સત્સંગી** થોડા મટી જઈએ?' તરત જ સ્વામી કહે, '**મટી જ ગયા કહેવાય**. સત્સંગીએ બજારનું ન જ ખવાય.'

સને ૧૯૮૦. પ્રમુખસ્વામી મહારાજે લંડનમાં કહ્યું હતું: 'તમે **અમારા થઈને બજારનું ખાઓ** એટલે **દુઃખ** થાય છે.'

■ **ઈંડાં-માંસ ખવાય નહીં**

સને ૧૯૮૦. **બોસ્ટન** (અમેરિકા). એક **યુવક** નિયમપાલનમાં ઢીલો પડી ગયો હતો. પ્રમુખસ્વામી મહારાજ કહે, 'તારી વાત સાંભળી અમને દુઃખ થયું છે.' યુવક કહે, 'મને જરા ટી.બી.ની અસર હતી, તેથી ડોક્ટરે **ઈંડાં** ખાવાનું કહ્યું હતું.'

સ્વામી કહે, 'ટી.બી. હોય કે ગમે તેવો રોગ હોય, **મટાડનાર શ્રીજી મહારાજ** છે. અને નહીં મટે, તો નિયમ પાળનારને તેઓ **ધામમાં બેસાડશે**.' આવું સાંભળી યુવકે માફી માંગી. સ્વામીએ રાજી થઈ તેને આશીર્વાદ આપ્યા.

■ **શું ન જમવું ?**

૧. દારૂ, તમાકુ, ગુટખા, સિગારેટ, બીડી, સોપારી વગેરે **વ્યસનો ન જ કરાય**.
૨. બજારમાં મળતી અમુક વાનગીઓ જેવી કે ચીઝ, ચોકલેટ, કેક, બિસ્કીટ વગેરેમાં ઈંડા કે પ્રાણીઓની ચરબી હોવાની શક્યતા છે. માટે વ્યવસ્થિત તપાસ કરીને જ વસ્તુ ખરીદવી.
૩. **ડુંગળી, લસણ અને હિંગ** ન જ ખવાય.

■ **શું જમી શકાય ?**

**ઘરમાં બનાવેલું**, ભગવાનને ધરાવીને **પ્રસાદી રૂપ થયેલું શાકાહારી અન્ન** જ જમવું.

■ **કેવી રીતે જમવું ?**

**શ્લોક બોલીને**, ખૂબ ચાવીને, ભગવાનને યાદ કરતાં - કરતાં જમવું.

■ **પ્રમુખસ્વામી મહારાજ કહેતા...**


'આહાર અને વિહારમાં સંયમ રાખવો. **ભોગમાં રોગનો ભય છે. સાદું જમીએ, તો તબિયત સારી રહે. ભજન અને સેવાનું સુખ આવે.** ભારે ભોજન જમીએ, તો મન એમાં રહે, ઊંઘ આવે ને રોગ થાય.'

મિત્રો, આજે કેટલાય સત્સંગી બાઈ-ભાઈ આહાર શુદ્ધિનો નિયમ દૃઢ રીતે પાળે છે. બહાર જવાનું હોય, તો ભોજન ઘરેથી બનાવીને લઈ જાય છે. અથવા ફ્રૂટ જમી લે છે. લગ્ન પ્રસંગે, કુટુંબીના ઘરે કે પાર્ટી-પ્રવાસમાંય નિયમો તોડતા નથી. એવા ભક્તો પર મહારાજ-સ્વામી ખૂબ જ રાજી થાય છે.

# ૨૭. રાજીપાનો ભંડાર

**જસદણ** ગામના **ગામધણીને** સ્વામિનારાયણનો **સત્સંગ ગમે નહીં**. એકવાર તેમણે **સુરાખાચરને** જસદણ **બોલાવ્યા**. **એકાંત જગ્યાએ ઉતારો** આપ્યો. સાંજે દરબાર ભરાયો. કામ પૂરું થયું ત્યારે સુરાખાચર ઉતારે જઈને સૂઈ ગયા. ગામધણીને તક મળી ગઈ. તેમણે એક અતિ સુંદર **ખરાબ સ્ત્રી**ને કહ્યું, 'તું સુરાખાચરને ધર્મમાંથી પાડ. તને મોં માંગ્યા પૈસા આપીશ.'

**રાત્રે ૧૨ વાગ્યા**. પેલી સ્ત્રી ઉતારે આવી. બારણા પાસે **બૂમો** પાડવા



લાગી, 'દરબાર ! એ દરબાર ! મારો દીકરો બીમાર છે. તેની દવા અંદર છે. આ ઘરમાં અમે રહીએ છીએ. માટે **કમાડ ઉઘાડો**.'

સુરાખાચરને વાત સાચી લાગી. તેમણે કમાડ ઉઘાડ્યું. પેલી **સ્ત્રી અંદર** આવી. બારણું બંધ કરી, ઢોંગ કરતી-કરતી કબાટ પાસે દવા શોધવા લાગી. થોડીવાર તેણે આમ-તેમ આંટા માર્યા. ને પછી વિચિત્ર **ચેનચાળા** કરવા માંડી.

**સુરાખાચર**ને સમજતાં વાર ન લાગી. તેમણે મ્યાનમાંથી **તલવાર** કાઢી ને સ્ત્રીને કહ્યું, 'બહેન! હમણાં જ અહીંથી ચાલ્યા જાઓ. નહિતર તલવાર સગી નહીં થાય.' તલવાર જોઈ સ્ત્રી ખૂબ ડરી ગઈ ને બોલવા લાગી, 'માફ કરો દરબાર. મને તો ગામધણીએ મોકલી હતી.' આમ બોલી તે તરત જ ભાગી ગઈ. ને સુરાખાચર પણ **રાત્રે જ** ઘોડે ચડી **ગઢડા જવા નીકળી ગયા**.

આ બધું ૨-૩ માણસો છુપાઈને જોતા હતા. ગામધણીએ તેમને મોકલ્યા હતા. તેમણે તરત જઈ **ગામધણી**ને બધી વાત કરી. સ્ત્રી-પુરુષ મર્યાદામાં આવી દૃઢતા જોઈ તેઓ ખૂબ **આશ્ચર્ય** પામી ગયા કે સ્વામિનારાયણના સત્સંગી પાક્કા ખરા. ધન્ય છે તેમના ભગવાનને !

આ બાજુ **ગઢડા**માં શ્રીજી મહારાજે અંતર્યામી પણે આ બધું જાણી લીધું. તેઓ ખૂબ જ રાજી થયા. સભામાં સૌને કહે, 'આજે અમે તમને એવા ભક્તનાં દર્શન કરાવીશું કે જેમણે એકાંતમાં પણ સ્ત્રી-પુરુષ મર્યાદાનો લોપ ન કર્યો.' કોઈએ પૂછ્યું, 'ક્યાં છે એ ભગત ?' **શ્રીજી મહારાજ** કહે, 'હમણાં આવશે.'

એવામાં સુરાખાચર આવ્યા. ઘોડેથી ઊતરી શ્રીજી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. કહે 'દયાળુ ! ખૂબ દયા કરી. બચાવી લીધા.' શ્રીજી મહારાજ પણ **દોડીને તેમની પાસે ગયા**. તેમને દંડવત્ કરતા રોક્યા. '**આ અમારા યતિ**.' એમ કહી **ભેટ્યા.** જોનાર સૌને અનુભવાયું કે આ **રાજીપો** જુદો હતો.

**શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે :**


**'એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહીં અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહીં... અને તે(ભક્ત) થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તોપણ તેની પાસે જ છીએ. અને જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે, તોય પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે.'**

**(વચનામૃત : ગઢડા મધ્ય-૩૩)**


■ **<u>પંચવર્તમાન</u>**

શ્રીજી મહારાજે હરિભક્તો માટે પંચવર્તમાન આપ્યાં છે. વર્તમાન એટલે નિયમો. **સત્સંગીનાં પાંચ પાયાનાં વર્તમાન છે : (૧) દારૂ : દારૂ ન પીવો. (૨) માટી : માંસાહાર ન કરવો. (૩) ચોરીઃ ચોરી ન કરવી. (૪) અવેરી : વ્યભિચાર ન કરવો** અને **(૫) વટલવું-વટલાવવું નહીં : અયોગ્ય આહાર-વિહાર ન કરવો.**

એમાં અવેરી એટલે **સ્ત્રી-પુરુષ મર્યાદાનો નિયમ**. **આપણે પણ આ વર્તમાનમાં દૃઢ રહી, શ્રીજી મહારાજનો અટળક રાજીપો લેવો જોઈએ.**



BAPS



# ૨૮. સાંજે સવાર પડી!

BAPS

શ્રીજી મહારાજ એક વખત **ગઢડામાં** દાદાખાચરના દરબારમાં લીમડાના વૃક્ષ નીચે બિરાજતા હતા. **સાંજનો સમય** હતો. એ વખતે **ગ્વાલિયરથી પ્રખ્યાત ગવૈયાઓ** આવી પહોંચ્યા. તેમણે શ્રીજી મહારાજના પરમહંસોની સંગીતકળાની પ્રશંસા ખૂબ સાંભળી હતી. આથી તેઓએ શ્રીજી મહારાજને વિનંતી કરતા કહ્યું: ‘અમે સાંભળ્યું છે કે આપના પરમહંસો સંગીત સારું જાણે છે. અમારે તેમનું સંગીત સાંભળવું છે.’

શ્રીજી મહારાજે તરત જ **પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી** આદિ સંતોને બોલાવ્યા. પરમહંસો સંગીતના સાધનો સાથે આવી ગયા. મહારાજને પગે લાગી બેઠા.

મહારાજે કહ્યું, ‘આ ગવૈયાઓને સંગીત સંભળાવો.’

‘કયો રાગ ગાઈએ પ્રભુ?’ પ્રેમાનંદ સ્વામીએ આજ્ઞા માગી.

**‘ભૈરવ રાગ.’** મહારાજે રાગ ચીંધ્યો.

આ સાંભળી ગવૈયાઓને રમૂજ અને સાથે મનમાં આશ્ચર્ય થયું, ‘અરે! સાંજના સમયે ભૈરવ રાગ?! **ભૈરવ રાગ તો સવારે ગાવાનો હોય.** અત્યારે તો સાંજ પડી છે. આ પરમહંસોને રાગના સમયનું પણ ભાન નથી! ખાલી ખોટો અહીં ધક્કો થયો.’

આમ, વિચારતાં ગવૈયાઓ તાકીને બેસી રહ્યા.


પરમહંસોએ શ્રીજી મહારાજની **મૂર્તિને ધારીને ગાન** શરૂ કર્યું...

‘ચંદન ચર્ચિત નીલ કલેવર,
સુંદર કટિતક કસ્યો પટ પીત.’

પ્રેમાનંદ સ્વામી અને સંગીતજ્ઞ સંતોએ વિવિધ વાજિંત્રો સહિત સમી સાંજે સવારમાં ગવાતો ભૈરવ રાગ ગાવાની શરૂઆત કરી. થોડી ક્ષણોમાં તો ભૈરવની હવા જામી ગઈ. **સાંજનું વાતાવરણ જાણે સવારમાં પલટાવા લાગ્યું. સૂર્યાસ્તને બદલે સૌને લાગ્યું કે આ સવાર પડી.** કૂકડાઓ બોલવા લાગ્યા. પક્ષીઓ ચણવા માટે માળામાંથી નીકળવા લાગ્યા. **ગવૈયાઓ ડોલી ગયા.** અરધા ઊભા થઈને ‘સુભાન અલ્લાહ, સુભાન અલ્લાહ’ કરતાં આ સ્વામિનારાયણ પરમહંસો પર ખુશ થઈ ગયા. સંગીત થંભ્યું ત્યારે જાણે સૌ એક **દિવ્ય સમાધિ**માંથી બહાર આવ્યા.

એ વખતે શ્રીજી મહારાજે કહ્યું, ‘તમે આ પરમહંસોનું સંગીત સાંભળ્યું. સાંજને સવારમાં પલટાવી શકે એ જ તેમની મોટપ નથી. **આ પરમહંસોએ ઝૂંપડે ઝૂંપડે ફરીને લોકોના જીવનપરિવર્તન કર્યા છે. વિષય, વ્યસન અને વહેમથી છોડાવી સૌને ભગવાનના માર્ગે ચઢાવ્યા છે. આ જ પરમહંસોની સાચી મોટપ છે.**’

શ્રીજી મહારાજના પરમહંસોની આવી મોટપ જાણી ગવૈયાઓ નતમસ્તક બની ગયા.



# ૨૯. જે આપે છે તે પામે છે

સૌરાષ્ટ્રમાં **થાણાગાલોલ** નામનું ગામ છે. **ગુણાતીતાનંદ સ્વામી** ત્યાં પધાર્યા. ગામને પાદર ઊભા રહ્યા. અને કહે, 'આ ગામમાં **જસા ભક્ત** રહે છે. તેમને બોલાવી લાવો.' પાર્ષદો ગયા ને તરત જ જસા ભક્તને બોલાવી લાવ્યા. જસા ભક્ત આવ્યા. સ્વામીને દંડવત્ કરી પગે લાગ્યા. સ્વામીએ પૂછ્યું, 'કેમ છો ભગત ?'

જસા ભક્ત દિલગીર હતા. તેઓ કહે, 'સ્વામી ! શું વાત કરું ! મારી **આર્થિક સ્થિતિ** ખૂબ જ **નબળી** છે. ગોપાળાનંદ સ્વામીએ મને કહ્યું હતું કે આ ગામ છોડવું નહીં. કારણ કે આ ગામ રસ્તાનું છે. સંતો આવે ત્યારે તારે જારનો લોટ અને અડદની દાળ આપવી. સાધુ જમશે ને તને આશીર્વાદ આપશે. પણ સ્વામી ! મેં સેવા કરી છે તોય હું બહુ જ દુઃખી છું.'



ગુણાતીતાનંદ સ્વામી કહે, 'તમે સમૈયામાં જૂનાગઢ આવતા નથી, અને **ધર્માદો (દાન) આપતા નથી. તેથી આ દુઃખ આવ્યું છે.** એમાં ગોપાળાનંદ સ્વામી શું કરે ?' પછી ધીરે રહીને સાંત્વન આપતાં સ્વામીએ પૂછ્યું, 'હમણાં તમારા ઘરમાં કેટલું અનાજ છે ?' જસા ભક્ત કહે, 'સ્વામી ! ૪૦ કિલો છે.' સ્વામીએ પૂછ્યું, 'પાણકોરું (પાતળું કપડું) કેટલું છે ?' જસા ભક્ત કહે, 'સ્વામી ! ૨ હાથ છે.' ગુણાતીતાનંદ સ્વામી કહે, '૪૦ કિલો **દાણા**માંથી **૧૦ કિલો** અહીં લાવો. અમે તેમાંથી **ઠાકોરજીને રસોઈ** જમાડીશું. **પાણકોરું** પણ લાવો. તેના અમે **લોટ ચાળવાનાં ગળણાં** કરીશું.' જસા ભક્તે જલદીથી સ્વામીએ કહ્યું તેમ કર્યું. સંતોએ જસા ભક્તે આપેલ અનાજમાંથી દાળ અને બાટી બનાવ્યાં. પછી વડના ઝાડ નીચે ઠાકોરજીને રસોઈ ધરાવી સૌ જમ્યા.

પછી સ્વામી ઘોડી પર બેસી જસા ભક્તના **ખેતરે** પધાર્યા. જમીન જોઈ સ્વામી બોલ્યા, 'આ તો **કાચું સોનું પાકે તેવી જમીન** છે. માટે ભગવાનને યાદ કરી મહેનત કરજો. અને ઠાકોરજીનો **વીશમો ભાગ (દાન-ધર્માદો) ચોખ્ખો કાઢજો**. શ્રીજી મહારાજની આ આજ્ઞા અણીશુદ્ધ (દૃઢ) પાળજો.'


પછી જસા ભક્તના માથે હાથ મૂકી સ્વામી ફરી બોલ્યા, 'જુઓ તમે જૂનાગઢ સમૈયે આવતા નથી ને ધર્માદો કાઢતા નથી. તેથી આ દુઃખ આવ્યું છે. માટે હવે નિયમ લેજો.' એમ કહી **આશીર્વાદ** આપી ગુણાતીતાનંદ સ્વામી ત્યાંથી નીકળી ગયા.

**જસાભક્તે** સ્વામીની **આજ્ઞા ૧૦૦% પાળી**. તેઓ જૂનાગઢ સમૈયે નિયમિત જવા લાગ્યા. પોતાની આવકમાંથી ૨૦મો ભાગ (એટલે કે ૫%) ધર્માદો (દાન) આપવા લાગ્યા. ને થોડો જ સમય થયો ને તેઓ **આર્થિક રીતે સુખી થઈ ગયા**. ભગવાન અને સંતની આજ્ઞા પાળે, તે સુખિયા કેમ ન થાય !


■ **શિક્ષાપત્રીની આજ્ઞા**

ભગવાને આપણને જીવન અને જીવન જીવવા અનેક વસ્તુઓ મફત આપી છે. તેનું ઋણ આપણે સેવા, ભક્તિ અને દાનથી ચૂકવવાનો પ્રયત્ન કરીએ છીએ. વળી, આપણે આપેલું દાન સત્કાર્યોમાં વપરાય છે. અને ભગવાન અનંતગણું કરી પાછું પણ આપે જ છે.

**માટે દરેક સત્સંગીએ નિયમિત ધર્માદો કરી દ્રવ્યની શુદ્ધિ કરવી જોઈએ. આપણી કમાણીનો દશમો કે વીશમો ભાગ ભગવાનનો છે. તેના પર લોભવૃત્તિ ન રાખવી જોઈએ. ધર્માદો એ ભગવાન અને સંતને રાજી કરવાની ઉત્તમ તક છે.**



# ૩૦. આજ્ઞાપાલક પરમહંસો



**અમદાવાદ**માં **દરિયાખાનનો ગુંબજ** છે. વર્ષો પહેલાં તેની આસપાસ આંબલીનાં ઝાડ હતાં. **મુક્તાનંદ સ્વામી અને કેટલાક પરમહંસો**એ ત્યાં **ઉતારો** કર્યો. સાવ એકાંત સ્થળ. સંતો દિવસ રાત કથા-વાર્તા કરે. ભજન કરે. મોડી રાત સુધી સંતો ધ્યાન પણ કરે.

એક દિવસ એક **શેઠ મૃત્યુ** પામ્યા. જ્ઞાતિના આગેવાનો અને શહેરના અનેક માણસો **અગ્નિ સંસ્કાર**માં જોડાયા. એમાંના **કેટલાક લોકો**એ ગુંબજ પાસે સંતોને જોયા. તેથી આશ્ચર્ય પામી સંતો પાસે ગયા અને કહે, '**તમે સિદ્ધ છો ?**' સંતો કહે, 'ના, અમે તો સાધક છીએ.' ના

સાંભળી એકે **મજાક** કરતાં કહ્યું, 'જુઓ, સિદ્ધ તો અમે છીએ.' એમ કહી તે ચાર-પાંચ માણસો સાથે **પદ્માસન** વાળી ઝાડ નીચે બેસી ગયો. આપણા બીજા સંતો પણ ત્યારે **ધ્યાન**માં જ બેઠા હતા.

એટલામાં અચાનક જ ઝાડ પરથી એક **સાપ નીચે પડ્યો**. પેલા **ઢોંગી લોકો** તો એકદમ ઊભા થઈને **ભાગ્યા**. પણ આપણા એકેય **સંતો ન ઊઠ્યા** ! શ્રીજી મહારાજની આજ્ઞા હતી કે 'ધ્યાન સમયે શરીર પર જીવ-જંતુ, વીંછી કે સાપ ચડે, તોય શરીર હલવા દેવું નહિ.' કેટલી અઘરી આજ્ઞા હતી ! પણ પરમહંસો એ સંપૂર્ણ રીતે પાળતા.

થોડીવારે **સાપ** ચાલવા માંડ્યો. કોઈના **હાથ** પર, તો કોઈના **પગ** પર. કોઈના **બરડા** પર તો કોઈના **માથા પર**. છતાં કોઈ સંતોએ ધ્યાન ન છોડ્યું.

**સચ્ચિદાનંદ સ્વામીના** ગળે વીંટાઈ સાપે **માથે ફેણ** ફેલાવી **છત્ર** કર્યું. છતાંય **સ્વામી ઊભા ન થયા.** પછી થોડીવારે સાપ ત્યાંથી ચાલ્યો ગયો.

આવી સ્થિરતા જોઈ **આગેવાનો** સંતોના **પગમાં** પડી ગયા. અને કહે, 'સ્વામી ! તમે જ **ખરા કેવળિક** છો.' ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, '**કેવળિક તો અમારા ભગવાન** સ્વામિનારાયણ છે. અમે તો તેમના દાસ છીએ.' આવું સાંભળી **આગેવાનો કહે**, 'તમે કાલે અમારા ઘરે **ભિક્ષા માટે પધારજો**.'

પણ સંતોને એક **બીજી આજ્ઞા** પણ હતી કે કોઈ **બોલાવે ત્યાં ભિક્ષા માટે ન જવું**. એથી વાણિયાઓ ૨-૩ દિવસ સંતોને સામેથી ભિક્ષા દેવા આવવા લાગ્યા.

પરંતુ માન મળ્યું તેથી **પરમહંસો ત્યાંથી ત્રીજે જ દિવસે નીકળી ગયા**. અને સારંગપુર પહોંચ્યા. શ્રીજી મહારાજે જ્યારે આ બધું જાણ્યું, ત્યારે તેઓ ખૂબ રાજી થયા. આવાં તો કુલ **૧૦૮** કઠણ **પ્રકરણો**માંથી પરમહંસો પસાર થયા હતા.

**આવા હતા આપણા પરમહંસો !**

**કોઈ અપમાન કરે, ખાવા-પીવા-રહેવા ન મળે, ગમે તેટલું દુઃખ આવે, તોય તેઓ શ્રીજી મહારાજની આજ્ઞા સંપૂર્ણ રીતે પાળતા. પોતે સિદ્ધ હતા, ભગવાન થઈને પૂજાય તેવા હતા, તોય શ્રીજી મહારાજના દાસ થઈને રહેતા.**



# ૩૧. ભક્ત હો તો આવા

**ગઢડાના દાદાખાચર.** શ્રીજી મહારાજના **પહેલા નંબરના ભક્ત**. એકવાર **શ્રીજી મહારાજે** દાદાખાચરને બોલાવ્યા અને **કહે**, 'દાદા ! તારે **ગરાસ**( મિલકત )ની શી જરૂર છે ? **બહેનોને લખી આપ**.'

જરાય શંકા કર્યા વિના દાદાખાચરે **લેખ કરાવ્યો**. ને બધી જ મિલકત બહેનોને લખી આપી.' ત્યારે શ્રીજી મહારાજ કહે, 'દાદા ! હવે શું કરશો ?' દાદાખાચર કહે, 'એમાં શું ? ભાવનગર જઈ રાજ્યમાં નોકરી કરીશ.' આવું સાંભળી શ્રીજી મહારાજે **લાડુબા અને જીવુબા**ને બોલાવ્યાં. ને કહ્યું, 'મિલકતના કામ માટે તો વારેવારે **ભાવનગર જવું પડે**. માટે એક નોકર રાખો.' એમ નક્કી કરી વળી દાદાખાચરને કહ્યું, 'બીજે ક્યાં **નોકરી** શોધશો ? તમે **અહીં દરબારમાં જ રહો અને બહેનોનું કામકાજ સંભાળો.**'

દાદાખાચરે આ આજ્ઞા પણ રાજી થઈને માથે ચઢાવી. પોતાના જ ઘરમાં, પોતાનાં જ બહેનોના નોકર થઈને રહેવાનું. ૧-૨ દિવસ નહિ, **૧ વર્ષ** સુધી દાદાખાચરે આ **આજ્ઞા પાળી**. પછી તો શ્રીજી મહારાજે મિલકત પાછી અપાવી. આમ ભક્ત **કઠિન પરીક્ષામાંય પાસ** થયા.

■■■

એકવાર દાદાખાચર **દાઢી** કરાવતા હતા. આ બાજુ **શ્રીજી મહારાજે** સભામાં **પૂછ્યું**, '**દાદાખાચર ક્યાં છે ?**' સમાચાર મળતાં જ દાદાખાચર **અડધી હજામત છોડી** સભામાં **આવી ગયા**. મોં પર કપડું વીંટેલું જોઈ શ્રીજી મહારાજે પૂછ્યું, 'આ શું?'

દાદાખાચર કહે, 'મહારાજ ! આપ બોલાવો છો તે સમાચાર મળ્યા, ત્યારે હું દાઢી કરાવતો હતો. દાઢી અડધી થઈ હતી. પણ આપની **આજ્ઞામાં મોડું કેમ કરાય ?** માટે આવી ગયો.'

■■■

એકવાર શ્રીજી મહારાજે દાદાખાચરને બોલાવ્યા. કહે, 'દાદા ! મંદિરના કામ માટે **૨,૦૦૦ રૂપિયા**ની જરૂર છે.' દાદાખાચર કહે, 'મહારાજ! **કાલે** સવારે રૂપિયા મળી જશે.' દાદાખાચર તો ચાલ્યા ગયા, પણ શ્રીજી મહારાજે તેમની **પરીક્ષા** લેવાનું વિચાર્યું.

વહેલી **સવારે શ્રીજી મહારાજ દરબારમાંથી નીકળવા લાગ્યા. દાદાખાચર દોડતા આવ્યા** ને પગે લપેટાઈ ગયા. **શ્રીજી મહારાજે ધક્કો**



મારી તેમને ઠેલી દીધા. કહે, 'રૂપિયા માટે કાલે કેમ કહ્યું ? હવે અમે જઈએ છીએ.' દાદાખાચરે **ખૂબ પ્રાર્થના** કરી, 'મહારાજ ! આપ જ મારો આધાર છો. ન જશો.'

તોય શ્રીજી મહારાજ ગાડા પર બેસી ગયા. દાદાખાચર **પૈડા નીચે** સૂઈ ગયા, ત્યારે શ્રીજી મહારાજે ગાડું બાજુમાંથી લેવડાવ્યું. દાદાખાચર ફરી પાછા રસ્તામાં સૂઈ ગયા, ત્યારે શ્રીજી



મહારાજ ઊતરીને ચાલવા લાગ્યા. **દાદાખાચર** ધ્રૂજતાં - ધ્રૂજતાં પાછળ આવે. **આંખોમાંથી આંસુ** વહે. તેઓ શ્રીજી મહારાજનાં **ચરણ પકડે**. **શ્રીજી મહારાજ તરછોડે** તોય ફરી ચરણ પકડે !!! હવે શ્રીજી મહારાજથી જ ન રહેવાયું. તેઓ પાછા વળ્યા ને દાદાખાચરને **ભેટી પડ્યા**. ને કહે, 'હવે અમે તમારે ત્યાં **નિરંતર રહીશું.**'

**આવા હતા દાદાખાચર !**

**શ્રીજી મહારાજની માળાના પહેલા મણકા. તેઓ શ્રીજી મહારાજની દરેક કસોટીમાં પાસ થયા. ગમે તેવી કસોટી થાય, એમને સંકલ્પ પણ ન થાય કે 'મહારાજ આવું કેમ કરે છે ?' એમનાં દિવ્યભાવ, ભક્તિ, સેવા, સમર્પણ એવાં હતાં કે શ્રીજી મહારાજ ૨૫ વર્ષ ગઢડા રહ્યા !**

ભક્તો તો ઘણા હોય, દાદાખાચર જેવા ભક્ત થવાય, તો શ્રીજી મહારાજ અખંડ આપણા અંતરમાં નિવાસ કરે.

BAPS

# ૩૨. સત્સંગ છોડવો જ નહિ

**અગતરાઈ** ગામના **પર્વતભાઈ**. આજ્ઞા અને ઉપાસનામાં પાક્કા ભક્ત. **સમર્પણ** પણ ખૂબ કરે. લોજના સદાવ્રત માટે તેમણે **૧૬ કળશી (૬,૪૦૦ કિલો) અનાજ** દાનમાં આપેલું.


એકવાર તેઓ અને તેમનાં પત્ની **ગઢડા** આવ્યાં. રાત દિવસ પર્વતભાઈ સત્સંગ કરે. આ જોઈ **શ્રીજી મહારાજને થયું**, 'આ **પર્વતભાઈ જમતા ક્યાં હશે ?** નક્કી ઉતારે જઈને જમતા હશે.' પણ ઘણા દિવસ થયા ત્યારે શ્રીજી મહારાજે મયારામ ભટ્ટને કહ્યું, 'જાઓ, જઈને તપાસ કરો કે પર્વતભાઈ જમે છે ક્યાં ?'

મયારામ ભટ્ટે આ વાત પર્વતભાઈનાં **પત્ની**ને પૂછી. તેઓ કહે, 'અરે! શ્રીજી મહારાજની પાસે જ તો અખંડ બેસી રહે છે. ત્યાં જ પ્રસાદી જમતા હશેને. **અમારી પાસે તો જમવા નથી આવતા.**'

મયારામ ભટ્ટે આ વાત કરી, ત્યારે આશ્ચર્ય પામી **શ્રીજી મહારાજે પર્વતભાઈને પૂછ્યું**, 'તમે અહીં જમતા નથી. તમારા ઘરનાં પાસેય જમતા નથી, તો **તમે જમો છો ક્યાં ?**' પર્વતભાઈ કહે, 'મહારાજ ! તમારી મૂર્તિનાં **દર્શન કરીને જ તૃપ્ત** થઈ જાઉં છું.'

૧-૨ નહીં, લગભગ **૭ દિવસ** સુધી **કોઈએ જમવાનુંય પૂછ્યું નહીં**, તોય પર્વતભાઈને **ખોટું ન લાગ્યું**.

...



બોટાદના નગરશેઠ **શિવલાલ શેઠ**. ૯ લાખ રૂપિયાના આસામી. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સત્સંગથી તેમની એકાંતિક સ્થિતિ થઈ હતી.

એકવાર તેઓ **જૂનાગઢ** આવ્યા. જમ્યા પછી મુખવાસમાં **સોપારી** ચાવતાં **સભામાં** બેઠા. **ગુણાતીતાનંદ સ્વામી કથા** કરતા હતા. કટક્ કટક્ **અવાજ** સાંભળીને તેઓ બોલ્યા, 'સભામાં **કોણ હાડકું ચાવે છે ?**'

આખી સભાની નજર શિવલાલ શેઠ તરફ ગઈ. **શિવલાલ શેઠ** તરત જ **ઊભા** થઈ ગયા. બહાર ગયા. **સોપારી થૂંકી મોં ધોયું.** અને પાછા સભામાં બેઠા.

'આટલા બધા માણસો વચ્ચે સ્વામીએ મારું **અપમાન** કર્યું ? આટલી સેવા કરીએ છીએ, તોય અહીં આપણી કદર થતી નથી. ચાલો **સત્સંગ છોડી દઈએ**.' **એવો વિચાર પણ** તેમને **ન આવ્યો**.

■■■

સત્સંગનો ખપ કેવો રાખવો જોઈએ ? એ વિશે પરમહંસ સચ્ચિદાનંદ સ્વામી કહેતા : 'કોઈ મને ગમે તેવું દુઃખ દે તોપણ હું સંતોનો નિવાસ હોય ત્યાં જાઉં ને કહું : 'હે સંતો ! આ ઝોળીમાં ભિક્ષા આપો.' પછી તેમાં જે મળે, તે ખાઈને હું સત્સંગમાં પડ્યો રહું, પણ સત્સંગ ન મૂકું. કેમ કે હાડ-ચામડી સત્સંગનાં છે.'

**આવા હતા આપણા સંતો-ભક્તો !**

**સમર્પણ કરવામાં કાંઈ જ બાકી ન રાખે. છતાં ક્યારેક સગવડ ન સચવાય, ગમે તેવું અપમાન થાય, તોય તેઓ સત્સંગ છોડતા નહિ. તેઓનો સત્સંગ જીવનો હતો.**



# 33. આખો સત્સંગ એક પરિવાર

**માંગરોળ** ગામમાં એક ગરીબ ભક્ત રહેતા હતા. નામ **કમળશી વાંઝા**. તેઓ ખૂબ જ **બીમાર** હતા. સારવાર કરનાર કોઈ જ ન મળે. કુટુંબીઓએ પણ મોં ફેરવી લીધું.

પણ આ વાત **પંચાળાના દરબાર ઝીણાભાઈ**એ જાણી. તેમને બહુ લાગી આવ્યું. શ્રીજી મહારાજના શબ્દો તેમના કાનમાં ગુંજવા લાગ્યા કે 'સત્સંગીના તો **દાસનાય દાસ** થઈને રહેવું.' તરત જ તેમણે નક્કી કરી નાખ્યું કે, 'કમળશીભાઈની **સેવા મારે જાતે કરવી**. હું એમને મારા ઘરે લઈ આવીશ !'

માંદા કમળશી ભાઈને ખાટલામાં સૂતાં-સૂતાં જ લઈ જવા પડે તેમ હતું. ઝીણાભાઈએ **મજૂરો** બોલાવ્યા, પણ **ત્રણ** જ મળ્યા. ઝીણાભાઈ કહે, '**ચોથો** મજૂર **હું** ! ઉપાડો ભગતને.' એમ કહી પોતે ખાટલો ખભે લીધો. થોડીવારે મજૂર મળી ગયો, એટલે ઝીણાભાઈ છૂટા થયા.

પંચાળામાં ઝીણાભાઈએ **પોતાના ઓરડામાં જ ખાટલો** મુકાવ્યો. અને રાત-દિવસ જાતે જ કમળશીભાઈની **સેવા** કરવા માંડ્યા. **માથું** દાબે. પગ દાબે. **કોળિયો** મોમાં મૂકી ખવડાવે. **કપડાં** પણ ધૂએ. પોતે દરબાર. ઠાકોર. તેમના ઘરે તો નોકરોય ઘણા હોય, પણ હરિભક્તની **સેવા તેઓ જાતે જ કરે**.



આ વાતની ખબર **શ્રીજી મહારાજ**ને પહોંચી. તેઓ એવા તો **રાજી** થયા કે તરત **પંચાળા** પધાર્યા. ને હેતથી ઝીણાભાઈને **ભેટ્યા**. એકવાર નહિ, **સાતવાર** ! આ **સંપનો** અને સુહૃદભાવનો રાજીપો હતો. હરિભક્તના **પક્ષનો રાજીપો** હતો. પછી ઝીણાભાઈએ જરૂર પડી ત્યાં સુધી કમળશીભાઈની સેવા કરી.

**થોડાં વર્ષો વીત્યાં**. હવે **ઝીણાભાઈ** જુનાગઢમાં **મરણ પથારીએ** પડ્યા. **શ્રીજી મહારાજને ખબર** મળી. તેઓ તરત **જુનાગઢ** જવા નીકળ્યા. **અડધી રાતે** ઝીણાભાઈ પાસે આવી ઊભા રહ્યા. ખાટલાના ઓશીકે જઈ બેઠા. **માથે હાથ** મૂક્યો. ને તે જ વખતે ઝીણાભાઈએ દેહ છોડ્યો.

ઝીણાભાઈની **સ્મશાનયાત્રા** નીકળી. તેમાં શ્રીજી મહારાજે પોતે એમની **નનામી ખભે લીધી**!! આ પહેલાં શ્રીજી મહારાજે આવું માન કોઈનેય આપ્યું ન હતું. તેથી સૌને ખૂબ જ નવાઈ લાગી.

રહસ્ય પૂછ્યું ત્યારે શ્રીજી મહારાજ કહે, ‘કમળશીનો ખાટલો ખભે લઈ ઝીણાભાઈ જેટલાં ડગલાં ચાલ્યા હતા, તેથી **બમણાં ડગલાં** અમે તેમની નનામી ઉપાડી ચાલ્યા ! ભગવાનના ભક્ત થવું કઠણ છે, પણ ભક્તનાય ભક્ત થવું, એ તો એથીય કઠણ છે. એ કામ ઝીણાભાઈએ કર્યું. તેથી અમારો એમના પર અનહદ રાજીપો છે.’

**આવા હતા શ્રીજી મહારાજના ભક્તો !**

**સત્સંગને એક દિવ્ય પરિવાર માને. સંપ, સુહૃદભાવ અને એકતા રાખે. પક્ષ રાખે. અને શ્રીજી મહારાજનો અનહદ રાજીપો મેળવે.**

**યોગીજી મહારાજ કહેતા : ‘અક્ષર અને પુરુષોત્તમ આપણાં મા-બાપ છે. સત્સંગ આપણું ઘર છે. સંતો-ભક્તો જ આપણો પરિવાર છે.’**



# ૩૪. પ્રહ્‌લાદની ભક્તિ

**હિરણ્યકશિપુ** નામનો એક **અસુર** હતો. તેના **ભાઈ**નું નામ **હિરણ્યાક્ષ** હતું. તે પણ અસુર હતો. ખૂબ પાપ કરતો હતો.

તેથી **વિષ્ણુ ભગવાને** તેને **મારી નાંખ્યો**. આથી હિરણ્યકશિપુએ **વિષ્ણુ ભગવાનને મારવા તપ** કર્યું. અને **બ્રહ્માજી પાસેથી વરદાન** મેળવ્યું કે દિવસે કે રાત્રે, ઘરમાં કે બહાર, માણસથી કે પશુથી, અસ્ત્રથી કે શસ્ત્રથી તે **ક્યારેય ન મરે**.

સમય જતાં **હિરણ્યકશિપુના ઘરે પુત્ર** જન્મ્યો. નામ પડ્યું **પ્રહ્‌લાદ**. પણ તે નાનપણથી જ ભક્તિ કરે. પિતાને આ જરાય ન ગમે. હિરણ્યાકશિપુ કહે, 'ભગવાન છે જ નહિ.' પ્રહ્‌લાદ કહે, 'ભગવાન નથી તો આ દુનિયા કોણે બનાવી ? આપણને કોણે બનાવ્યા ?' **પિતા** કહે, 'હું જ ભગવાન છું. હવે જો **તું ભગવાનનું નામ લઈશ, તો તને મારી નાખીશ.**' **પુત્ર** કહે, 'તમારે જે કરવું હોય તે કરો, પણ હું ક્યારેય **ભક્તિ નહીં મૂકું.**'

**હિરણ્યાકશિપુ** ખૂબ જ **ગુસ્સે** ભરાયો. અને પ્રહ્‌લાદને **ગુરુકુળ**માં મોકલ્યો. ત્યાં અસુર ગુરુજીઓએ ખૂબ પ્રયત્ન કર્યો, પણ **પ્રહ્‌લાદે ભક્તિ ન મૂકી**. ઊલટું ત્યાં બીજા બાળકોનેય ભજન કરતાં શીખવ્યું.

હવે હિરણ્યકશિપુ ખૂબ જ ક્રોધે ભરાયો. તેણે કહ્યું, 'સિપાહીઓ ! આને મારી નાંખો.' આજ્ઞા મળતાં સિપાહીઓએ પ્રહ્‌લાદને બાંધ્યો. **પર્વત પરથી ફેંક્યો.** પણ ભગવાને ઝીલી લીધો. ગાંડા **હાથીના પગ નીચે કચડ્યો**, તો ભગવાને પ્રહ્‌લાદનું શરીર લોખંડનું કરી દીધું. પ્રહ્‌લાદ તો હસતો જાય ને ભજન કરતો જાય.

છેવટે પિતાએ બહેન **હોલિકા**ને બોલાવી. અગ્નિ તેને બાળી ન શકે, તેવું એને વરદાન હતું. પ્રહ્‌લાદને લઈ હોલિકા અગ્નિમાં બેઠી. પણ આ શું ! **હોલિકા બળી ગઈ અને પ્રહ્‌લાદની રક્ષા થઈ!** આ પ્રસંગથી હોળીનો તહેવાર શરૂ થયો.

પણ હવે તો હદ થઈ ગઈ હતી. પિતા દિવસ અને રાત વિચારે કે પુત્રને કેવી રીતે મારી નાખું. છેવટે તેમણે એક **લોખંડનો થાંભલો** તૈયાર કરાવ્યો. તેને અગ્નિમાં **લાલચોળ** તપાવ્યો. પછી કહે, 'તારો ભગવાન ક્યાં છે ?' પ્રહ્‌લાદ કહે, 'તેઓ બધે જ છે. 'હિરણ્યકશિપુ કહે, 'આ થાંભલામાં છે ?' પ્રહ્‌લાદ કહે, 'હા.' પિતા કહે, 'તો થાંભલાને **બાથ ભર**.'

પ્રહ્‌લાદ નામ સ્મરણ કરતો-કરતો થાંભલાને ભેટ્યો. પણ તેને કાંઈ ન થયું! **પિતા**નો ગુસ્સો આસમાને ચઢ્યો. તેણે **થાંભલાને ગદા મારી**. ને **થાંભલો કડડડ કરતો તૂટ્યો**. વિષ્ણુ **ભગવાન નૃસિંહરૂપે** તેમાંથી **પ્રગટ** થયા.

દિવસ નહીં ને રાત નહીં, ત્યારે સંધ્યાકાળ હતો. ઘરમાં નહીં ને બહાર નહીં, ભગવાન ઉંબરા ઉપર બેઠા. માણસ નહીં ને પશુ નહીં, આ તો નૃસિંહનું રૂપ. શસ્ત્રથી નહીં ને અસ્ત્રથી નહીં, ભગવાને **હિરણ્યકશિપુને નખથી ચીરી નાંખ્યો**. બ્રહ્માજીના વરદાનની શરતો પણ સચવાઈ ગઈ ને પૃથ્વી પરથી એક પાપી નાસ્તિક ઓછો થયો.

નૃસિંહ ભગવાન કહે, 'પ્રહ્‌લાદ! **વરદાન** માંગ.' **પ્રહ્‌લાદ કહે**, 'હે ભગવાન ! આપે મારા શરીરની રક્ષા કરી, તો સાથે **ઈન્દ્રિયોના કુસંગથી પણ મારી રક્ષા કરજો**. સત્સંગ દેજો. હંમેશાં દાસ ભાવે સેવા-ભક્તિ કરતો રહું - એવા આશીર્વાદ આપો.' પછી ભગવાને 'તથાસ્તુ' કહ્યું અને અદૃશ્ય થઈ ગયા.

**આવો બાળભક્ત હતો પ્રહ્‌લાદ !**

**ગમે તેવા સંજોગોમાં ભક્તિ ન મૂકે. આપણે પણ આવી અડગ ભક્તિ કરીએ, તો ભગવાન હંમેશાં આપણી સાથે રહે અને આપણી બધે જ જીત થાય.**





# ૩૫. પૃથ્વી પરનું અમૃત : વચનામૃત

**જૂનાગઢમાં સભા** ભરાઈ હતી. અક્ષરબ્રહ્મ **ગુણાતીતાનંદ સ્વામી** આવ્યા અને કહે '**અમૃત લાવો.**' બાજુમાં ઊભેલા **સંત**ને થયું, 'નક્કી બોલવામાં કાંઈ ભૂલ થઈ લાગે છે. પૃથ્વી પર અત્યારે અમૃત ક્યાંથી હોય ?' તેમણે સ્વામીને કહ્યું, '**શું લાવું** ?' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'અમૃત... અમૃત લાવો.' પેલા સંત કહે, 'પણ સ્વામી ! અમૃત ક્યાંથી કાઢવું ?'

હવે સ્વામીને સંતની મૂંઝવણ ખબર પડી. તેઓ હસતાં-હસતાં કહે, 'અમૃત એટલે વચનામૃત. **વચનામૃત પૃથ્વી પરનું અમૃત છે.** અમૃત પીવાથી દેવ બની સ્વર્ગ મળે, તેમ વચનામૃતનું પાન કરે, તે અક્ષરમુક્ત બની અક્ષરધામ પામે.'

સૌ સંતો-ભક્તોને આ પ્રસંગથી વચનામૃતનો વિશેષ મહિમા સમજાયો.

■ <u>**વચનામૃત પરિચય**</u>

- ગઢડા, સારંગપુર, કારિયાણી, લોયા, પંચાળા, વડતાલ અને અમદાવાદ. આ **૭ સ્થળોમાં** શ્રીજી મહારાજે જે **દિવ્ય વાતો** કરી હતી, તે પરમહંસોએ **સભામાં જ નોંધી** હતી. તેનું સંકલન એટલે વચનામૃત.
- વચનામૃતનું સંપાદન કરનાર **૪ પરમહંસો** હતા : **(૧) ગોપાળાનંદ સ્વામી (૨) નિત્યાનંદ સ્વામી (૩) મુક્તાનંદ સ્વામી અને (૪) શુકાનંદ સ્વામી.**
- ૨૧ નવેમ્બર, સને ૧૮૧૯માં ગઢડા પ્રથમનું પહેલું વચનામૃત બોલાયું. ગઢડા અંત્યનું ૩૯મું વચનામૃત ૨૫ જુલાઈ, સને ૧૮૨૯ના દિને બોલાયું. આમ શ્રીજી મહારાજની **૧૦ વર્ષની કથાનું સંકલન** એટલે વચનામૃત.
- દરેક વચનામૃતની શરૂઆતમાં સ્થળ, તારીખ અને શ્રીજી મહારાજનું વર્ણન આવે છે. જે પરમહંસોની ઈતિહાસ નોંધવાની કળા દર્શાવે છે.
- વચનામૃતમાં **પ્રશ્નોત્તરી** છે. ક્યારેક સંતો-ભક્તો પ્રશ્ન પૂછે અને શ્રીજી મહારાજ જવાબ આપે. ક્યારેક શ્રીજી મહારાજ પ્રશ્ન પૂછે અને પોતે જ જવાબ આપે. આને ઉપનિષદ શૈલી કહેવાય.
- કુલ **૨૬૨** વચનામૃતો છે. વધારાનાં વચનામૃત ગણતરીમાં લઈએ તો ૨૭૩ વચનામૃતો થાય.

■ <u>**વચનામૃતનો મહિમા**</u>

- શ્રીજી મહારાજ કહે છે : 'આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે **કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે**, તે સર્વેનું અમે શ્રવણ



કરીને, **તેનું સાર** કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને **સારનું પણ સાર** છે. અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે **સર્વેને** આ વાર્તા છે તે **જીવનદોરી રૂપ** છે.'

(વચનામૃત : ગઢડા મધ્ય-૨૮)


- **યોગીજી મહારાજ** કહે છે : 'વચનામૃતનું જે પાન કરશે, તેમને શ્રીજી મહારાજ પોતાની પાસે બેસાડશે. જે **૧૦૮ પાઠ** કરશે, તેમને **શ્રીજી મહારાજ** સાક્ષાત્ **દર્શન દેશે**, એમ મોટા સદ્‌ગુરુ કહેતા.'
- **જીવનના તમામ પ્રશ્નોના** વચનામૃતમાં **જવાબ** છે. વચનામૃત વાંચવાથી આખી દુનિયાના બધા જ ધર્મગ્રંથો વાંચી લીધા કહેવાય.

■ **<u>વચનામૃત વાંચનનો નિયમ</u>**

- **પ્રમુખસ્વામી મહારાજ** કહેતા : દરેક સત્સંગીએ **રોજ ૧ વચનામૃત અને ૫ સ્વામીની વાતો અવશ્ય વાંચવી** જોઈએ.
- ગુણાતીતાનંદ સ્વામી કહે છે : **વચનામૃત**ના અર્થ સમજાય તેવા નથી, પણ **બહુ અભ્યાસ** રાખે તો પોતાની **મેળે સમજાય** એવો મહારાજનો વર છે.

(સ્વામીની વાતો : ૫/૨૨૧)

તો ચાલો મિત્રો ! આજથી જ 'વચનામૃત' વાંચવા-સમજવાનો નિયમ લઈએ અને મહારાજ-સ્વામીનો **રાજીપો** મેળવીએ.





# ૩૬. સંદેશવાહક

વસો ગામના **મગનભાઈ**. સને ૧૯૦૧માં એમનો જન્મ. મેટ્રિક સુધી ભણ્યા. સને ૧૯૧૯માં **આફ્રિકા** ગયા. ઈસ્ટ આફ્રિકન **રેલવેમાં સ્ટેશન માસ્તરની નોકરી** મળી. પણ દેશનો સંપર્ક છૂટ્યો તેથી સંસ્કારો ભુલાઈ ગયા.

સને ૧૯૨૯ની વાત છે. તેઓ **કીબ્વેઝી** ગામે હતા. નોકરી પછી રોજ રાત્રે તેઓ **વૉલીબૉલ** રમે. કેટલાક ભારતીયો હોય. સાથે ત્યાંના આફ્રિકનો અને યુરોપિયનો પણ હોય. રોજ સાંજ પડે ને તેમાંના **ખ્રિસ્તીઓ ચર્ચમાં** જાય, **મુસ્લિમો મસ્જિદમાં** જાય, સૌ પોતપોતાનાં ધર્મસ્થાનોમાં જાય. રહે ૨-૩ હિંદુઓ. મગનભાઈને થાય, 'આ કેવું ? **આપણે હિંદુઓએ ક્યાંય નહીં જવાનું ?**'

એ સમયે ગાના ગામના **હરમાનભાઈ સાથે** તેમનો **યોગ** થયો. હરમાનભાઈ સત્સંગી હતા. તેમણે મગનભાઈને **શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો** કરી. **અક્ષર અને પુરુષોત્તમનું જ્ઞાન** શું છે ? તે પણ સમજાવ્યું. પછી મગનભાઈએ **વચનામૃત ૧૦ વાર વાંચ્યું.**

નોકરીમાં જેવી **રજા** મળી કે મગનભાઈ **ભારત** આવ્યા. **આણંદ**માં શાસ્ત્રીજી મહારાજનાં પ્રથમવાર દર્શન કર્યાં. શાસ્ત્રીજી મહારાજ કહે, 'અમારે તમારા દ્વારા આફ્રિકામાં સત્સંગનો પ્રચાર કરવો છે.' **મગનભાઈ** કહે, 'સ્વામી ! **હું પૂરો નાસ્તિક છું. મને શાસ્ત્રનું કાંઈ જ જ્ઞાન નથી. કથા કરવાનુંય ફાવે નહિ.**' ત્યારે **શાસ્ત્રીજી મહારાજ આશીર્વાદ** આપતાં કહે, 'મગનભાઈ ! **તમારામાં રહીને ભગવાન બોલશે.**'

આફ્રિકા પાછા આવી મગનભાઈ અને હરિભક્તોએ નિર્ગુણદાસ સ્વામીને

પત્ર લખ્યો કે સત્સંગી કે તેમનાં સગાં ઈસ્ટ આફ્રિકામાં જ્યાં જ્યાં રહેતાં હોય, તેનાં **નામ-સરનામાં** મોકલો. જેવી માહિતી આવી કે હરિભક્તોએ સંપર્ક શરૂ થયો. ને આફ્રિકામાં **અધિવેશન અને સમૈયા** શરૂ થઈ ગયાં.

જમી પરવારી રાત્રે ૯-૦૦ વાગે કથા શરૂ થાય અને ૨ વાગે પૂરી થાય. ક્યારેક તો સવારે ૫ પણ વાગી જાય. વચનામૃતનું એવું નિરૂપણ થાય કે ઊંઘ તો શું, કોઈને આળસ પણ ન આવે ! આમ મગનભાઈની **કથાવાર્તા**થી સૌમાં નિષ્ઠાનાં બીજ રોપાયાં.

મગનભાઈ કહેતા, 'હવે કથા કર્યા વિના રહેવાતું જ નથી.' પોતાની પુત્રીના લગ્નમાં પણ તેઓ અડધા કલાકની વિધિ પૂરી કરી, ૩ દિવસ કથાવાર્તા જ કરતા રહ્યા હતા !

**જિંજા**માં **આગલા સ્ટેશન માસ્તર લાંચ લઈ વેગનો** છોડાવતા હતા. મગનભાઈ અધિકાર પર આવ્યા ત્યારે અમુક વેપારીઓ પૈસા લઈને લાંચ દેવા આવ્યા. **મગનભાઈ** કહે, '**લાંચ લઉં તો મારો તિલક-ચાંદલો લાજે.** ને મારા ગુરુને બટ્ટો લાગે. માટે પૈસા પાછા લઈ જાઓ. પણ રોજ ૫-૩૦ થી ૬-૦૦ વાગ્યે **કથા સાંભળવા આવજો**.' આ રીતે મકીન્ડુ, ગીલગીલ, કીસુમુ, નમાસાગલી... વગેરે જે-જે સ્થળે મગનભાઈની બદલી થઈ, ત્યાં-ત્યાં તેમણે **સૌને સત્સંગનો રંગ** ચઢાવ્યો.

મગનભાઈ છેલ્લાં ઘણાં વર્ષો **ટરોરો** રહ્યા હતા. ૬-૦૦ વાગ્યે નોકરીનું કામ પૂરું થાય, ત્યારે તેઓ ગામમાં પહોંચી જતા. તે સમયે **ત્યાંના લોકો** અને **ભારતીયો** ભેગા થઈ **દારૂ** અને **સિગારેટ** પીતા હોય. **જુગાર** રમતા હોય. પણ **મગનભાઈ** ખૂણામાં બેસી **વચનામૃત વાંચતા**. પણ કોઈ સાંભળતું જ નહીં. આમ ને આમ **૪ મહિના** ચાલ્યું.

છેવટે મગનભાઈ સૌને કહે, 'આવું પશુ જેવું જીવન મૂકી ભગવાનનું ભજન કરો.' નાર ગામના **સી.એમ. પટેલ** કહે, 'તમારી વાતમાં **અમને કોઈ રસ નથી**.' છતાં મગનભાઈએ **વાતો ચાલુ જ રાખી.** ધીમે ધીમે સી. એમ. પટેલ અને ઘણા ગુજરાતીઓ તથા પંજાબીઓને **સત્સંગનો રંગ** લાગ્યો.

પછી આફ્રિકામાં દર મહિને કે ૧૫ દિવસે જુદી-જુદી જગ્યાએ નાના-મોટા સમૈયા થવા લાગ્યા. ટરોરોમાં **સમૈયો** હોય ત્યારે સૌ હરિભક્તોના જમવા વગેરેની વ્યવસ્થા મગનભાઈ **પોતાના ખર્ચે** જ કરતા. વળી, પોતાના ઘરખર્ચના **૧૫૦ શિલિંગ રાખી**, તેઓ **પગારના બધા પૈસા** શાસ્ત્રીજી મહારાજને **સમર્પિત** કરી દેતા.

ઘણીવાર મગનભાઈ રૂમમાં એકલા **પ્રાપ્તિ**ના **આનંદ**માં **નાચવા-કૂદવા માંડતા**. 'હું સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણની **આરતી** ઊતારું છું' એ ભાવથી આરતી ઉતારે, ત્યારે **કેફ**માં એવા ઉછળે કે ૨ માણસોએ તેમને **પકડવા પડે !** સમૈયામાં હરિભક્તો જમવા બેઠા હોય તે જગ્યાએ **આળોટવા લાગે !** ઘણીવાર હરિભક્તોને **દંડવત્** પણ કરે. આમ સંબંધનો અપરંપાર મહિમા સમજે.

**શાસ્ત્રીજી મહારાજે અંતિમ બીમારી** વખતે આફ્રિકાના હરિભક્તોને પત્ર લખી **સારંગપુર** બોલાવ્યા હતા. **આફ્રિકાથી સ્ટીમરમાં** ભારત **આવતા ૯ દિવસ** થતા. એ દરમ્યાન પણ મગનભાઈએ એકલાએ રોજ **૧૨ થી ૧૮ કલાક કથાવાર્તા** કરી હતી !

શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી મગનભાઈ દ્વારા આફ્રિકામાં અનેક **ચમત્કારો** પણ થયા હતા. પરંતુ મગનભાઈ હંમેશાં માન-સન્માનથી દૂર રહ્યા. **દાસભાવે સેવા** કરતા રહ્યા. **ગૃહસ્થ હોવા છતાં સંત જેવું જીવન જીવી ગયા.**

**એમના યોગથી** જ સી. એમ. કાકા અને સી. ટી. કાકાને **સત્સંગનો રંગ** લાગ્યો. જે રંગ પછી તો **યુરોપ, અમેરિકા સુધીય પહોંચ્યો**.

**એક જ વ્યક્તિ ધારે તો સત્સંગનો કેટલો પ્રચાર કરી શકે, તેનું મગનભાઈ આદર્શ દૃષ્ટાંત છે. આપણે પણ આવા પ્રચારક બની મહારાજ-સ્વામીને રાજી કરવા જોઈએ.**

# ૩૭. કાયમી મુખપાઠ

■ **જયનાદ**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
અક્ષરપુરુષોત્તમ મહારાજની જય
ગુણાતીતાનંદ સ્વામી મહારાજની જય
ભગતજી મહારાજની જય
શાસ્ત્રીજી મહારાજની જય
યોગીજી મહારાજની જય
પ્રમુખસ્વામી મહારાજની જય
મહંતસ્વામી મહારાજની જય

■ **આરતી**

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
અક્ષરપુરુષોત્તમ જય (૨), દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ... ટેક

મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્, (જય) (૨)
સર્વોપરી કરુણાકર(૨), માનવ તનુધારમ્... જય. ૧.

પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ, (જય)(૨)
અક્ષરબ્રહ્મ અનાદિ(૨), ગુણાતીતાનંદ... જય. ૨.

પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા, (જય) (૨)
ધર્મ એકાંતિક સ્થાપક(૨), ભક્તિ પરિત્રાતા... જય. ૩.

દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ, (હો) (૨)
સુહૃદભાવ અલૌકિક (૨), સ્થાપિત શુભ રીતિ... જય. ૪.

ધન્ય ધન્ય મમ જીવન, તવ શરણે સુફલમ્, (હો) (૨)
યજ્ઞપુરુષ પ્રવર્તિત (૨), સિદ્ધાન્તં સુખદમ્... જય. ૫.

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ...
અક્ષરપુરુષોત્તમ જય(૨), દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ...જય સ્વામિ...

■ **પૂજાના શ્લોકો**

**આહ્‌વાન મંત્ર :**

**ઉત્તિષ્ઠ સહજાનંદ શ્રીહરે પુરુષોત્તમ ।**
**ગુણાતીતાક્ષર બ્રહ્મન્ ઉત્તિષ્ઠ કૃપયા ગુરો ॥**
**આગમ્યતાં હિ પૂજાર્થમ્ આગમ્યતાં મદાત્મતઃ ।**
**સાંનિધ્યાદ્ દર્શનાદ્ દિવ્યાત્ સૌભાગ્યં વર્ધતે મમ ॥**

હે સહજાનંદ શ્રીહરિ! હે પુરુષોત્તમ! કૃપા કરીને ઊઠો. હે અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુ! કૃપા કરીને ઊઠો. મારી પૂજા સ્વીકારવા માટે મારા આત્મામાંથી પધારો. આપના દિવ્ય સાંનિધ્ય અને દર્શનથી મારું સૌભાગ્ય વધે છે.

**પુનરાગમન મંત્ર :**

**ભક્ત્યૈવ દિવ્યભાવેન પૂજા તે સમનુષ્ઠિતા ।**
**ગચ્છાથ ત્વં મદાત્માનમ્ અક્ષરપુરુષોત્તમ ॥**

હે અક્ષરબ્રહ્મ સહિત બિરાજમાન પુરુષોત્તમ નારાયણ! આપની પૂજા ભક્તિભાવથી અને દિવ્યભાવથી જ મેં સંપન્ન કરી છે. હવે આપ મારા આત્માને વિષે વિરાજિત થાઓ.

■ **જમતાં પહેલાં બોલવાનો શ્લોક**

**શ્રીમદ્સદ્‌ગુણશાલિનંચિદચિદ્‌વ્યાપ્તંચદિવ્યાકૃતિં**
**જીવેશાક્ષર-મુક્ત-કોટિ-સુખદંનૈકાવતારાધિપમ્।**
**જ્ઞેયં શ્રીપુરુષોત્તમં મુનિવરૈ ર્વેદાદિકીર્ત્યં વિભું**
**તન્મૂલાક્ષરયુક્તમેવ સહજાનન્દં ચ વન્દે સદા॥**

(શોભાયમાન, સદ્‌ગુણોથી યુક્ત, જડચેતનમાં વ્યાપ્ત, દિવ્ય આકૃતિવાળા, કરોડો જીવોને, ઈશ્વરોને તથા અક્ષરમુક્તોને સુખ આપનારા, સર્વાવતારી, મુનિશ્રેષ્ઠોને પણ જાણવા યોગ્ય, વેદો વગેરેને પણ સ્તુતિ કરવા યોગ્ય, સર્વાધિક સામર્થ્યવાળા અને મૂળ અક્ષરમૂર્તિ (શ્રી ગુણાતીતાનંદ સ્વામી) સહિત જ એવા પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીને હું સદાય વંદન કરું છું.)

**ૐ સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ,**
**સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિનાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥**

(હે પરમાત્મા ! આપ અમારા બંનેનું (ગુરુ-શિષ્યનું) સાથે રક્ષણ કરો અને પોષણ કરો. અમે બંને સાથે શક્તિ પ્રાપ્ત કરીએ. અમારા બંનેનું અધ્યયન તેજસ્વી બનો અને અમે બંને પરસ્પર દ્વેષ ન કરીએ.)

■ **રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના**

હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.

■ **રોજ રાત્રે સૂતાં પહેલાં કરવાની પ્રાર્થના**

હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! આખા દિવસમાં જાણે અજાણે મારાથી ભૂલ થઈ હોય તે માફ કરજો. ફરી ભૂલ ન થાય તેવી પ્રેરણા આપજો અને સવારે મને વહેલો ઉઠાડજો. આવતી કાલે આપને વિશેષ રાજી કરી શકું તેવી શક્તિ આપજો.

# ૩૮. વિશેષ મુખપાઠ

■ **અષ્ટક**

**ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્તુતિ**

અન્તર્યામિ પરાત્પરં હિતકરં, સર્વોપરી શ્રીહરિ,
સાકારં પરબ્રહ્મ સર્વશરણમ્, કર્તા દયાસાગરમ્ ॥
આરાધ્યં મમ ઇષ્ટદેવ પ્રકટં, સર્વાવતારી પ્રભુ,
વન્દે દુ:ખહરં સદા સુખકરં શ્રીસ્વામિનારાયણમ્ ॥

**ગુણાતીતાનંદ સ્વામી મહારાજ સ્તુતિ**

સાક્ષાદ્ અક્ષરધામ દિવ્ય પરમં સેવારતં મૂર્તિમાન્,
સર્વાધાર સદા સ્વરોમ-વિવરે બ્રહ્માંડ-કોટી-ધરમ્ ॥
ભક્તિ ધ્યાન કથા સદૈવ કરણં, બ્રહ્મસ્થિતિદાયકમ્,
વન્દે અક્ષરબ્રહ્મ પાદકમલં ગુણાતીતાનન્દનમ્ ॥

**ભગતજી મહારાજ સ્તુતિ**

શ્રીમન્ નિર્ગુણ મૂર્તિ સુંદર તનુ, અધ્યાત્મ-વાર્તારતમ્,
દેહાતીત દશા અખંડ-ભજનં, શાન્તં ક્ષમાસાગરમ્ ॥
આજ્ઞા-પાલન-તત્પરં ગુણગ્રહી, નિર્દોષમૂર્તિ સ્વયમ્,
વન્દે પ્રાગજીભક્ત-પાદકમલં, બ્રહ્મસ્વરૂપં ગુરુમ્ ॥

**શાસ્ત્રીજી મહારાજ સ્તુતિ**

શુદ્ધોપાસન મન્દિરં સુરચનમ્, સિદ્ધાન્ત-રક્ષાપરમ્,
સંસ્થા-સ્થાપન દિવ્ય-કાર્યકરણં સેવામયં જીવનમ્ ॥
નિષ્ઠા નિર્ભયતા સુકષ્ટસહનં, ધૈર્યં ક્ષમાધારણમ્,
શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ-ચરણં, વન્દે પ્રતાપી ગુરુમ્ ॥

**યોગીજી મહારાજ સ્તુતિ**

વાણી અમૃતપૂર્ણ હર્ષકરણી, સંજીવની માધુરી,
દિવ્યં દૃષ્ટિપ્રદાન દિવ્ય હસનં, દિવ્યં શુભં કીર્તનમ્ ॥
બ્રહ્માનંદ પ્રસન્ન સ્નેહરસિતં, દિવ્યં કૃપાવર્ષણમ્,
યોગીજી ગુરુ જ્ઞાનજીવન પદે, ભાવે સદા વન્દનમ્ ॥

**પ્રમુખસ્વામી મહારાજ સ્તુતિ**

વિશ્વે વૈદિક ધર્મ મર્મ મહિમા સત્સંગ વિસ્તારકમ્,
વાત્સલ્યં કરુણા અહો જનજને, આકર્ષણમ્ અદ્‌ભુતમ્ ॥
દાસત્વં ગુરુભક્તિ નિત્ય ભજનં, સંવાદિતા સાધુતા,
નારાયણરૂપ સ્વામી પ્રમુખં વન્દે ગુરું મુક્તિદમ્ ॥

**મહંતસ્વામી મહારાજ સ્તુતિ**

દિવ્યં સૌમ્યમુખારવિન્દ સરલં નેત્રે અમીવર્ષણમ્,
નિર્દોષં મહિમામયં સુહૃદયં, શાન્તં સમં નિશ્ચલમ્ ॥
નિર્માનં મૃદુ દિવ્યભાવ સતતં વાણી શુભા નિર્મલા,
વન્દે કેશવજીવનં મમ ગુરું સ્વામી મહન્તં સદા ॥

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

■ **થાળ**

મારે ઘેર આવજો છોગલાં ધારી,
મારે ઘેર આવજો છોગલા ધારી,
લાડુ-જલેબી ને સેવ સુંવાળી,
હું તો ભાવે કરી લાવું છું ધારી... મારે ઘેર... ટેક

સૂરણ પૂરણ ને ભાજી કારેલાં,
પાપડ વડી વઘારી,
વંતાક વાલોળનાં શાક કર્યાં,
મેં તો ચોળાફળી છમકારી... મારે ઘેર... ૧.

કાજુ કમોદના ભાત કર્યા,
મેં તો દાળ કરી બહુ સારી,
લીંબુ કાકડીનાં લેજો અથાણાં,
કઢી કરી છે કાઠિયાવાડી... મારે ઘેર... ૨.

લવિંગ સોપારી ને પાનબીડી વાળી,
તજ એલચી જાવંત્રી સારી,
નિશદિન આવો તો ભાવે કરી ભેટું,
એમ માગે જેરામ બ્રહ્મચારી... મારે ઘેર... ૩.

■ **ધ્યેયમંત્ર અને પૂર્ણાહુતિ શ્લોક**

**ગુણાતીતં ગુરું પ્રાપ્ય બ્રહ્મ રૂપં નિજાત્મનઃ ।**
**વિભાવ્ય દાસભાવેન સ્વામિનારાયણં ભજે ॥**

(ગુણાતીત ગુરુને પ્રાપ્ત કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, દાસભાવે હું સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરું છું.)

**શ્રીહરિં સાક્ષરં સર્વદેવેશ્વરં,**
**ભક્તિધર્માત્મજં દિવ્યરૂપં પરમ્ ।**
**શાંતિદં મુક્તિદં કામદં કારણં,**
**સ્વામિનારાયણં નીલકંઠં ભજે ॥**

(અક્ષરસહિતના શ્રીહરિ, સર્વાવતારી, ભક્તિ-ધર્મના પુત્ર, દિવ્ય સ્વરૂપવાળા, સર્વથી પર, શાંતિ અર્પનાર, મુક્તિ અર્પનાર, કામના (સંકલ્પ) સિદ્ધ કરનાર, સર્વના કારણ એવા નીલકંઠ પ્રભુ સ્વામિનારાયણ ભગવાનને હું ભજું છું.)



# ૩૯. જાણવા જેવું

## ભગવાન શ્રી સ્વામિનારાયણ

૧. **સ્વરૂપ** : પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ, સર્વોપરિ ભગવાન.

૨. **અવતરણ** : તા. ૩/૪/૧૭૮૧, સંવત્ ૧૮૩૭, ચૈત્ર સુદ ૯ (નોમ-રામનવમી), છપૈયા, ઉત્તરપ્રદેશ.
**માતા** : ભક્તિમાતા, **પિતા** : ધર્મદેવ.
**બાળપણનું નામ** : ઘનશ્યામ, **અન્ય નામ** : નીલકંઠ વર્ણી, સરજૂદાસ, નારાયણ મુનિ, સહજાનંદ સ્વામી, શ્રીહરિ, શ્રીજી મહારાજ, હરિકૃષ્ણ મહારાજ વગેરે.

૩. **જન્મહેતુ** : મેરા જો અવતાર હૈ સો તો જીવો કું આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે પુરુષોત્તમ જૈસા જો મૈં વો મનુષ્ય કે જૈસા બન્યા હૂઁ.

૪. **દિવ્ય બાળપણ** : અનેક ચમત્કારો. ૭ વર્ષની ઉંમરે તમામ શાસ્ત્રોમાં પારંગત થયા.

૫. **કલ્યાણમય વનવિચરણ** : ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી કઠોર તપ કર્યું. ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ ભારતભરમાં વિચરણ કરી, લાખો મુમુક્ષુઓનું કલ્યાણ કર્યું.

૬. **૨૧ વર્ષે સ્વામિનારાયણ સંપ્રદાયનું સ્થાપન.**

૭. **મંદિરો** : ભક્તે સહિત ભગવાનની શુદ્ધ ઉપાસના દૃઢ કરાવવા ૬ શિખરબદ્ધ મંદિરો બાંધ્યાં. (અમદાવાદ, ભૂજ, વરતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા.)

૮. **શાસ્ત્રો** : વચનામૃત અને શિક્ષાપત્રી ગ્રંથો આપ્યા.

૯. **પરમહંસો** : ૩,૦૦૦ થી વધુ સંતોને દીક્ષા આપી.

૧૦. **બે વરદાન** : (૧) ભક્તને વીંછી કરડવાનું દુઃખ થવાનું હોય, તો તે મને થાય, પણ ભક્તને ન થાય. (૨) ભક્તના ભાગ્યમાં રામપાતર (ભિક્ષા માંગવાનું) લખ્યું હોય, તો તે મને મળે. પણ ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી ન થાય.

૧૧. **'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો.**

૧૨. **લાખો મનુષ્યોનું નિયમન** : હજારો સંતો અને લાખો ભક્તો એમની આજ્ઞામાં વર્તતા હતા.

૧૩. **સમાધિ અને બ્રહ્મસ્થિતિ** : અષ્ટાંગયોગ વિના સમાધિ કરાવી. અનેકને બ્રહ્મસ્થિતિ કરાવી.

૧૪. **અંતકાળે અક્ષરધામ** : ભક્તોને મૃત્યુ સમયે દર્શન દઈ અક્ષરધામમાં લઈ જવાનું વરદાન પાળ્યું.

૧૫. **સમાજસેવાઓ** : સતી પ્રથા બંધ, દૂધપીતી પ્રથા બંધ, કૂવા-વાવ સર્જન, અંધશ્રદ્ધા મુક્તિ, દલિત ઉદ્ધાર,



BAPS

અહિંસક યજ્ઞો, સદાવ્રતો, જીવન પરિવર્તન, જીવનશુદ્ધિ, વ્યસનમુક્તિ, અક્ષરજ્ઞાન... વગેરે.

**૧૬. ધામગમન :** તા. ૧/૬/૧૮૩૦, સંવત્ ૧૮૮૬, જેઠ સુદ ૧૦ (દશમ), ગઢડા, ૪૯ વર્ષની વયે.

**૧૭. ગુણાતીત ગુરુપરંપરા દ્વારા પ્રાગટ્ય :** હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ દ્વારા પ્રગટ.

## મહંતસ્વામી મહારાજ

**૧. સ્વરૂપ :** અક્ષરબ્રહ્મ, ગુણાતીત સત્પુરુષ, પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી, ભગવાનનું સ્વરૂપ, મોક્ષનું દ્વાર.

**૨. જન્મ :** તા. ૧૩-૯-૧૯૩૩, વિક્રમ સંવત ૧૯૮૯, ભાદરવા વદ-૯, જબલપુર, રાજ્ય - મધ્યપ્રદેશ. (મૂળ વતન - આણંદ)

**૩. માતાનું નામ :** ડાહીબહેન, **પિતાનું નામ :** મણીભાઈ **બાળપણનું નામ :** વિનુભાઈ. બાળપણમાં તેઓ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ પામ્યા હતા.

**૪. દીક્ષા :**

- ૨૫ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વચને ગૃહત્યાગ કરી પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી. (ગોંડલ)
- **પાર્ષદી દીક્ષાનું નામ :** વિનુ ભગત
- ૨૮ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ભાગવતી દીક્ષા આપી. (ગઢડા)
- **ભાગવતી દીક્ષાનું નામ :** સાધુ કેશવજીવનદાસ.

**૫. અભ્યાસ અને સંતોના મહંત :** દીક્ષા બાદ મુંબઈમાં તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે તેમને ૫૦ સંતોમાં મુખ્ય તરીકે નીમ્યા. ત્યારથી તેઓ 'મહંતસ્વામી'ના નામે ઓળખાતા થયા.

**૬. જીવન-સાધુતા :**

- સુશિક્ષિત સંતોમાં પ્રથમ દીક્ષા લેનાર
- પંચવર્તમાનમાં દૃઢ
- શાસ્ત્રોમાં વર્ણવેલ સંતના તમામ સદ્‌ગુણોથી યુક્ત
- પરાભક્તિ અને ગુરુભક્તિ : પ્રત્યેક કાર્યનો યશ ભગવાન અને ગુરુને ચરણે ધરે છે.

**૭. કાર્ય :**

- બાળ-યુવા-સત્સંગ પ્રવૃત્તિને દિશાદર્શન
- ભવ્ય મહોત્સવોમાં સુશોભન સેવાઓ
- અક્ષરધામ અને અન્ય આંતરરાષ્ટ્રીય આયોજનોમાં માર્ગદર્શન
- સત્સંગ માટે સતત વિચરણ-ભીડો.

**૮. ગુરુપદે :** ૮૩ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી તરીકે ગુરુપદે બિરાજ્યા.

**૯. જીવનભાવના :** ઊંચ-નીચ, ગરીબ-તવંગર, નાત-જાત કે ધર્મના ભેદ સિવના સૌની સેવા - સૌનું કલ્યાણ, સંપ-સુહૃદભાવ-એકતા, દિવ્યભાવ, મહિમા, દાસભાવ વગેરે.

**૧૦. અન્ય :**

- તેઓની ઉપસ્થિતિમાં સૌને પરમશાંતિનો અનુભવ થાય છે. બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલ કે અભણ, દેશના કે વિદેશના સૌને પરમાત્માને મળ્યાનો આનંદ અનુભવાય છે.
- સૌ કોઈ એમના સાંનિધ્યમાં આધ્યાત્મિક પ્રગતિ કરે છે.

## બી.એ.પી.એસ. સંસ્થા

**૧. આખું નામ :** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા. (બી.એ.પી.એસ.)

**૨. ટૂંકો પરિચય :** સનાતન હિંદુ વૈદિક તત્ત્વજ્ઞાન અને જીવનશૈલીના અનુસરણ સાથે નિઃસ્વાર્થભાવે સૌનું કલ્યાણ કરતી આધ્યાત્મિક-સામાજિક સંસ્થા.

**૩. સ્થાપના :** સને ૧૯૦૭, બોચાસણ.

**૪. સ્થાપક :** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ.

**૫. સૂત્રધાર :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ.

**૬. મુખ્ય સિદ્ધાંત :** અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.

**૭. પાયાની સમજણ :** ભગવાન સ્વામિનારાયણ સર્વોપરિ ભગવાન. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર. પ્રગટ સત્પુરુષ મહંતસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર.

**૮. હેતુ :** ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેલ વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન સાથે સમાજનો સર્વાંગી ઉત્કર્ષ. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોનું જતન અને સંવર્ધન.

**૯. મુખ્ય શાસ્ત્રો :** વચનામૃત, શિક્ષાપત્રી, સ્વામીની વાતો.

**૧૦.** ૩,૮૫૦ આંતરરાષ્ટ્રીય **કેન્દ્રો**.
૧૬,૦૦૦ અઠવાડિક બાળ, યુવા, સત્સંગ તથા મહિલા **સભાઓ**.

**૧૧.** દેશ-વિદેશમાં ૧૦ લાખથી વધુ **હરિભક્તો**.

**૧૨.** ૧,૦૦૦ થી વધુ સ્ત્રી-ધનના ત્યાગી સુશિક્ષિત **સંતો**.

**૧૩.** ૧,૧૦૦ થી વધુ મંદિરો. ગાંધીનગર, દિલ્હી અને રોબિન્સવીલ (અમેરિકા)માં સ્વામિનારાયણ **અક્ષરધામ**.

**૧૪.** અનેક પ્રકારની આંતરરાષ્ટ્રીય **સેવા પ્રવૃત્તિઓ :**

- દવાખાનાં-હોસ્પિટલો દ્વારા લાખો દર્દીઓની આરોગ્ય સેવા.
- શાળા - કોલેજ - છાત્રાલયો - શિષ્યવૃત્તિ દ્વારા લાખો વિદ્યાર્થીઓની શિક્ષણ સેવા.
- દુષ્કાળ - પૂર હોનારત - વાવાઝોડું - ભૂકંપ વગેરે આપત્તિઓમાં પીડિતોની સેવા.
- આદિવાસીઓના સર્વાંગી ઉત્કર્ષની સેવા.
- પર્યાવરણ જાગૃતિ, વાલી જાગૃતિ, શિક્ષક જ્યોતિ, મહિલા ઉત્કર્ષ, વ્યસનમુક્તિ, સાક્ષરતા અભિયાન, દહેજનાબૂદી, જળસંચય અભિયાન, નર્મદા યોજના જાગૃતિ... વગેરે.

**૧૫. આધ્યાત્મિક પ્રવૃત્તિઓ :** બાળ-યુવા-વડીલ-મહિલા સત્સંગ પ્રવૃત્તિઓ દ્વારા સૌમાં આધ્યાત્મિક ગુણોનો વિકાસ.

**૧૬.** અનેકવાર **ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ**માં સ્થાન. **યુનો દ્વારા માન્યતા**.

## ભગવાન ભજી લેવા

એક વાર એક શિક્ષક ગંગા નદીની યાત્રા કરવા નીકળ્યા. નાવમાં શિક્ષક અને નાવિક બે જ હતા. યાત્રાની શરૂઆત થતાં જ શિક્ષકે પૂછ્યું, 'એ નાવિક ! તને વિજ્ઞાન વિશે કે રાજકારણ વિશે કાંઈ ખ્યાલ છે ?' નાવિક બિચારો શું કહે ? તેણે ના પાડી. શિક્ષક કહે, '૨૧મી સદીમાં વિજ્ઞાન વિશે જાણતો નથી ? તારી અડધી જિંદગી પાણીમાં ગઈ.' નાવિક શરમાઈ ગયો.

એવામાં અચાનક ભયંકર વાવાઝોડું ફૂંકાયું. નાવ હાલક-ડોલક થવા લાગી. નાવિકે કહ્યું, 'સાહેબ ! તરતાં આવડે છે ?' શિક્ષકે કહ્યું, 'ના.' નાવિક કહે, 'તો સાહેબ, હવે તમારી આખી જિંદગી પાણીમાં જશે. મને ભલે વિજ્ઞાન, રાજકારણ, રમત-ગમત વગેરે આવડતું ન હોય, પણ તરતાં આવડે છે. છેલ્લા રામરામ...' અને નાવિક નદીમાં કૂદી પડ્યો.

મિત્રો ! આ દૃષ્ટાંત ખૂબ જ ઊંડો બોધ આપી જાય છે. આપણને આખી દુનિયાનું બધું જ્ઞાન હોય, પણ ભગવાન કે જે જીવનનું અંતિમ ધ્યેય છે, તેનું જ્ઞાન ન હોય, તો શિક્ષકની જેમ આપણી પણ આખી જિંદગી પાણીમાં જ ગઈ કહેવાય.

વેદના વિભાગ કરનાર, બ્રહ્મસૂત્ર અને ૧૮ પુરાણોની રચના કરનાર, મહા બુદ્ધિશાળી, જ્ઞાની, ભગવાનના અવતાર સમા મુનિ વેદવ્યાસ એટલે જ કહે છે કે,

**આલોડ્ય સર્વશાસ્ત્રાણિ**
**વિચાર્ય ચ પુનઃ પુનઃ ।**
**ઈદમ્ એકં સુનિષ્પન્નં**
**ધ્યેયો નારાયણો હરિઃ ॥**

એટલે કે બધાં જ શાસ્ત્રોનો સાર એક જ છે કે જીવનનું ધ્યેય ભગવાન છે. તેથી જ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ વારંવાર કહેતા કે ભગવાન ભજી લેવા... હા મિત્રો ! આ જરાય ખોટી વાત નથી. આ કોઈ વેવલાવેડા નથી. આ અનુભવસિદ્ધ વાત છે. જરા વિશ્વનો ઈતિહાસ તપાસી જુઓ.

અડધી દુનિયાનો રાજા બનનાર સમ્રાટ નેપોલિયન કહે છે, 'મેં સુખના ૬ દિવસો જોયા નથી.' મહાન શિલ્પકાર અને ચિત્રકાર માઇકલ એન્જેલો કહે છે, 'મને પસ્તાવો થાય છે કે મેં આત્મકલ્યાણ માટે કાંઈ ન કર્યું.' આથી વિરુદ્ધ નરસિંહ મહેતા, મીરાંબાઈ, ૫૦૦ પરમહંસો, ગુણાતીત ગુરુપરંપરા... પાસે સ્ત્રી-ધન-સત્તા વગેરેમાંથી કાંઈ ન હતું, છતાં તેઓ અત્યંત સુખી હતા.

આનો અર્થ એવો નથી કે પૈસા ન જ કમાવા. સત્તા ન જ મેળવવી... બધું જ કરવું પણ શાસ્ત્રની મર્યાદા મુજબ. ધર્મની આજ્ઞા મુજબ. હંમેશાં યાદ રાખીએ ભગવાનને ભૂલીને થતું દરેક કાર્ય એકડા વિનાનાં મીંડા જેવું છે. નિરર્થક, હાસ્યાસ્પદ, પસ્તાવાજનક અને દુઃખજનક છે...

તો ચાલો મિત્રો ! જાગ્યા ત્યારથી સવાર. જીવનના અંતે આપણે કોઈએ પસ્તાવું ન પડે. ભગવાન ભજી લઈ આપણે આ લોકમાં અને પરલોકમાં મહાસુખિયા થઈએ. અંતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું એક સૂત્ર પણ યાદ કરી લઈએ, 'શ્રદ્ધા અને ભક્તિ જીવનમાં દૃઢ કરો...' જય સ્વામિનારાયણ.



BAPS




# ૪૦. BAPS સંસ્થા : એક અજોડ સંસ્થા

આપણી BAPS સંસ્થાનું આખું નામ છે : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા. આ **આંતરરાષ્ટ્રીય સંસ્થા** જે કોઈ ક્ષેત્રમાં કાર્ય કરે છે, ચમત્કારો સર્જાય છે.

■ **<u>BAPS સંસ્થાની વિશેષતાઓ</u>**

- **UNO દ્વારા માન્યતા.**
- **૬ વાર ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન.** (૧. વિશ્વનું સૌથી મોટું હિંદુ મંદિર : દિલ્હી અક્ષરધામ, ૨ અને ૩. વિશ્વમાં સૌથી વધુ મંદિરો બાંધનાર : પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ, ૪. વિશ્વનો સૌથી મોટો અન્નકૂટ (લંડન), ૫. પશ્ચિમમાં વિશ્વનું સૌથી મોટું હિંદુ મંદિર (લંડન), ૬. સદીના સૌથી પ્રભાવશાળી ૨૦ વ્યક્તિઓમાં એક : પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ)
- **બાળકો દ્વારા** ૭ લાખથી વધુ લોકોને **વ્યસનમુક્ત** કરવાનો રેકોર્ડ.
- સંસ્થાની **બાળપ્રવૃત્તિને** ભારત અને ગુજરાત સરકાર દ્વારા 'શ્રેષ્ઠ બાળપ્રવૃત્તિ'ના **એવોર્ડ** તથા ઈંગ્લેંડનો 'ક્વિન્સ' એવોર્ડ.
- ભૂજ ભૂકંપ, ઓરિસ્સા વાવાઝોડું, દક્ષિણ ભારત સુનામી, દુષ્કાળ વગેરે **રાહત કાર્યોમાં** ભારત કક્ષાએ **શ્રેષ્ઠ કાર્ય**. તથા વિદેશોમાં પણ અનેક રાહત કાર્યો. (સંસ્થાનાં રાહત કાર્યોની UK અને USની પાર્લમેન્ટ સુધી નોંધ લેવાઈ છે.)
- **શિક્ષણ** અને **આરોગ્ય** સેવાઓમાં અગ્રેસર.
- સંસ્થાની **ગૌશાળા** અને **વાડી**ને ભારત કક્ષાના પુરસ્કારો.
- વિશ્વભરમાં ભારતીય **સાંસ્કૃતિક મહોત્સવો** કરવામાં જ્વલંત સફળતા.
- આદિવાસી ઉત્કર્ષ, મહિલા ઉત્થાન, પર્યાવરણ જાગૃતિ, વાલી જાગૃતિ, શિક્ષક જ્યોતિ, સાક્ષરતા અભિયાન, દહેજ નાબૂદી, જળસંચય અભિયાન, નર્મદાયોજના જાગૃતિ વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન.
- **અનેક સેવાપ્રવૃત્તિઓ** દ્વારા BAPS સંસ્થા સમાજકલ્યાણના પ્રત્યેક ક્ષેત્રે આદર્શરૂપ બની છે. અને લોકોના હૈયામાં સ્થાન પામી છે.

■ **<u>વિશેષતાઓનું રહસ્ય</u>**

- સને ૧૯૯૫. **લંડન મંદિર**ના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રખ્યાત ઉદ્યોગપતિ **શ્રીચંદ હિંદુજા** મંદિરની મુલાકાતે આવ્યા હતા.

(વધુ માટે વાંચો પેજ નં. - ૮૮)

# દેશ-વિદેશમાં BAPS સ્વામિનારાયણ

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું હતું કે પાંદડે-પાંદડે સત્સંગ થશે. એટલે કે સમગ્ર વિશ્વમાં સ્વામિનારાયણનો સત્સંગ ફેલાશે. આ સંકલ્પો આજે સત્ય થતા જાય છે. ચાલો, વિશ્વમાં આપણી સંસ્થાનાં અગ્રેસર મંદિરો અને કેન્દ્રો ક્યાં-ક્યાં છે, તે જાણીએ.




શિકાગો મંદિર

અક્ષરધામ રોબિન્સવિલ
ન્યુજર્સી, અમેરિકા

આરોગ્ય સેવાઓ

નૈરોબી મંદિર

શૈક્ષણિક સેવાઓ

પર્યાવરણ સેવાઓ

સામાજિક સેવાઓ




BAPS

# સંસ્થા

આ ફક્ત સંદર્ભ-નકશો છે. દેશોની સીમાઓની નિશ્ચિતતા ગૌણ છે.

## ■ BAPS સંસ્થાની કેટલીક વિગતો

- ૫૨ દેશોમાં
- ૩,૮૫૦ આંતરરાષ્ટ્રીય કેન્દ્રો. ૧૬,૦૦૦ અઠવાડિક બાળ, યુવા, સત્સંગ તથા મહિલા સભાઓ.
- ૧,૧૦૦ થી વધુ મંદિરો, ૨ અક્ષરધામ
- ૧,૦૦૦ થી વધુ સુશિક્ષિત સંતો
- ૫૫,૦૦૦ સ્વયંસેવકો
- લાખો હરિભક્તો
- અનેક સમાજ સેવાની પ્રવૃત્તિઓ
- ૮,૦૦૦ બાળ-બાલિકા સભા (દર અઠવાડિયે)






સાંસ્કૃતિક સેવાઓ



આધ્યાત્મિક સેવાઓ

બાળમિત્રો ! આપણા ભગવાન સર્વોપરી, આપણો સિદ્ધાંત સર્વોપરી, આપણા ગુરુ સર્વોપરી અને આપણી સંસ્થા પણ બધાં ક્ષેત્રોમાં અગ્રેસર. આ આપણાં બહુ મોટાં ભાગ્ય છે !!

**હવેલી** બતાવતા સમયે માર્ગદર્શન કરનાર સંત કહે, 'આ હવેલી **પિલરલેસ** (સ્તંભો વિનાની) છે.' શ્રીચંદ હિંદુજા કહે, 'ના. આમ તેમાં પિલર દેખાતા નથી, પરંતુ આ હવેલી બનાવવા પાછળ સમર્પણ કરનાર **૨૫,૦૦૦ ભક્તો આના અદૃશ્ય પિલર** છે.'

- હા, BAPS સંસ્થાએ મેળવેલ **સિદ્ધિઓનું રહસ્ય** છે : સંસ્થામાં જોડાયેલા **ચૈતન્ય મંદિરો સમા સંતો** અને હરિ**ભક્તો**.
- ૧,૦૦૦થી વધુ સંતો, ૫૫,૦૦૦થી વધુ સ્વયં સેવકો અને ૧૦,૦૦,૦૦૦ હરિભક્તો સંસ્થામાં નિઃસ્વાર્થ સમર્પણ ભાવનાથી જોડાયેલા છે.
- આત્મા અને પરમાત્માનું જ્ઞાન, પ્રામાણિકતા, નિયમપાલન, સંપ, સંયમ વગેરે સદ્ગુણો દૃઢાવતી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થામાં સાચા **મનુષ્યનું નિર્માણ** થાય છે. અને તેથી જ દરેક કાર્ય શોભી ઊઠે છે.
- **અક્ષર અને પુરુષોત્તમના સનાતન વૈદિક સિદ્ધાંતને વરેલા** સંસ્થાના **સંતો-ભક્તો ભગવાન અને ગુરુમાં અનહદ શ્રદ્ધા** ધરાવે છે. અને તેથી જ સામાન્ય વ્યક્તિ પણ **અસામાન્ય યોગદાન** આપી શકે છે.

■ **વિશેષતાઓનું પરમ રહસ્ય**

- સને ૧૯૮૫. **રાષ્ટ્રપતિ જ્ઞાની જૈલસિંઘ** સંસ્થા દ્વારા યોજાયેલ 'ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ'માં આવ્યા હતા. નગર જોઈ તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. 'આ બધું **સંતો-ભક્તોએ કર્યું** છે.' એવું પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, ત્યારે તેઓ બોલ્યા હતા, 'ના. **સંતો-ભક્તો તો બલ્બ છે. કરંટ તમે છો.**'
- આ રીતે BAPS **સંસ્થાનો પ્રાણ** હાલ ભગવાનના અખંડ ધારક ગુણાતીત સત્પુરુષ પ્રગટ બ્રહ્મસ્વરૂપ **મહંતસ્વામી મહારાજ** છે.
- આવા પવિત્ર સંત દ્વારા **ભગવાન કાર્ય કરે છે**.
- ખરેખર, BAPS સંસ્થા ખૂબ જ વિશિષ્ટ સમાજસેવી આધ્યાત્મિક સંસ્થા છે. એમાં ભક્ત તરીકે જોડાયા, એ આપણું **મોટામાં મોટું ભાગ્ય** અને જીવનની **સૌથી મોટી સિદ્ધિ** છે.







## આદર્શ બાળકની

# દિનચર્યા

બાળમિત્રો! આપણે સૌ મહારાજ-સ્વામીના આદર્શ બાળકો છીએ. આપણો જન્મ એમને રાજી કરવા થયો છે. આપણી દિનચર્યા એવી હોવી જોઈએ કે મહારાજ-સ્વામી રાજી થઈ જાય અને સૌ પ્રેરણા લે, 'વાહ! સત્સંગી બાળકો કેવા સંસ્કારી છે!' નીચે જણાવેલી દિનચર્યા સાથે તમારી દિનચર્યા સરખાવો.


પ્રાર્થના સાથે જાગવું


પૂજા


પંચાંગ પ્રણામ


ભોજન પહેલાં શ્લોક


નિયમિત અભ્યાસ


બાળસભા


આરતી-અષ્ટક


સત્સંગ વાંચન - ઘરસભા




## આજ્ઞા

૧. કંઠી
૨. પૂજા-પંચાંગ
૩. બાળસભા-ઘરસભા
૪. આરતી અષ્ટક
૫. આહારશુદ્ધિ
૬. વાંચન-પરીક્ષા
૭. કુસંગ ત્યાગ
૮. સારો અભ્યાસ


## ઉપાસના

૧. ગુણાતીતાનંદ મૂળ અક્ષર
૨. સહજાનંદ એક પરમેશ્વર
૩. પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર
૪. BAPS અસ્મિતા

# આજીવન સત્સંગ

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજના

# આશીર્વાદ



## ॥ આજીવન સત્સંગ ॥

સત્સંગ પરીક્ષાથી સત્સંગની દૃઢતા થશે. સત્સંગ કાયમ ટકી રહે
તેવો પાયો દૃઢ થશે. માટે સર્વે બાળકોએ અવશ્ય લાભ લેવો.

(સત્સંગ પરીક્ષાથી સત્સંગની દૃઢતા થશે. સત્સંગ કાયમ ટકી રહે
તેવો પાયો દૃઢ થશે. માટે સર્વે બાળકોએ અવશ્ય લાભ લેવો.)

શા. નારાયણસ્વરૂપદાસના
જય સ્વામિનારાયણ

સત્સંગ પરીક્ષાનું ફળ અક્ષરધામ.

સાધુ કેશવજીવનદાસના
જય સ્વામિનારાયણ

Satsang Vihar-2 (Guj.) USD 1.00
1 3 2 4 5
B G 2 4 2
ISBN: 978-81-7526-444-1

BAPS